gujaratvandan.com


નિડર, નિષ્પક્ષ અને વિશ્વસનીય

# ગુજરાત વંદન

સાપ્તાહિક

રવિવાર, 16 જુલાઈ, 2023

અષાઢ વદ-14, વિક્રમ સંવત 2079 | કિંમત : રૂા. 5 | વાર્ષિક : રૂા. 260 | વર્ષ : 07 | અંક : 10 | RNI No. GUJGUJ/2016/68288 | કુલ પાનાં : 12



માનુષી છિલ્લરે ડેબ્યૂ ફિલ્મ સમ્રાટ પૃથ્વીરાજના ફ્લોપ પર પ્રતિક્રિયા આપી

પેજ 11

**સુવિચાર**

પવન અને માણસમાં એક ગજબની સમાનતા છે, ક્યારે ફરી જાય કંઈ ખબર જ ના પડે...!

## હરિયાણાના હથિનીકુંડમાંથી બધુ જ પાણી ઈરાદાપુર્વક દિલ્હી તરફ છોડવામાં આવ્યું: 'આપ'નો આક્ષેપ

## પૂરના પાણી મુદ્દે આક્ષેપ-પ્રતિઆક્ષેપ

# દેશની રાજધાની પાની...પાની...!

■ દિલ્હીમાં ગાંધીજીની સમાધિ, લાલ કિલ્લો અને સુપ્રીમ કોર્ટ સુધી પહોચ્યા યમુનાના પાણી, લોકો ત્રાહિમામ

ગુજરાત | વંદન


શું ઈતિહાસનું પુનરાવર્તન થઈ રહ્યું છે આ સવાલ દેશની રાજધાની દિલ્હીના સંદર્ભમાં ચર્ચાઈ રહ્યો છે, કેમકે, વર્ષો પહેલા યમુના નદી લાલકિલા થઈને વહેતી હતી. વર્ષો બાદ આજે યમુના નદીનો પાણી ફરી એક વાર લાલકિલ્લા અને ગાંધીજીની સમાધી રાજઘાટ સહિત સુપ્રિમ કોર્ટ સુધી પહોંચી ગયું છે અને દેશની રાજધાની હાલમાં પાણી-પાણી થઈ ગઈ છે. અત્ર-તત્ર સર્વત્ર યમુનાના નીર દિલ્હીના સડ઼કો પર દોડી રહ્યું છે અને તેનાથી બચવા ગરીબો ઝુંપડાવાસિઓ દોડી રહ્યાં છે. દરમ્યાન દિલ્હી સરકારના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ અને તેમની પાર્ટી 'આપ' દ્વારા એવો દાવો કરવામાં આવ્યો છે કે, આ જાણીબુઝીને કરવામાં આવ્યું છે હરિયાણાના હથિનીકુંડ જળાશયમાંથી માત્રને માત્ર દિલ્હીતરફ જ પાણીનો જત્થો છોડવામાં આવ્યો તો બીજી તરફ યમુના નદીમાં પાણીનો સ્તર વધતા યમુનાના પાણી ...અનુસંધાન પાના નં. 06



### સેનાની મદદ લેવામાં આવી

દિલ્હીમાં છેલ્લા ઘણા દિવસોથી યમુના નદી પૂરના કારણે હાહાકારની સ્થિતિ છે. યમુનાનું પાણી શહેરની અંદર પ્રવેશવા લાગ્યું અને ઘણા વિસ્તારો ડૂબી ગયા. આ દરમિયાન એક મોટી બેદરકારી સામે આવી કે જ્યારે યમુનામાંથી પાણી કાઢવાની સૌથી વધુ જરૂર હતી ત્યારે ITO પાસે બનેલા બેરેજના પાંચ દરવાજા જરા પણ ખોલી શકાયા ન હતા અને હવે નેવી અને એરફોર્સની મદદથી આ દરવાજા ખોલવાની કામગીરી હાથ ધરાઈ છે. ભારતીય સેના પહેલાથી જ બેરેજના દરવાજા ખોલવામાં વ્યસ્ત છે અને શુક્રવારે (14 જુલાઈ) સાંજે એક ગેટ ખોલવામાં સફળ રહી હતી.






### 'હથિનીકુંડને અમે અમારા નિયંત્રમમાં લઈશું-કેજરીવાલ

કેજરીવાલે ITO બેરેજની મુલાકાત લીધી, જ્યાં 32 માંથી પાંચ દરવાજા જામ થઈ ગયા હતા, જેના કારણે દિલ્હીથી પાણીનો પ્રવાહ અવરોધાયો હતો. કેજરીવાલે કહ્યું હતું કે, બેરેજની જાળવણીની જવાબદારી હરિયાણા સરકારની છે. અમે ચોક્કસપણે બેરેજ પર નિયંત્રણ મેળવવાની પ્રક્રિયા શરૂ કરીશું. જોકે, તેમણે કહ્યું કે આ આરોપોનો સમય નથી.

### દિલ્હીની સ્થિતિ માટે કેજરીવાલ જવાબદાર: ભાજપ

દિલ્હી બીજેપીના પ્રદેશ અધ્યક્ષ વીરેન્દ્ર સચદેવાએ આરોપ લગાવ્યો કે દિલ્હી સરકાર પોતાની જવાબદારીથી બચવા માટે અવારનવાર કેન્દ્ર પર આરોપ લગાવે છે. દિલ્હીમાં પૂર તે યમુના અને ગટરની સમયસર સફાઈ ન કરવાનું પરિણામ છે. જો સિંચાઈ વિભાગ, જાહેર બાંધકામ વિભાગ અને દિલ્હી જલ બોર્ડે સમયસર કાર્યવાહી કરી હોત તો આ સ્થિતિ સર્જાઈ ન હોત.

### નવી પેઢી...સેલ્ફી...પહેલી વાર દિલ્હીમાં આટલું પાણી: પ્રતિક્રિયા



દિલ્હીનો મોટો હિસ્સો પાણીમાં ડૂબી ગયો છે. ઘણા વર્ષો પછી દિલ્હીમાં પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. અનેક લોકો બેઘર બન્યા છે અને અનેક બજારોમાં પાણી ભરાઈ ગયા છે. યુવાનોના મનપસંદ મોનેસ્ટ્રી માર્કેટ, યમુના બજાર, ચાંદગીરામ અખાડા, જૂના હનુમાન મંદિર અને લાલ કિલ્લાની પાછળની બાજુ પણ પાણીમાં ગરકાવ થઈ ગઈ છે. પાણી એટલું બધું છે કે આખી કાર ડૂબી ગઈ છે. સ્વાભાવિક છે કે આ વિસ્તારોમાં રહેતા લોકો જ નહીં પરંતુ દિલ્હી યુનિવર્સિટીમાં ભણવા જતા વિદ્યાર્થીઓ અને જેનું શોપિંગ સેન્ટર મોનેસ્ટ્રી માર્કેટ છે તેઓ પણ ચિંતિત છે. ઘણા યુવાનોએ આવો પૂર પહેલીવાર જોયો છે. દિલ્હીના તમામ યુવાનો પહેલીવાર આવી પૂર જેવી સ્થિતિ જોઈ રહ્યા છે અને તેથી તેઓ પણ વિચારી રહ્યા છે કે રાજધાનીમાં આવું કેવી રીતે થઈ શકે. ઘણા લોકો યમુના અને પાણી ભરેલા વિસ્તારોમાં રોકાઈને સેલ્ફી-ફોટો પણ લઈ રહ્યા છે.

### એક તરફ પૂરના પાણી બીજી તરફ વરસાદની આગાહી

ભારતીય હવામાન વિભાગએ આગામી બે દિવસ માટે દિલ્હીમાં મધ્યમ વરસાદ અને ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ અને ઉત્તર પ્રદેશમાં આગામી પાંચ દિવસ માટે "ભારેથી અતિ ભારે" વરસાદની આગાહી કરી છે. આનાથી તાપમાનમાં વધારો થયો છે. નદીમાં પાણીનું સ્તર વધવાનું જોખમ નિષ્ણાતોનું કહેવું છે કે જો દિલ્હીમાં વધુ વરસાદ પડે તો પાણી ભરાઈ શકે છે અને પાણીના નિકાલમાં સામાન્ય કરતાં વધુ સમય લાગી શકે છે.

## ન્યૂઝ બ્રિફ

### ચિરાગ પાસવાન એનડીએની બેઠકમાં હાજરી આપશે, જેપી નડ્ડાએ મોકલ્યો પત્ર



ચિરાગ પાસવાન એનડીએમાં સામેલ થવાના સમાચારને સમર્થન મળ્યું છે. બીજેપીના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ ચિરાગ પાસવાનને એનડીએની બેઠકમાં ભાગ લેવા અંગે પત્ર લખ્યો છે, પીએમ મોદીની અધ્યક્ષતામાં એનડીએના ઘટકોની બેઠક 18 જુલાઈએ નવી દિલ્હીની હોટેલ અશોકમાં યોજાશે. જેપી નડ્ડાએ આ બેઠક માટે આમંત્રણ મોકલ્યું છે. ચિરાગ પાસવાનને લખેલા પત્રમાં જેપી નડ્ડાએ લોક જનશક્તિ પાર્ટી (રામ વિલાસ)ને રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન (એનડીએ)ના મહત્વના સાથી ગણાવ્યા છે.

### BCCIએ એશિયન ગેમ્સ માટે ટીમ ઇન્ડિયાની કરી જાહેરાત, ગાયકવાડ કેપ્ટન

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે આવતા મહિને ચીનમાં યોજાનારી એશિયન ગેમ્સ માટે ટીમની જાહેરાત કરી છે. આ ગેમ્સ 19 સપ્ટેમ્બરથી 8 ઓક્ટોબર દરમિયાન યોજાશે, જ્યારે T20 ફોર્મેટ ઈવેન્ટ 28 સપ્ટેમ્બરથી 8 ઓક્ટોબર દરમિયાન યોજાશે. IPL 2023માં ચેન્નઈ સુપર કિંગ્સના ઓપનર ખેલાડી ઋતુરાજ ગાયકવાડને મોટી જવાબદારી સોંપવામાં આવી છે.

ભારતીય ક્રિકેટ ટીમ| ઋતુરાજ ગાયકવાડ (c), યશસ્વી જયસ્વાલ, રાહુલ ત્રિપાઠી, તિલક વર્મા, રિંકુ સિંહ, જીતેશ શર્મા (wkt), વોશિંગ્ટન સુંદર, શાહબાઝ અહેમદ, રવિ બિશ્નોઈ, આવેશ ખાન, અર્શદીપ સિંહ, મુકેશ કુમાર, શિવમ માવી, શિવમ દુબે, પ્રભસિમરન સિંહ (wkt),

સ્ટેન્ડ બાય: યશ ઠાકુર, સાંઈ કિશોર, વેંકટેશ અય્યર, દીપક હુડા, સાઈ સુદર્શન

### નરેન્દ્ર સિંહ તોમર મધ્યપ્રદેશમાં બીજેપીના ચૂંટણી સંચાલનની જવાબદારી સંભાળશે



મધ્યપ્રદેશ વિધાનસભા ચૂંટણી માટે ભારતીય જનતા પાર્ટી એ કેન્દ્રીય કૃષિ મંત્રી નરેન્દ્ર સિંહ તોમરને મોટી જવાબદારી સોંપી છે. તોમરને રાજ્ય ચૂંટણી વ્યવસ્થાપન સમિતિના કન્વીનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. નરેન્દ્ર સિંહ તોમર મોદી સરકારમાં કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રી છે. ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ અરુણ સિંહ દ્વારા શનિવારે જારી કરાયેલા પત્રમાં આ માહિતી આપવામાં આવી છે. પત્રમાં જણાવાયું છે કે ભાજપ અધ્યક્ષ જેપી નડ્ડાએ નરેન્દ્ર સિંહ તોમરને મધ્ય પ્રદેશ ચૂંટણી પ્રબંધન સમિતિના કન્વીનર તરીકે નિયુક્ત કર્યા છે અને આ નિમણૂક તાત્કાલિક અસરથી અમલમાં આવશે.

ભારતીય નૌકાદળ પહેલા કરતા વધુ શક્તિશાળી બનશે, 26 નવા રાફેલ ફાઈટર જેટ મળશે

## પીએમ મોદીના ફ્રાન્સ મુલાકાત દરમિયાન રાફેલ ડીલ પર મહોર

ગુજરાત | વંદન



વડા પ્રધાન નરેન્દ્ર મોદીની ફ્રાન્સની બે દિવસીય મુલાકાત દરમિયાન ભારત અને ફ્રાન્સ વચ્ચે મોટા સંરક્ષણ સોદા પર મહોર મારવામાં આવી હતી. ભારત સરકારે શનિવારે આ ડીલ વિષે જાહેરાત કરી હતી. રાફેલ બનાવતી કંપની દસોલ્ટ એવિએશને પણ આ અંગે માહિતી આપી છે. આ અંતર્ગત ભારતીય નૌકાદળને ફ્રાન્સના દસોલ્ટ એવિએશન પાસેથી 26 નવા અદ્યતન રાફેલ ફાઈટર જેટ મળશે, જેને ખાસ કરીને નેવીની જરૂરિયાતો અનુસાર તૈયાર કરવામાં આવશે. વડા પ્રધાન મોદી અને ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન સાથેની બેઠક દરમિયાન આ ડીલ નક્કી કરવામાં આવી હતી. દસોલ્ટ એવિએશનેએ જણાવ્યું કે, "ભારત સરકારે ભારતીય નૌકાદળને નવી પેઢીના ફાઈટર એરક્રાફ્ટથી સજ્જ કરવા નેવી રાફેલની પસંદગીની કરી છે. ભારતીય નૌકાદળના 26 રાફેલ પહેલાથી જ સેવામાં રહેલા 36 રાફેલ સાથે જોડાશે." રક્ષા મંત્રાલયે ગુરુવારે (13 જુલાઈ) ફ્રાન્સ પાસેથી રાફેલ જેટના 26 નેવલ વેરિઅન્ટ્સ અને ત્રણ ફ્રેન્ચ ડિઝાઈનવાળી સ્કોર્પિન ક્લાસ સબમરીન ખરીદવાની દરખાસ્તોને મંજૂરી આપી હતી. દસોલ્ટ એવિએશને વધુમાં જણાવ્યું હતું કે, આ નિર્ણય ભારતમાં હાથ ધરવામાં આવેલા સફળ પરીક્ષણ અભિયાન પછી લેવામાં આવ્યો છે, જેમાં નેવી રાફેલ એ સાબિત કર્યું છે કે તે ભારતીય નૌકાદળની ઓપરેશનલ જરૂરિયાતોને સંપૂર્ણપણે પૂર્ણ કરે છે અને તેના માટે સંપૂર્ણપણે યોગ્ય છે.

ઉલ્લેખનીય છે કે, પીએમ નરેન્દ્ર મોદી, ફ્રાંસની તેમની મુલાકાતના બીજા દિવસે રાષ્ટ્રપતિ ઈમેન્યુઅલ મેક્રોન દ્વારા લુવર મ્યુઝિયમમાં ડિનરનું આયોજન કરવામાં આવ્યું હતું. ટોસ્ટ રેઝ કરતાં પીએમ મોદીએ કહ્યું - ભારત અને ફ્રાન્સ માત્ર બંનેના ભલા માટે જ નહીં, પણ સાથે મળીને કામ કરે છે. બંને દેશો વૈશ્વિક સુરક્ષા અને શાંતિ માટે પણ મહત્ત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે.

## આબુધાબી એરપોર્ટ પર PM નરેન્દ્ર મોદીનું ભવ્ય સ્વાગત

■ રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયેદ સાથે યોજાઈ મુલાકાત, બન્ને દેશો વચ્ચે થયા કરારો

ગુજરાત | વંદન




વડાપ્રધાન નરેન્દ્ર મોદી ફ્રાન્સનો પ્રવાસ પૂરો કરીને સંયુક્ત આરબ અમીરાત પહોંચ્યા. જ્યાં પીએમ મોદી અબુ ધાબી એરપોર્ટ પર પહોંચતા જ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. પીએમ મોદીએ તેમની મુલાકાત દરમિયાન રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન ઝાયેદ સાથે મુલાકાત કરી હતી. આ દરમિયાન બંને દેશો વચ્ચે ઘણા મહત્વના કરારો પણ થયા હતા.

UAEની તેમની મુલાકાત દરમિયાન મોદીએ ટોચના નેતૃત્વ સાથે ખાસ કરીને ઊર્જા, ખાદ્ય સુરક્ષા અને સંરક્ષણ ક્ષેત્રો પર વાતચીત કરી હતી. આ દરમિયાન બંને વ્યૂહાત્મક ભાગીદાર દેશોએ ઐતિહાસિક વેપાર કરાર પર થયેલી પ્રગતિની સમીક્ષા કરી.

"હું મારા મિત્ર શેખ મોહમ્મદ બિન ઝાયેદ અલ નાહયાનને મળવા માટે ઉત્સુક છું," વડા પ્રધાને યુએઈની મુલાકાતે જતા પહેલા ગુરુવારે એક નિવેદનમાં જણાવ્યું હતું. વિજ્ઞાન અને ટેકનોલોજી, શિક્ષણ, ફિનટેક, જેવા વિશાળ ક્ષેત્રોમાં સક્રિય. સંરક્ષણ, સુરક્ષા અને મજબૂત લોકો-લોકોના સંબંધો.

સંયુક્ત આરબ અમીરાતની તેમની મુલાકાત દરમિયાન, પીએમ મોદી ત્યાંના ટોચના નેતૃત્વ સાથે ખાસ કરીને ઊર્જા, ખાદ્ય સુરક્ષા અને સંરક્ષણ જેવા મુદ્દાઓ પર વાતચીત કરી શકે છે. આ દરમિયાન બંને વ્યૂહાત્મક ભાગીદાર દેશો ઐતિહાસિક વેપાર કરાર પર થયેલી પ્રગતિની સમીક્ષા પણ કરશે. કોવિડ-19 મહામારી દરમિયાન બંને દેશો વચ્ચે આર્થિક ભાગીદારીને નવી ગતિ આપનાર વ્યાપક આર્થિક ભાગીદારી કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

ભારતીય વિદેશી સમુદાય યુએઈમાં સૌથી મોટો વંશીય સમુદાય છે અને દેશની કુલ વસ્તીના લગભગ 30 ટકા હિસ્સો ધરાવે છે. UAEના રેકોર્ડ મુજબ, 2021 માં દેશમાં વિદેશી ભારતીય નાગરિકોની સંખ્યા લગભગ 35 લાખ હતી.

### વહેલી સવારે બની ઘટના, 7 ટ્રેનો કરાઈ રદ

## જયપુર-ફૂલેરા રેલ માર્ગ પર માલગાડી પાટા પરથી ઉતરી, મોટી દુર્ઘટના ટળી

ગુજરાત | વંદન

રાજસ્થાનના જયપુર-ફૂલેરા રેલ માર્ગ પર આજે સવારે એક માલગાડી પાટા પરથી ઉતરી ગઈ હતી. આ અકસ્માત હિરનોડાથી જોબનેર રેલવે સ્ટેશન વચ્ચે થયો હતો. ઘટના સવારે 5 વાગ્યા આસપાસ બની હતી. અહેવાલ અનુસાર, માલગાડીના 2 ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા. માહિતી મળતાં જ રેલવે અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. માલગાડીના બે ડબ્બા પાટા પરથી ઉતરી જવાને કારણે રેલ વ્યવહાર પ્રભાવિત થયો છે. આ અકસ્માત અસલપુર-જોબાર્ને અને હિરનોડા સ્ટેશન વચ્ચે અપ લાઇન પર થયો હતો. રેલ ટ્રાફિકને ફરીથી સરળ બનાવવા માટે ખૂબ ઝડપથી કામ ચાલી રહ્યું છે. બીજી તરફ ...અનુસંધાન પાના નં. 06

**રદ થયેલી ટ્રેનો....**

આ અકસ્માતથી કોઈ જાનહાનિ થઈ નથી. મોટી દુર્ઘટના ટળી છે. આ અકસ્માતના કારણે ઘણી ટ્રેન સેવાને અસર થઇ જેમાં ટ્રેન નંબર 19735, જયપુર-મારવાડ, ટ્રેન નંબર 19736, મારવાડ-જયપુર, 22977, જયપુર-જોધપુર, 22978, જોધપુર-જયપુર, ટ્રેન નંબર 09605, અજમેર-જયપુર, 19719, જયપુર-સુરતગઢ, ટ્રેન નંબર 09606, જયપુર-અજમેર રદ કરવામાં આવી.

## સીએમ ભૂપેન્દ્ર પટેલ જન્મદિને ત્રિમંદિર જઈને કર્યા નમન



ગુજરાત | વંદન

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દ્વાદશ જ્યોતિર્લિંગના પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ દાદાના વર્ચ્યુઅલ અભિષેક-પૂજનથી પોતાનો જન્મદિવસ મનાવ્યો હતો મુખ્યમંત્રીએ દાદા ભગવાન-ત્રિમંદિરના દર્શન બાદ મુખ્યમંત્રી કાર્યાલયમાં રોજિંદા કામકાજની શરૂઆત કરતાં પૂર્વે પવિત્ર સોમનાથથી સોમનાથ દાદાના વર્ચ્યુઅલ માધ્યમથી દર્શન-પૂજન ગાંધીનગર બેઠાં કર્યા હતા અને સોમનાથ દાદાની કૃપાથી સૌના કલ્યાણની મનોકામના કરતો સંકલ્પ પણ કર્યો હતો. સોમનાથ ટ્રસ્ટનાં સેક્રેટરી અને અધિક કલેક્ટર યોગેન્દ્ર દેસાઈ અને મંદિરના પૂજારીઓએ મુખ્યમંત્રીના નેતૃત્વમાં ગુજરાત વિકાસ રાહે અગ્રેસર રહે તેવી શુભેચ્છાઓ જન્મદિવસ અવસરે પાઠવી હતી.

### મહારાષ્ટ્ર સરકારે મંજૂરી આપી

## અદાણી ગ્રુપ એશિયાની સૌથી મોટી ઝૂંપડપટ્ટી ધારાવીનો પુનઃવિકાસ કરશે

ગુજરાત | વંદન



અદાણી ગ્રૂપ દેશની આર્થિક રાજધાની મુંબઈમાં સ્થિત એશિયાની સૌથી મોટી ઝૂંપડપટ્ટી વિસ્તાર ધારાવીનો પુનઃવિકાસ કરશે. મહારાષ્ટ્ર સરકારે આ ઝૂંપડપટ્ટી વિસ્તારને સુંદર બનાવવાના પ્રોજેક્ટને મંજૂરી આપી છે. પ્રોજેક્ટના સીઈઓ એસવીઆર શ્રીનિવાસે જણાવ્યું કે આ અંગે એક સરકારી ઠરાવ પણ જારી કરવામાં આવ્યો છે. ટૂંક સમયમાં લેટર ઓફ એવોર્ડ પણ જારી કરવામાં આવશે.

અહેવાલ મુજબ, ગયા વર્ષે નવેમ્બરમાં, અદાણી જૂથે ધારાવી ઝૂંપડપટ્ટીના પુનઃવિકાસના પ્રોજેક્ટ માટે બિડ જીતી હતી. અદાણી ગ્રુપે આ માટે 5069 કરોડ રૂપિયાની બોલી લગાવી હતી. તે જ સમયે, DLF લિમિટેડે રૂ. 2025 કરોડની બિડ કરી હતી, જ્યારે નમન ગ્રૂપ ટેકનિકલ બિડિંગમાં ક્વોલિફાય થઈ શક્યું ન હતું. ધારાવીમાં શિક્ષણ અને સ્વચ્છતાનું સ્તર ખૂબ જ ખરાબ છે. હવે અદાણી ઈન્ફ્રા આ જગ્યાને બ્યુટીફાય કરવાનું કામ કરશે.

### વાંકી નજરે...

સૌજન્યથી...




### યુએસમાં ગરમીના પગલે લોકોને જરૂર વગર ઘરની બહાર ના નીકળવાની સલાહ

## અમેરિકામાં ભીષણ ગરમીનો પ્રકોપ, 43 ડિગ્રીએ પહોંચ્યો ગરમીનો પારો

ગુજરાત | વંદન

અમેરિકામાં લોકો ભીષણ ગરમીનો પ્રકોપ ઝેલી રહ્યું છે. ગરમીને કારણે લોકોને જરૂર વગર ઘરની બહાર ના નીકળવાની સલાહ આપવામાં આવી છે. દક્ષિણ-પશ્ચિમ અમેરિકાથી લઈને વોશિંગ્ટન સુધી ગરમી પડી રહી છે. અમેરિકાના હવામાન વિભાગે દેશમાં 11 કરોડ 30 લાખ લોકોને લૂની ચેતવણી આપી છે. હવામાન વિભાગ અનુસાર, આગામી દિવસોમાં તાપમાનમાં વધારો થઈ શકે છે. રાષ્ટ્રીય હવામાન સેવા (NWS)એ કહ્યું કે, લગભગ 2 કરોડ લોકો 43 ડિગ્રી સેલ્સિયસની ગરમીનો સામનો કરી રહ્યા છે અને આવનારા દિવસોમાં વધારે તાપમાનનો સામનો કરવો પડી શકે છે. ફ્લોરિડા ટેક્સાસથી લઈને કેલિફોર્નિયા સુધી લૂની ચેતવણી જાહેર કરવામાં આવી છે. કેટલાક વિસ્તારમાં તાપમાન 46 ડિગ્રી સુધી પહોચવાનું અનુમાન છે. એક અઠવાડિયા સુધી ભારે ગરમી પડી શકે છે.




એનડબલ્યૂએસે કહ્યુ કે લાસ વેગાસ આગામી કેટલાક દિવસમાં પોતાના રેકોર્ડ ઉચ્ચ તાપમાન 47 ડિગ્રીની બરાબર પહોચી શકે છે, જ્યારે ડેથ વેલી, કેલિફોર્નિયામાં આગ લગાવતી ગરમીને કારણે તાપમાન 54 ડિગ્રીને પાર કરી શકે છે.

એરિજોના રાજ્યના પાટનગર ફીનિક્સ પોતાના સૌથી લાંબા સમય સુધી ગરમ રહેવાનો રેકોર્ડ તોડવા તરફ આગળ વધી રહ્યું છે. આગામી પાંચ દિવસમાં તાપમાન 43 ડિગ્રી અથવા તેના કરતા વધુ રહેવાનું અનુમાન છે. સૌથી વધુ રેકોર્ડ 18 દિવસનો છે અને શહેર પહેલા જ 15 દિવસમાં 43 ડિગ્રી તાપમાન જોઈ ચુક્યુ છે. ગરમીને કારણે ટેક્સામાં વિજળીની માંગ સતત બે દિવસથી રેકોર્ડ સંખ્યાને પાર કરી ગઈ છે.

### બિગ-બી 1984માં આ બેઠક પરથી ચૂંટણી લડ્યા હતા

## લોકસભાની ચૂંટણીમાં અભિષેક બચ્ચન પ્રયાગરાજથી લડી શકે

ગુજરાત | વંદન

અમિતાભ બચ્ચને 1984માં અલાહાબાદ સંસદીય બેઠક પરથી કોંગ્રેસની ટિકિટ પર લોકસભા ચૂંટણી જીતી હતી. તેમણે પૂર્વ મુખ્યમંત્રી અને તત્કાલીન દિગ્ગજ નેતા હેમવતી નંદન બહુગુણાને હરાવીને બધાને ચોંકાવી દીધા હતા. આ ચૂંટણીમાં અમિતાભને 68 ટકા વોટ મળ્યા જ્યારે બહુગુણાને 25 ટકા વોટ મળ્યા.




અલાહાબાદ સંસદીય બેઠક આગામી લોકસભા ચૂંટણીમાં ચર્ચામાં રહી શકે છે. કારણ કે સમાજવાદી પાર્ટી અહીંથી મેગાસ્ટાર અમિતાભ બચ્ચનના પુત્ર અભિષેક બચ્ચનને મેદાનમાં ...અનુસંધાન પાના નં. 06

# આંતરરાષ્ટ્રીય ચર્ચાનું પ્લેટફોર્મ બનશે...

# GIFT સિટીમાં 'GIFT NIFTY'ના આગમનને કારણે ગુજરાતની આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચા

ગુજરાત | વંદન



ભારતની પ્રથમ ઓપરેશનલ સ્માર્ટ સિટી અને દેશની પ્રથમ ફાયનાન્શિયલ ટેક સિટી તરીકે વિખ્યાત GIFT સિટી પહેલી વખત આંતરરાષ્ટ્રીય ચર્ચાનું પ્લેટફોર્મ બનવા જઇ રહ્યું છે. ભારતની G20 અધ્યક્ષતા અંતર્ગત ગુજરાતમાં ફાયનાન્સ અને સેન્ટ્રલ બેન્કના ઉપ પ્રમુખોની ત્રીજી બેઠક આયોજિત થવા જઇ રહી છે. આ બેઠકના એક ભાગ તરીકે 'ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટર્સ ડાયલોગ એટ GIFT સિટી' પર મીટિંગનું આયોજન કરવામાં આવ્યું છે. આ બેઠકમાં G20 દેશોના મુખ્ય પ્રતિનિધિઓ, નાણા મંત્રીઓ અને કેન્દ્રીય બેન્કના ગવર્નરો સામેલ થશે. આ કાર્યક્રમમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહેશે.

GIFT એટલે કે ગુજરાત ઇન્ટરનેશનલ ફાઇનાન્સ ટેક-સિટી એ ભારતનું પ્રથમ ઇન્ટરનેશનલ ફાઇનાન્શિયલ સર્વિસિસ સેન્ટર (IFSC) સાથેનું બહુવિધ-સેવા વિશેષ આર્થિક ક્ષેત્ર છે. IFSC એ માત્ર ભારત માટે જ નહીં, પરંતુ વિશ્વ માટે, એક નાણાકીય અને ટેક્નોલોજી સેવાઓના એકીકૃત કેન્દ્ર તરીકે GIFT સિટીમાં સ્થિત છે.

ઉલ્લેખનીય છે કે આ બેઠકના થોડા દિવસ પહેલા જ ગુજરાતે આંતરરાષ્ટ્રીય સ્તરે એક મોટી સિદ્ધિ હાંસલ કરી છે. સિંગાપોરથી ઓપરેટ થતું સિંગાપોર જોઇન્ટ એક્સચેન્જ (SGX નિફ્ટી) હવે સંપૂર્ણપણે ગિફ્ટ સિટીમાં શિફ્ટ થઇ ગયું છે અને હવે તેનું સંચાલન ભારતના પ્રથમ ઇન્ટરનેશનલ ફાઇનાન્શિયલ સર્વિસિસ સેન્ટર (IFSC)થી શરૂ થઇ ગયું છે.

SGX નિફ્ટી ભારતના નેશનલ સ્ટોક એક્સચેન્જ (NSE)ના નિફ્ટી ઇન્ડેક્સ પર આધારિત છે અને ભારત અને સિંગાપોરના મૂડી બજારોને જોડતી પ્રથમ ક્રોસ બોર્ડર (આંતરરાષ્ટ્રીય) પહેલ છે. સિંગાપોર એક્સચેન્જ (SGX) પરથી ઇન્ટરનેશનલ એક્સચેન્જ ઓફ NSE (NSE IX)ના ટ્રાન્સફર સાથે, તેનું નામ GIFT નિફ્ટી રાખવામાં આવ્યું છે.

SGX નિફ્ટીમાં શિફ્ટ થવાની સાથે જ, અંદાજે $7.5 બિલિયનન મૂલ્યના ડિનોમિનેટેડ કોન્ટ્રાક્ટના ટ્રેડ્સ પણ હવે સીધા ગુજરાતના GIFT સિટીમાંથી હાથ ધરવામાં આવે છે. આ ટ્રેડની વિદેશી તેમજ ભારતની નાણાકીય સંસ્થાઓ અને ભારતીય અર્થતંત્ર પર સકારાત્મક અસર પડશે. ગુજરાતની આ સિદ્ધિ G20 બેઠક દરમિયાન GIFT સિટીની મુલાકાત લેનારા G20 દેશોના પ્રતિનિધિઓમાં ચર્ચાનો વિષય બની રહી છે.

## GIFT સિટી અત્યાધુનિક સુવિધાઓ અને ટેકનોલોજી આધારિત ઇન્ફ્રાસ્ટ્રક્ચરથી સજ્જ

ભારતને વૈશ્વિક નાણાકીય હબ તરીકે સ્થાપિત કરવાના વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિઝનને અનુરૂપ GIFT સિટીની સ્થાપના અને વિકાસ કરવામાં આવ્યો છે. વર્તમાનમાં GIFT સિટીમાં ઘણી પ્રમુખ રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ આવેલી છે. તેમાં IFSC એરિયામાં 35 ફિનટેક એન્ટીટીઝ, 2 ઇન્ટરનેશનલ સ્ટોક એક્સ્ચેન્જ, 1 મલ્ટીલેટરલ બેન્ક, 1 બુલિયન એક્સ્ચેન્જ, 23 ઇન્ટરનેશનલ બેન્કિંગ કેન્દ્રો, 63 ફન્ડ મેનેજમેન્ટ, 24 એરક્રાફ્ટ લિઝીંગ અને ફાયનાન્સિંગ એન્ટીટીઝ, અને 64 આનુષંગિક સેવાઓ ઉપલબ્ધ છે. એટલું જ નહીં, વર્તમાનમાં GIFT સિટીમાં એવરેજ દૈનિક ટ્રેડિંગ વૉલ્યૂમ US $30.6 બિલિયન અને ક્યૂમ્યુલેટિવ એસેટ સાઇઝ US $36.5 બિલિયન છે.

GIFT સિટી એ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મહત્વપૂર્ણ પ્રાથમિકતાઓ પૈકી એક છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શન અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર GIFT સિટીને દેશ અને વિશ્વ સમક્ષ એક એવા ફાયનાન્શિયલ વર્ક કલ્ચરવાળા કોમર્શિયલ એરિયા તરીકે તૈયાર કરી રહી છે, જે લીડિંગ ગ્લોબલ ફાયનાન્શિયલ હબ્સની સમકક્ષ છે અને તે વધુ અનુકૂળ બિઝનેસ ઇકોસિસ્ટમ પ્રદાન કરી શકે છે.

ગુજરાત સરકારને આશા છે કે G20 અંતર્ગત આયોજિત થનારી બેઠકના લીધે, GIFT સિટીની આ વિશેષતાઓ જે તે દેશોના પ્રતિનિધિઓને તેમની ફાઇનાન્શિયલ ટ્રેડિંગની પ્રવૃત્તિઓને ગુજરાતમાં શિફ્ટ કરવા માટે આકર્ષિત કરશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનું બ્રેન ચાઇલ્ડ GIFT સિટી આજે એક રાષ્ટ્રીય મહત્વનો પ્રોજેક્ટ બની ગયો છે, અને જેમ-જેમ દેશ એક વિકસિત રાષ્ટ્ર બનવાના સપનાને સાકાર કરવા તરફ અગ્રેસર થઇ રહ્યો છે, તે ભારતની વિકાસ ગાથાનું એક અભિન્ન અંગ બની રહ્યો છે.



### હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલનો દાવો, એવો વરસાદ ખાબકશે કે નર્મદા ડેમ છલકાઈ જશે

## આગાહી : રાજ્યમાં વરસાદનો ત્રીજો રાઉન્ડ ખતરનાક નિવડશે

ગુજરાત | વંદન

ગુજરાતમાં બે રાઉન્ડ બાદ હવે ફરી એક વખત વરસાદનો ત્રીજો રાઉન્ડ શરૂ થવાનો છે ત્યારે હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે વરસાદને લઈને મોટી આગાહી કરી છે. જેમાં તેમણે દાવો કર્યો છે કે, એટલા વ્યાપક પ્રમાણમાં વરસાદ ખાબકશે કે નર્મદા બંધ છલકાઈ જશે. અંબાલાલ પટેલના જણાવ્યા અનુસાર, આગામી સમયમાં ભારે વરસાદને પગલે ગુજરાતની નદીઓમાં ભારે પુર આવી શકે છે.

તેમણે વધુમાં એવો પણ દાવો કર્યો કે, ભારે વરસાદથી 17થી 20 જુલાઈ દરમિયાન અતિવૃષ્ટિ થવાની શક્યતા છે. જુલાઈ ઉપરાંત ઓગસ્ટમાં પણ ભારે વરસાદની આગાહી કરતા કહ્યું કે, 23 જુલાઈથી 8 ઑગસ્ટ અતિભારે વરસાદ થશે.

### સરદાર સરોવર ડેમ ૬૧ ટકાથી વધુ ભરાયો

# રાજ્યના કુલ ૨૦૭ જળાશયોમાં ૫૦ ટકાથી વધુ પાણીનો સંગ્રહ

■ ૩૧ જળાશયો સંપૂર્ણ છલકાયા, ૪૪ જળાશયોમાં ૭૦ ટકાથી વધુ પાણી

ગુજરાત | વંદન




ગુજરાતમાં તમામ તાલુકાઓમાં શ્રીકાર વર્ષાને પરિણામે રાજ્યમાં ૨૦૭ જળાશયોમાં કુલ સંગ્રહ શક્તિના ૫૦.૩૭ ટકા પાણીના જથ્થાનો સંગ્રહ થયો છે. આ ઉપરાંત ગુજરાતના ૩૧ જળાશયો ૧૦૦ ટકા એટલે કે, સંપૂર્ણ છલકાયાં છે જયારે ૪૪ જળાશયોમાં ૭૦ ટકાથી વધુ તેમજ ૮૦ જળાશયો ૫૦ ટકા સુધી પાણી ભરાયા છે. ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમ-જળાશયમાં કુલ સંગ્રહ શક્તિના ૬૧.૩૫ ટકા પાણીના જથ્થાનો સંગ્રહ થયો છે તેમ, સ્ટેટ ફ્લડ કન્ટ્રોલ સેલ, ગાંધીનગરના અહેવાલમાં જણાવાયું છે.


રાજ્યમાં ૧૦૦ ટકા એટલે કે, સંપૂર્ણ છલકાયા હોય તેવા જળાશયોમાં અમરેલી જિલ્લાનું ધાતરવાડી, મુંજિયાસર, વાડિયા, સંક્રોલી, સુરજવાડી, દાહોદનું ઉમરીયા, ગીર સોમનાથનું મચ્છુન્દ્રિ, જૂનાગઢનું ઝાનજેશ્રી, ઉબેન, હસનપુર, હિરણ-૧, મોટા ગુજેરીયા, રાજકોટનું વેરિ, લાલપરી, મોજ અને સોદવદર, સુરેન્દ્રનગરનું મોર્શલ કચ્છનું બેરાછીયા, કંકાવટિ, જાન્ગડિયા ગજાનસર, ગજોડ, કાલાગોગા, ડોન અને ગોઢાતડ, જામગનરનું વઘાડીયા, સપાડા, પૂના, ફૂલઝર-૧ અને રૂપારેલ તેમજ તાપી જિલ્લાના ડોસવાડા જળાશયનો સમાવેશ થાય છે તેમ, અહેવાલમાં જણાવાયું છે. આ સિવાય હાલમાં ઉત્તર ગુજરાતના કુલ ૧૫ જળાશયોમાં ૫૮.૪૮ ટકા, મધ્ય ગુજરાતના ૧૭ જળાશયો ૩૩.૫૪ ટકા, દક્ષિણ ગુજરાતના ૧૩ જળાશયો ૩૭.૦૯ ટકા, કચ્છના ૨૦ જળાશયો ૬૪.૦૫ ટકા તેમજ સૌરાષ્ટ્રના કુલ-૧૪૧ જળાશયોમાં ૬૧.૦૮ ટકા પાણીનો જથ્થો સંગ્રહાયો છે તેમ, ફ્લડ કન્ટ્રોલ સેલના અહેવાલમાં વધુમાં જણાવાયું છે.

# ગુજરાતે બિપરજોયના પગલે નુકસાની પેટે 800 કરોડ માંગ્યા, કેટલા મળશે?

■ કેન્દ્ર સરકારને વાવાઝોડાથી થયેલ નુકસાનીનો વિસ્તૃત અહેવાલ મોકલાયો

ગુજરાત | વંદન

ગુજરાત સરકારે બિપરજોય વાવાઝોડાથી રાજ્યને થયેલા નુકસાન સામે ખાસ સંજોગોમાં રૂ.800 કરોડની આર્થિક સહાય કેન્દ્ર સરકાર પાસે માગી છે. આ સહાય સ્ટેટ ડિઝાસ્ટર રિલીફ ફંડ-એસડીઆરએફ ઉપરાંત માગવામાં આવી છે. બે-ત્રણ દિવસ પહેલાં રાજ્ય સરકારે બિપરજોય વાવાઝોડા સંદર્ભે કેન્દ્રને મોકલાવેલા વિસ્તૃત મેમોરેન્ડમના ભાગરૂપે ખાસ કિસ્સામાં આ સ્પેશિયલ



માગ કરાઈ છે. કેન્દ્ર સરકારના નાણા મંત્રાલયે બુધવારે ગુજરાતને તેના આ વર્ષના એસડીઆરએફના લેણા પેટે રૂ.584 કરોડ આપ્યા છે. 2023-24ના કેન્દ્રીય બજેટમાંથી એસડીઆરએફ પેટે ગુજરાતે કુલ રૂ.1,940 કરોડમાંથી 75 ટકા કેન્દ્રના હિસ્સારૂપે રૂ.1,455 કરોડ લેવાના નીકળે છે, જે પેટે રૂ.584 કરોડ રાજ્યને પ્રથમ હપતા તરીકે ફાળવાયા છે. હવે આ વર્ષના લેણા પેટે કેન્દ્ર પાસેથી રૂ.485 કરોડ લેવાના બાકી રહે છે.

ખેડૂતોને બિપરજોયથી થયેલાં નુકસાનનું વળતર ટૂંકમાં ચૂકવાશે કૃષિ વિભાગના સૂત્રોના કહેવા પ્રમાણે બિપરજોય વાવાઝોડાને કારણે એસડીઆરએફના નોર્મ્સ પ્રમાણે સહાયપાત્ર 33 ટકાથી વધુ નુકસાન 42 હજાર હેકટરમાં ખેતી પાકોને ,24 હજાર હેકટરમાં બાગાયતી પાકોને થયું છે. જ્યારે કુલ 76 લાખ બાગાયતી વૃક્ષોને થયેલા નુકસાન પૈકી 13 લાખ વૃક્ષો સંપૂર્ણપણે ધ્વસ્ત થયાં હતાં. આ અંગે રાહત ચૂકવવાની ટૂંકમાં જ જાહેરાત થશે, એમ જણાવાઈ રહ્યું છે.

## WHO દ્વારા પરંપરાગત દવા પરની સૌપ્રથમ વૈશ્વિક સમિટ ગુજરાતના આંગણે યોજાશે

ગુજરાત | વંદન

વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) દ્વારા વિશ્વમાં સૌ પ્રથમ વાર "ટ્રેડિશનલ મેડિસિન ગ્લોબલ સમિટ" ગુજરાતમાં યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે. જેના ઉપક્રમે જામનગરમાં વુના પ્રતિનિધિઓની એક બેઠક ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટીચિંગ એન્ડ રિસર્ચ ઇન આર્યુર્વેદા (ITRA ) ખાતે યોજાઈ હતી. જેમાં આગામી સમિટના આયોજનની વિચારણા કરવામાં આવી હતી. સમિટ સંદર્ભે WHO દ્વારા આખા વિશ્વમાંથી પસંદ કરાયેલા નિષ્ણાતોની બનેલી પેનલ બનાવવાં આવી છે. જેમાં અમેરિકા થી ડો. સુઝાન, ભારતના પ્રોફેસર ભૂષણ પટવર્ધન, યુનાઇટેડ નેશન્સના ડો.ઓબી, થાઈલેન્ડના ડો. અંચેલી, બ્રાઝીલના ડો. રિકાર્ડો, ઈરાનના ડો. રોશનક, મલેશિયાના ડો ગોહ ચેન્ગ, સાઉથ આફ્રિકાના ડો. માતસબીશ, જર્મનીના ડો. જ્યોર્જ સેફર, ન્યુઝિલેન્ડના ડો. સાયોન, ચીનના ડો ચુનયુંનો સમાવેશ થાય છે.

સમિટ મામલે પ્રતિનિધિઓની મિટિંગ જામનગર ખાતે આવેલા ITRAના આયુર્વદ કેમ્પસમાં ધન્વંતરિ ગ્રાઉન્ડમાં હાલમાં જ બનાવાયેલી WHO G.C.T.M. ની મધ્યસ્થ કચેરીમાં 11-12 જુલાઈના રોજ મળેલી. આ સમિતિ દ્વારા સમિટની થીમ, ફોર્મેટ, વિષયો અને સંબોધવાના મુદ્દાઓ અંગે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી.

## ધો. 12ની વાર્ષિક પરીક્ષામાં નાપાસ થયા, પૂરક પરીક્ષામાં પણ ડર

■ પૂરક પરીક્ષામાં કોર્સ બહાર પ્રશ્નો પુછાતા વિદ્યાર્થીઓ મુંઝાયા

ગુજરાત | વંદન

ગુજરાતમાં ધોરણ 12ની પુરક પરીક્ષામાં 13મી જુલાઈએ આંકડાશાસ્ત્રનું પેપર હતું. જેમાં 10 પ્રશ્નો સિલેબસની જ બહારના હોવાનું સામે આવ્યું છે. આખરે આ 25 માર્ક્સ જેટલા પ્રશ્નો બહારના પુછવામાં આવતા વિદ્યાર્થીઓ મુંઝાયા હતા. વિદ્યાર્થીઓના સમજમાં પણ આ પ્રશ્નો નહીં આવતા પેપર આપતી વખતે સમયનો વેડફાટ થયો હતો તે અલગથી અને પાછું હાલમાં વિદ્યાર્થીઓ ફરી ફેઈલ થશે તે ચિંતા પણ વધી છે.

ઉલ્લેખનીય છે કે પુરક પરીક્ષા આપવા બેસેલા વિદ્યાર્થીઓ અગાઉ આ પેપરમાં નાપાસ થયા હતા. જોકે હવે તેમને ફરી નાપાસ થવાનો ભય સતાવી રહ્યો છે કારણ કે મોટા માર્કસનું બહારનું પુછાતા તેમની પાસે સવાલોના જવાબ હતા નહીં અને તેમને સીધો જ આ પેપરમાં 25 માર્કસનો ખાડો દેખાઈ રહ્યો છે.

## જિલ્લા કલેક્ટર સમક્ષ રજૂઆત, જમીનો બારોબાર વેચાઈ ગઈ?

### ગાંધીનગર નજીક નાંદોલીમાં સરકારી જમીનમાં ગેરકાયદે દબાણની ફરિયાદ

ગુજરાત | વંદન

ગાંધીનગર જિલ્લામાં સરકારી જમીનો ઉપર દબાણનો પ્રશ્ન પેચિદો બન્યો છે ત્યારે કલોલ તાલુકાના નાંદોલી ગામમાં ૨૫થી ૩૦ વિઘા જેટલા સરકારી ગૌચર તેમજ અન્ય સરકારી જમીન ઉપર દબાણો કરી દેવામાં આવ્યો હોવાની ફરિયાદ ગાંધીનગર જિલ્લા કલેક્ટરને કરવામાં આવી છે. કેટલાક તત્વો દ્વારા ગૌચરની જમીનમાં પ્લોટ પાડીને વેચાણ કરવામાં આવી રહ્યું છે. અંદાજે ૩૫૦ કરોડથી પણ વધુ કિંમતની જમીન ઉપર ગેરકાયદે કબ્જો જમાવી લેવાયાનો પણ ફરિયાદમાં ઉલ્લેખ કરાયો છે. ગાંધીનગર જિલ્લામાં જમીનના ભાવ આસમાને આંબી રહ્યા છે તે સ્થિતિએ તાજેતરમાં જ કલોલ તાલુકાના મુલસણા ગામમાં પાંજરાપોળની જમીન એનએ કરીને બારોબાર વેચી દેવાયાનું કૌભાંડ બહાર આવ્યું છે અને તે બાબતે તત્કાલીન કલેક્ટરની ધરપકડ પણ કરી લેવામાં આવી છે. ત્યારે અમદાવાદને અડીને આવેલા કલોલ તાલુકાના આ વિસ્તારોના નાંદોલી ગામમાં પણ સરકારી ૩૫૦ કરોડથી વધુની કિંમતની જમીન ઉપર દબાણો કરીને બારોબાર વેચી દેવાયા હોવાની ફરિયાદ ગાંધીનગર જિલ્લા કલેક્ટરને કરવામાં આવી છે.

### નાણાંમંત્રી નિર્મલા સીતારામન બેઠકને કરશે સંબોધન

## ગાંધીનગરમાં નાણાંમંત્રીઓ અને સેન્ટ્રલ બેંક ગવર્નરોની બેઠક યોજાશે

ગુજરાત | વંદન

ભારત દેશને G20નું યજમાન પદ મળ્યું છે. જેની બેઠકો વિવિધ



શહેરોમાં યોજાઇ રહી છે. જે અંતર્ગત થોડા દિવસ પહેલા યોજાયેલ અર્બન 20 બેઠક બાદ હવે 14 જુલાઈ થી 16 જુલાઈ સુધી ગાંધીનગરમાં 3જી ફાઈનાન્સ અને સેન્ટ્રલ બેંક ડેપ્યુટીઝ વર્કિંગ ગ્રુપની મીટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યારે 17 અને 18 જુલાઈના રોજ ગાંધીનગરમાં 3જી નાણાંપ્રધાનો અને સેન્ટ્રલ બેંક ગવર્નરોની બેઠક યોજાશે. આ બેઠકમાં કેન્દ્રીય નાણાંપ્રધાન નિર્મલા સીતારામન પણ હાજર રહેશે.


G20 અંતર્ગત રાજ્યના નોડલ ઓફિસર મોના ખંધારે જણાવ્યું હતું કે ગાંધીનગર જુલાઈ મહિનામાં બે ફાઈનાન્સ ટ્રેક મીટિંગ્સનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં વિશ્વભરમાંથી 300 થી વધુ ડેલીગેટ આ બેઠકમાં હાજર રહેશે, ફાઈનાન્સની બેઠકમાં ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે યુએસએ, ફ્રાન્સ, ચીન, ઇટાલી, યુકે, જર્મની, જાપાન, સાઉદી અરેબિયા, આર્જેન્ટિના, સ્પેન, ઓસ્ટ્રેલિયા, રિપબ્લિક ઓફ કોરિયા જેવા દેશોના ગવર્નરો, ડેપ્યુટી ગવર્નરો, પ્રધાનો અને નાણાકીય સંસ્થાઓના વડાઓનો હાજર રહેશે. 16 જુલાઈના રોજ વિવિધ વિષયો પર પ્રધાનસ્તરની પેનલ ચર્ચાઓ યોજાશે, જેમાં, G20 ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટર્સ ડાયલોગ: વગેરેનો સમાવેશ થાય છે.

## ગોકુલ આઇસ્ક્રીમ 'પીગળી' ગયો છતાં માલિકો દ્વારા વેરો નહીં ભરતા ચિટીંગની ફરિયાદ...

■ ધરણેન્દ્ર ઇન્ડસ્ટ્રીઝના 7 ડીરેક્ટરો સામે કાર્યવાહી

ગુજરાત | વંદન

શહેરના સેક્ટર 28 જીઆઇડીસીમાં આવેલી ધરણેન્દ્ર ઇન્ડસ્ટ્રીઝ લિમીટેડ કંપની વર્ષ 1996-97માં ગોકુલ આઇસ્ક્રીમ બનાવતી હતી. આવક પ્રમાણે સરકારમાં વેરો ભરવાનો હોય છે. ત્યારે કંપનીના 7 ડીરેક્ટરોએ નિયત વેરો ભરપાઇ કર્યો ન હતો. જેથી વ્યાસ સહિત હાલમાં 50 લાખ રૂપિયા કંપની દ્વારા ભરવાના થાય છે, જે ન



ભરતા કંપનીના ડાયરેક્ટરો સામે સેક્ટર 21 પોલીસ મથકમાં છેતરપિંડીની ફરિયાદ હતી.

સેક્ટર-4માં રહેતા રવિકુમાર પુરષોત્તમભાઇ પાટડીયા સહાયક રાજ્યવેરા કમિશ્નરની કચેરીમાં ફરજ બજાવે છે. ત્યારે તેમણે ફરિયાદ નોંધાવી હતી કે, સેક્ટર 28 જીઆઇડીસીમાં આવેલી ધરણેન્દ્ર ઇન્ડસ્ટ્રીઝ કંપની લી. ગોકુલ બ્રાન્ડની આઇસ્ક્રીમનુ ઉત્પાદન કરી વેચાણ કરાતુ હતું. કંપનીના ડાયરેક્ટર નવીનચંદ્ર બાબુલાલ ગાંધી (રહે. 22, સેટેલાઇટ), ભુપેન્દ્ર બાબુલાલ ગાંધી (રહે. આંબાવાડી), ધર્મેન્દ્ર બાબુલાલ ગાંધી (રહે. અમદાવાદ), એ.જે. શાહ (રહે. અંધેરી વેસ્ટ મુંબઇ), પ્રવિણ પી સ્વાદીયા, (રહે, મનુસ્મૃતિ હોસ્પિટલ, સુભાનપુરા, વડોદરા), એચ.વી. મંડેરા (રહે. ગુલબાઇ ટેકરા, અમદાવાદ) અને દિપક મગનલાલ નાયક (રહે. નારાયણનગર, પાલડી)ના ડાયરેક્ટર હતા.

કંપનીએ સરકારમાં ઓડિટ રીપોર્ટ રજૂ કર્યો હતો, જેમાં 2.19 કરોડનુ વેચાણ બતાવ્યુ હતુ.



Sakar-9, 821,Lobby-1, Ashram Rd, beside Old Reserve Bank of India, Ahmedabad, Gujarat 380009

## ઓડિટ સંબંધિત પડતર પ્રશ્નોનું વહેલી તકે નિરાકરણ આવશે : જી.સી. મુર્મુ

ગુજરાત | વંદન

ગાંધીનગર ખાતે ઇન્ડિયન ઓડિટ એન્ડ એકાઉન્ટ્સ ડિપાર્ટમેન્ટના નવા કાર્યાલયના ભૂમિપૂજન કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા ભારતના કોમ્પ્ટ્રોલર એન્ડ ઓડિટર જનરલ ઓફ ઇન્ડિયા (CAG) જી.સી. મુર્મુએ કહ્યું કે, આ કચેરી ગાંધીનગર ખાતે બન્યા બાદ રાજ્ય સરકારના વિભાગો અને ઓડિટર જનરલ વચ્ચે સંકલન વધશે અને સમય સાથે નાણાંની બચત થશે.

અત્યાર સુધી અમદાવાદ અને રાજકોટ એમ બે સ્થળે કાર્યરત એકાઉન્ટન્ટ જનરલની કચેરી હવે પાટનગર ગાંધીનગરમાં બનાવાઇ રહી છે. ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક ગિરીશચંદ્ર મુર્મૂએ કહ્યું હતું કે, ગાંધીનગરમાં કચેરી બન્યા બાદ ઓડિટ સંબંધિત અગાઉના પડતર પ્રશ્નોનું પણ વહેલી તકે નિરાકરણ આવશે. અધિકારીઓના સમય અને પ્રવાસ ખર્ચમાં



પણ બચત થશે. નવું ભવન ગ્રીન બિલ્ડિંગ હશે. આ કાર્યાલય રાજ્ય સરકારના ૫૦ હજાર જેટલા કર્મચારીઓનું પીએફ પણ સંભાળવા સાથે સરકારી તિજોરીનું વાર્ષિક નિરીક્ષણ પણ કરે છે.

મુખ્યમંત્રી પટેલે જણાવ્યું હતું કે, CAG અને સરકાર સામસામે હોવાની માન્યતા બદલી CAG અને સરકાર સાથે સાથે રહે એટલું જ નહીં CAGના સૂચનોને હકારાત્મક અભિગમથી સ્વીકારવાની કાર્ય પદ્ધતિ વડાપ્રધાન મોદીના નેતૃત્ત્વમાં સરકારે અપનાવી છે.

## બોટાદના સાળંગપુર ખાતે રાજ્યપાલના અધ્યક્ષસ્થાને પ્રાકૃતિક કૃષિ સંમેલન યોજાયું

ગુજરાત | વંદન

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને સાળંગપુરના બી.એ.પી. એસ.મંદિરના સભાખંડ ખાતે મહંતમ્ પ્રાકૃતિક કૃષિ સંશોધન કેન્દ્ર દ્વારા પ્રાકૃતિક કૃષિ સંમેલન યોજાયું હતું.

પ્રાકૃતિક કૃષિના જન અભિયાનથી દેશમાં કૃષિક્ષેત્રના સર્વાંગી વિકાસનો નવો અધ્યાય શરૂ થયો છે, ત્યારે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રાકૃતિક કૃષિ પરિસંવાદમાં ઉપસ્થિત બોટાદ જિલ્લાના પ્રગતિશીલ ખેડૂતોને પ્રેરક માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિથી જળ, જમીન અને પર્યાવરણનું રક્ષણ થાય છે પાણીની બચત થવાની સાથે કૃષિ ખર્ચ નહિવત આવે છે. તેમણે પ્રાકૃતિક કૃષિને ખેડૂતો માટે આશીર્વાદરૂપ ગણાવી વધુને વધુ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ સાથે જોડાવા અનુરોધ કર્યો હતો.




રાસાયણિક ખાતરથી થતી ખેતીને પરિણામે માનવીય આરોગ્ય પર ગંભીર અસરો જોવા મળી રહી છે. જેનો એક માત્ર ઉકેલ પ્રાકૃતિક ખેતી છે. પ્રાકૃતિક કૃષિના માધ્યમથી દેશમાં ક્રાંતિકારી પરિવર્તન આવશે. પ્રાકૃતિક કૃષિક્ષેત્રે ગુજરાત દેશભરમાં મોડલ સ્ટેટ બની પ્રેરણારૂપ કાર્ય કરશે એમ રાજ્યપાલશ્રીએ કહ્યું હતું.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, વાવાઝોડું અને અતિવૃષ્ટિ જેવી કુદરતી આપત્તિઓ માટે ગ્લોબલ વોર્મિંગને જવાબદાર માનવામાં આવી રહ્યું છે, પરંતુ રાસાયણિક અને જૈવિક ખેતી પણ એટલી જ જવાબદાર છે.

### નિકોલમાં સસ્પેન્ડ થયેલા પોલીસ કર્મીએ મહિલાને ધમકી આપી

# ‘તારી ફરિયાદના કારણે સસ્પેન્ડ થયો છું, પરત નહીં ખેંચે તો જાનથી મારી નાખીશ’

ગુજરાત | વંદન

અમદાવાદ શહેરના નિકોલમાં રહેતી મહિલાને પોલીસ કર્મચારી શારિરીક સંબંધ બાંધવાની માંગણી કરીને પરેશાન કરતો હતો જેના પગલે મહિલાએ નરોડા પોલીસ સ્ટેશનમાં માર્ચ 2023માં ફરિયાદ નોંધાવી હતી. જે બાદ પોલીસકર્મીને ફરજમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યો હતો. બીજી તરફ સસ્પેન્ડ પોલીસકર્મી મહિલાને ફરિયાદ પાછી ખેંચી લેવા જાનથી મારી નાખવાની ધમકી આપતો હતો. પરિણામે મહિલાએ બીજી ફરિયાદ નિકોલ પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે.

આ કેસની વિગત એવી છે કે, ફરિયાદી મહિલા બે વર્ષ અગાઉ નિકોલ ખાતે રોયલ રીવેરા ફ્લેટ, દેવસ્ય સ્કુલની પાસે રહેતી હતી. તે વખતે તેમના મકાનની નીચે રહેતા અને તે સમયે કૃષ્ણનગર પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા જયરાજભાઇ સાથે મુલાકાત થયેલ હતી. મુલાકાત




થયેલ અને તેઓ મારા ઘરે આવેલ અને અમારા ઘરનુ ફર્નિચર જોઈને તેમને મને કહેલ કે મારે તમારા ઘરમાં છે તેવુ ફર્નિચર મારા ઘરમાં બનાવવુ છે. તમે મને ફર્નિચરવાળાનો નંબર આપો તેમ કહેતા મે તેમને નંબર આપેલ ત્યારબાદ તેમને મારો નંબર માંગતા મે તેમને મારો નંબર આપ્યો હતો. ત્યા રબાદ અમારી બંનેની ફોન પર વાતચીત થતી હતી. જોકે, જયરાજ શારિરીક સંબંધ બાંધવા અવાર-નવાર ફોન કરી હેરાન પરેશાન કરતો હતો. પરિણામે ફરિયાદી મહિલા ઘર વેચી અન્ય સ્થળે પરિવાર સાથે રહેવા ગયા હતા.

ત્રીજી તારીખે બપોરના સુમારે આ જયરાજનો મને ફોન આવેલ અને ગમેતેમ ગંદી ગાળો બોલી હતી. તેણે એવી ધમકી આપી હતી કે, તે મારા વિરૂધ્ધમાં જે ફરીયાદ કરી છે જેના લીધે મને સસ્પેન્ડ કરાયો છે. આ ફરીયાદ પાછી લઈ લે તુ મને ઓળખતી નથી હુ કાઠી દરબાર છુ. જો તુ તારી ફરીયાદ પાછી નહી લે તો તને જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. જેના પગલે મહિલાએ બીજી ફરિયાદ નિકોલ પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે.

## અમદાવાદમાં કમરના દુ:ખાવાના દર્દીમાં 15 ટકા જેટલો વધારો

ગુજરાત | વંદન

એક તરફ અમદાવાદ સહિત ગુજરાતભરમાં ચોમાસાનો માહોલ જામ્યો છે. ત્યારે બીજી તરફ શહેરના રસ્તાઓમાં ભૂવા પડવાનો સિલસિલો યથાવત છે. તેમજ માર્ગો પર પણ બિસ્માર થઈ ગયા છે જેના પગલે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. પરિણામે રોડ પરના ખાડાને લીધે ઓર્થોપેડિક પાસે કમરના દુ:ખાવાના દર્દીમાં ૧૫ ટકા જેટલો વધારો થયો છે. છેલ્લા પાંચ વર્ષમાં ગુજરાતમાં ખાડામાં પડવાથી ૪૬૮ વ્યક્તિએ જીવ ગુમાવ્યો છે.

ખાનગી જ નહીં સિવિલ હોસ્પિટલમાં પણ કમરના દુ:ખાવા સાથે વધુ સંખ્યામાં દર્દીઓ આવી રહ્યા છે. સોલા સિવિલમાં ગત વર્ષે ચોમાસાના ત્રણ મહિના દરમિયાન ઓર્થોપેડિક ડિપાર્ટમેન્ટમાં ૧૦૧૩૩ કેસ નોંધાયા હતા. ખાનગી હોસ્પિટલમાં પણ છેલ્લા એક મહિનાથી કમરના દુખાવા, સ્પોન્ડેલાઈસિસના દર્દીઓની સંખ્યામાં વધારો નોંધાયો છે.

આ અંગે એક તબીબે જણાવ્યું કે, ‘છેલ્લા બે સપ્તાહ જે પણ દર્દીઓ આવે છે તેમાંથી મોટાભાગના કમરના દુખાવાના હોય છે. આ સિવાય ઠોકર લાગવાથી પગમાં મચકોડ, ફ્રેક્ચર દર્દીઓ પણ વધ્યા છે. આપણે ત્યાં દર વર્ષે ખાડાની આ સમસ્યા રહેતી જ હોય છે. જેના કારણે પ્રત્યેક વાહનાચાલકે ખાડો આવે ત્યારે વાહનની ગતિ સાવ ધીમી કરી દેવી, લાંબા અંતરનું ડ્રાઈવ કરવાનું થતું હોય અને કમરના દુ:ખાવાની સમસ્યા રહેતી હોય તો કમરનો બેલ્ટ પહેરવો જેવી તકેદારી રાખવી જોઈએ.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી 28 જુલાઈએ ગુજરાત આવશે

ગુજરાત | વંદન

વડાપ્રધાન નરેન્દ્ર મોદી જુલાઈ માસના અંતિમ સપ્તાહમાં ગુજરાતના પ્રવાસે આવશે. ગાંધીનગર ખાતે સેમિકોન ઈન્ડિયના કાર્યક્રમમાં હાજરી આપી શકે છે તેમજ રાજ્યના અનેક વિકાસલક્ષી પ્રોજેક્ટનું પણ લોકાર્પણ અને ખાત મુર્હત કરી કરશે.

ગુજરાત સહિત દેશભરમાં G-20ના વિવિધ કાર્યક્રમોની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે વડાપ્રધાન મોદી ગુજરાત પ્રવાસ દરમિયાન G-20ના કાર્યક્રમમાં હાજરી આપશે. આ સિવાય ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતેના કાર્યક્રમમાં પણ ઉપસ્થિત રહેશે. વડાપ્રધાન મોદી 28 જુલાઈએ એક દિવસ માટે ગુજરાતના પ્રવાસ પર આવશે. આ સાથે અનેક વિકાસલક્ષી પ્રોજેક્ટનું લોકાર્પણ કરશે તેમજ અન્ય પ્રોજેક્ટનું ખાત મુર્હત કરશે. આ ઉપરાંત ક્લાયમેટ ચેન્જ સંદર્ભના કાર્યક્રમાં પણ હાજરી આપશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાલ યુએઈના પ્રવાસે છે.

### સિંધુભવન રોડ પર આવેલા કાફેના માલિક પાસેથી સ્ટોલના બહાને 1.50 લાખ લીધા

## પોપ્યુલર ગ્રૂપના રમણ પટેલના બંને દીકરા વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ

ગુજરાત | વંદન

સિંધુભવન રોડ પર આવેલા એક કાફેના માલિકે પોપ્યુલર ગ્રૂપના બિલ્ડર રમણ પટેલના બે પુત્ર મૌનાંગ અને પ્રિયેશ વિરુદ્ધ બોડકદેવ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. આ બંનેએ એસબીઆર ફૂડ કોર્ટમાં સ્ટોલ આપવાના બહાને કાફેના માલિક પાસેથી રૂ.1.50 લાખ લીધા હતા. જ્યારે ફૂડ કોર્ટ ફરી વખત શરૂ ન થતા પૈસા પાછા માગતા બંનેએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

નિકોલમાં રહેતા વિમલ બારોટ (25)એ મૌનાંગ પટેલ અને પ્રિયેશ પટેલ વિરુદ્ધ ધાકધમકી આપી હોવાની ફરિયાદ નોંધાવી છે, જેમાં જણાવ્યા અનુસાર, વિમલ સિંધુભવન રોડ પર ન્યૂ મૂન કાફે ધરાવે છે. મૌનાંગ અને પ્રિયેશે સિંધુભવન રોડ પર એસબીઆર ફૂડ કોર્ટ શરૂ કર્યું હોવાથી બે વર્ષ પહેલા વિમલ તેમના સંપર્કમાં આવ્યો હતો.

દોઢ વર્ષ પહેલાં પ્રિયેશે વિમલને ફોન કરીને કહ્યું હતું કે, મારા ઉપર કેસ થયો છે, પૈસાની જરૂર છે, જેથી વિમલે તેને રૂ.50 હજાર ઉછીના આપ્યા હતા. ત્યાર બાદ બંને ભાઈઓએ વિમલને કહ્યું હતું કે, અમે એસબીઆર ફૂડ કોર્ટ ફરી વખત શરૂ કરવાના છીએ, જેમાં વિમલને ઢોંસાનો સ્ટોલ રાખવાનો હોવાથી તે પેટે પ્રિયેશે વિમલ પાસેથી રૂ.1 લાખ લીધા હતા. જોકે ત્યારબાદ તેમણે ફૂડ કોર્ટ શરૂ નહીં કરતા વિમલે પૈસા પાછા માગ્યા હતા. દરમિયાનમાં વિમલ સિંધુ ભવન રોડ પરના ગોટીલા ગાર્ડન સામે આવેલી મૌનાંગ અને પ્રિયેશની ઓફિસે જતા તે બંનેએ પૈસા માટે ઝઘડો કરી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

### સાત ક્ષેત્રોમાં આંતરરાષ્ટ્રીય સ્તરનું ઈન્ફ્રા. પ્રોજેકશન

## ઓલિમ્પિક 2036 માટે અમદાવાદને ડિજિટલી સજાવશે વૈશ્વિક આર્કિટેક ટીમ

ગુજરાત | વંદન

2036ના ઓલિમ્પિક માટે ભારત બીડીંગ કરવા જઈ રહ્યું છે અને આ માટે અમદાવાદ એ મુખ્ય યજમાન હશે જેમાં અમદાવાદ તથા તેના આસપાસના વિસ્તારોમાં પણ વિવિધ ગેઈમ માટે તથા ઓલિમ્પીક વિલેજ સહીતની સુવિધાઓ માટે હવે એક વિમાન ઓસ્ટ્રેલિયન આર્કિટેક ફર્મની સેવા લેવામાં આવી રહી છે જે આ ઓલિમ્પિક માટે ઈન્ફ્રાસ્ટ્રકચર સુવિધાનો માસ્ટર પ્લાન બનાવશે તથા ‘પોપ્યુલસ’ ને ખાસ રોકવામાં આવી છે.

આ ફર્મ વિશ્વ ખેલકુદ મનોરંજન અને સાંસ્કૃતિ ઈવેન્ટ




જે ઓલિમ્પિક કક્ષાના હોય તેના ડિઝાઈનીંગમાં ખૂબજ અનુભવી અને લક્ષ્ય ગણાય છે. આ ફર્મના એન્જીનીયર્સ તથા અન્ય નિષ્ણાંતોએ સમગ્ર શહેર તથા આસપાસના ક્ષેત્રનો સર્વે કરી લીધો છે. જેમાં મોટેરા, કોટેશ્વર તથા ચાંદખેડા કોબા અને ઝુંડાલનો સમાવેશ થાય છે.

ટીમ 15 દિવસ રોકાઈ હતી અને હવે માસ્ટરપ્લાન બનાવી સરકારને સુપ્રત કરશે.

### શહેરના દક્ષિણ બોપલમાં આવેલી રાજવી એમેરાલ્ડ સોસાયટીની ઘટના

## યુવતીને ઈન્સ્ટાગ્રામ પર ‘Hi’નો મેસેજ મોકલ્યો, રાતોરાત બંગ્લો ખાલી...!

ગુજરાત | વંદન

શહેરના દક્ષિણ બોપલમાં આવેલી રાજવી એમેરાલ્ડ સોસાયટીમાં આવેલા બંગલામાં પેઈંગ ગેસ્ટ તરીકે કેટલાક શખસોને સ્થાનિકોએ માર મારતા હોબાળો મચી ગયો. ઘટનાની વિગતો પર નજર કરીએ તો એક શખસે યુવતીને ઈન્સ્ટાગ્રામ પર ‘Hi’નો મેસેજ મોકલ્યો હતો. યુવતી સોસાયટીની જ હોવાથી ત્યાંના રહીશો બંગલે પહોંચી ગયા હતા અને યુવકોને મારવાનું શરૂ કર્યું હતું.

એક મીડિયા અહેવાલ પ્રમાણે, સોસાયટીના સભ્યોએ યુવકોને રાતોરાત બંગલામાંથી બહાર જવાની ફરજ પાડી હતી. આ



ઘટના 5 જુલાઈના રોજ બની હતી પરંતુ બોપલ પોલીસને ઘટનાસ્થળે બોલાવવામાં આવી હોવા છતાં કોઈ ફરિયાદ નોંધાઈ ન હતી. હાલ યુવકો પીજી આવાસમાંથી પણ નીકળી ગયા છે. બોપલ પોલીસ સ્ટેશનના નિરીક્ષક એ.પી. ચૌધરીએ જણાવ્યું હતું કે, કોઈએ કંટ્રોલ રૂમમાં ફોન કર્યા બાદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હોવા છતાં આ મામલે કોઈ ફરિયાદ નોંધાઈ નથી.

બંગલામાં પેઈંગ ગેસ્ટ તરીકે રહેતા એક છોકરા અક્ષય પટેલે એક મીડિયાને જણાવ્યું કે, આ ઘટના 5 જુલાઈના રોજ રાત્રે 10 વાગ્યાની આસપાસ બની હતી જ્યારે રહેવાસીઓ બંગલામાં ઘૂસી ગયા હતા અને યુવકને માર મારવાનું શરૂ કર્યું હતું. તેઓ ગુસ્સે થયા હતા કારણ કે પીજી નિવાસીઓમાંથી એકે તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર સોસાયટીમાં રહેતી એક સગીર છોકરીને કથિત રીતે મેસેજ કર્યો હતો. પટેલે જણાવ્યું હતું કે, સોસાયટીના સભ્યોએ આ મામલે મધ્યસ્થી કરવા આવેલા છોકરાઓને માર માર્યો હતો.

## મોદી ડીગ્રી કેસ: કેજરીવાલને 26મીએ હાજર રહેવા તાકીદ

ગુજરાત | વંદન

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ડીગ્રીના કેસમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ આજે અમદાવાદની કોર્ટમાં હાજર નહી રહેતા હવે તેમને 26 જુલાઈએ હાજર રહેવા સમન્સ ફટકારાયું છે. મેટ્રો કેસમાં આજે ગુજરાત યુનિ.એ કરેલી અરજી સંદર્ભમાં સુનાવણી થઈ હતી પણ તેમાં તથા પક્ષના સાંસદ સંજયસિંહ હાજર રહ્યા ન હતા. દિલ્હીમાં પુરની પરીસ્થિતિના કારણે મુખ્યમંત્રી તરીકે તેઓની દિલ્હીમાં હાજરી જરૂરી હોવાનું જણાવીને નવી તારીખ આપવા જણાવાતા તા.26 જુલાઈએ કોઈ નવી તારીખ અપાશે નહી તેવું જણાવીને તા.26ના રોજ હાજર રહેવા તાકીદ કરવામાં આવી હતી.

### રાજ્ય શિક્ષણમંત્રીની પ્રેરક ઉપસ્થિતિમાં

## દીકરીઓએ એકસાથે હનુમાન ચાલીસા ગાતા વાતાવરણ ભક્તિમય બન્યું

ગુજરાત | વંદન

અમદાવાદ શહેરના નારણપુરા, સ્થિત અત્યાધુનિક ઈન્ફ્રાસ્ટ્રકચરથી સજ્જ “સૌરાષ્ટ્ર પટેલ કન્યા છાત્રાલય” ની રાજ્ય શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનશેરિયા મુલાકાતે પહોંચ્યા હતા. જ્યાં તેમણે વિદ્યાર્થીઓ સાથે શિક્ષણલક્ષી સંવાદ કર્યો હતો. સમાજમાં વધુ ને વધુ દીકરીઓ ભણે, આગળ વધે અને સન્માનથી જીવન જીવે એ ધ્યેય સાથે કાર્યરત છાત્રાલયની વિવિધ કન્યા કેળવણીના કાર્યોને બિરદાવ્યા હતા. ઉપસ્થિત તમામ દીકરીઓ દ્વારા એક સાથે હનુમાન ચાલીસા કરતા વાતાવરણ ભક્તિમય બન્યું હતું.

સમાજના વડીલો હરહંમેશ સમાજના બાળકોના અભ્યાસની




ચિંતા કરીને જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે આગળ આવ્યા છે, ત્યારે કન્યા કેળવણીને પ્રોત્સાહન આપવા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર કટિબદ્ધ છે તેવું તેમણે જણાવ્યું હતું. આ અવસરે ધારાસભ્ય મહેશ કાસવાલા, પૂર્વ ધારાસભ્ય વલ્લભભાઈ કાકડિયા અને સામાજિક અગ્રણીઓ તથા મોટી સંખ્યામાં છાત્રાલયની દીકરીઓ ઉપસ્થિત રહી હતી.

# ગુજરાત બાર કાઉન્સિલની 25 હજારની એનરોલમેન્ટ ફીને હાઈકોર્ટમાં પડકાર

### » એક્ટિંગ ચીફ જસ્ટિસની ખંડપીઠે બાર કાઉન્સિલ સહિતના પ્રતિવાદીઓને નોટિસ પાઠવી

ગુજરાત | વંદન

LLBનો કોર્સ પૂરો થયા બાદ વકિલાતની પ્રેક્ટિસ માટે બાર કાઉન્સિલમાં ફરજિયાત રજિસ્ટ્રેશન કરાવવું પડે છે અને એના એનરોલમેન્ટ માટે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની રૂ.૨૫ હજારની ફી વસૂલે છે. જે ફી ખૂબ વધુ હોવાની રજૂઆત સાથે હાઈકોર્ટમાં એક જાહેરહિતની અરજી પાર્ટી ઈન પર્સન દ્વારા કરવામાં આવી છે. જે રિટમાં પ્રાથમિક સુનાવણી બાદ એક્ટિંગ




ચીફ જસ્ટિસ એ.જે. દેસાઈ અને જસ્ટિસ બિરેન વૈષ્ણવની ખંડપીઠે બાર કાઉન્સિલ ઓફ ગુજરાત સહિતના પ્રતિવાદીઓને નોટિસ પાઠવી છે.

આ કેસમાં પાર્ટી ઈન પર્સન તરીકે અરજી કરીને અરજદારે એવા મુદ્દા ઉપસ્થિત કર્યા છે કે, બાર કાઉન્સીલ ઓફ ગુજરાત દ્વારા જનરલ કેટેગરી માટે 25 હજાર, અનુસૂચિત જાતિ-જનજાતિ માટે 22 હજાર ફી લેવામાં આવે છે. તે સિવાય માર્કશીટ વેરિફિકેશનના રૂ. 2500 અલગથી લેવામાં આવે છે. બાર કાઉન્સિલ એડવોકેટ એક્ટ-1961 હેઠળ આ નોંધણી(એનરોલમેન્ટ) કરવામાં આવે છે. આ કાયદાની જોગવાઈ મુજબ સામાન્ય કેટેગરીના ઉમેદવારની બાર કાઉન્સીલ ઓફ ગુજરાતની ફી રૂ.600 અને બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયાની ફી 150 રૂપિયા છે. અનુસૂચિત જાતિ-જનજાતિની બાર કાઉન્સીલ ઓફ ગુજરાતની ફી 100 રૂપિયા અને બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયાની ફી 25 રૂપિયા થાય છે, પરંતુ LLBનો કોર્સ કરીને વકીલાત શરૂ કરવા માગતા ઉમેદવારો પાસેથી ઊંચી ફી લેવામાં આવે છે. ભારતના બંધારણના આર્ટિકલ 19(1) હેઠળ દરેક નાગરિકને કોઈ પણ પ્રકારના વ્યવસાયની મંજૂરી અપાઈ છે. એ બંધારણીય મૂળભૂત અધિકાર છે. તેમ છતાંય બાર કાઉન્સિલ ઓફ ગુજરાત જેટલી ફી લે છે એટલી ફી તો LLBની કોલેજો પણ લેતી નથી.

## લગ્નની લાલચે દુષ્કર્મની ફરિયાદ પર ગુજરાત HCનો ઐતિહાસિક ચુકાદો

### ‘બન્ને પાત્ર પુખ્ત વયના હોવાથી ફરિયાદ નોંધી ન શકાય’

### » પુખ્તવયના બન્ને પાત્રો વચ્ચે શારીરિક સંબંધ બંધાયા હોય તો તેને દુષ્કર્મ ન માની શકાય’

ગુજરાત | વંદન

લગ્નની લાલચે દુષ્કર્મની ફરિયાદો પર ગુજરાત હાઈકોર્ટનો ઐતિહાસિક ચુકાદો સામે આવ્યો છે. જેમાં હાઈકોર્ટે અવલોકન કાઢ્યો છે કે, પુખ્તવયના બંન્ને પાત્રો વચ્ચે શારીરિક સંબંધ બંધાયા હોય તો તેને દુષ્કર્મ માની શકાય નહીં તેમજ બંન્ને પાત્ર પુખ્ત વયના હોવાથી કલમ 376 હેઠળ ફરિયાદ નોંધી ન શકાય. શારિરીક સંબંધ બંધાય અને લગ્ન ન થાય તો દુષ્કર્મની ફરિયાદ ન નોંધી શકાય.

‘લગ્નની લાલચે સરેન્ડર ન




કરી શકો’

હાઈકોર્ટે એવું પણ કહ્યું છે કે, તમે પુખ્તવયના હોય તો લગ્નની લાલચે સરેન્ડર ન કરી શકો અત્રે તમને જણાવીએ કે, અમદાવાદમાં રહેતા અલગ અલગ રાજ્યના સ્ત્રી-પુરૂષ વચ્ચે સંબંધ બંધાયા બાદ સ્ત્રીએ ફરિયાદ નોંધાવી હતી. લગ્ન સહિત લોભામણી લાલચો આપી શારીરિક સંબંધ બાંધ્યા હોવાનો આક્ષેપ કર્યો હતો. બીજી વખત પ્રેમમાં રહ્યાં બાદ મહિલાએ ફરી લગ્નની લાલચે શારીરિક સંબંધ બાંધ્યાની ફરિયાદ નોંધાવી હતી.

### AMC 96 લાખના ખર્ચે સૂકો- ભીનો કચરો અલગ કરવા

## શહેરના જમાલપુર અને ખાડિયા વિસ્તારમાં ઘરે-ઘરે જઈને સમજાવશે

### ભૂતકાળમાં પણ કરોડો રૂપિયાનો ખર્ચ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ કરી ચૂકી છે

ગુજરાત | વંદન

અમદાવાદ શહેરમાં સૂકો અને ભીનો કચરો અલગ કરવા માટે થઈ અનેક વખત સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. છતાં પણ શહેરમાં ક્યાંય પણ સુકો ભીનો કચરો અલગ કરવામાં આવતો નથી. ત્યારે હવે મ્યુનિસિપલ કમિશનર દ્વારા પાયલોટ પ્રોજેક્ટ હેઠળ શહેરના જમાલપુર અને ખાડિયા વિસ્તારમાં સુકો ભીનો કચરો અલગ કરવા માટે થઈ લોકોને સમજાવવા 6 મહિનાના રૂ. 96 લાખના ખર્ચે ઈન્દોરની એજન્સીને કામ સોંપવા અંગેની દરખાસ્ત હેલ્થ એન્ડ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ કમિટીમાં મૂકવામાં આવી હતી, જેને ભાજપના સત્તાધીશો દ્વારા મંજૂરી આપી દેવામાં આવી છે.

સ્વચ્છતા સર્વેક્ષણ હેઠળ ભૂતકાળમાં પણ કરોડો રૂપિયાનો ખર્ચ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ કરી ચૂકી છે, ત્યારે ફરી એકવાર પાયલોટ પ્રોજેક્ટના નામે




શહેરના જમાલપુર અને ખાડિયા વિસ્તારમાં 80000 ઘરોમાં સોર્સ સેગ્રીગેશન બાબતે કામગીરી કરવા માટે સૃષ્ટિ વેસ્ટ મેનેજમેન્ટ કંપનીને દર મહિને 16 લાખ એમ 80,000 ઘરોમાં છ મહિના માટે રૂ. 96 લાખના ખર્ચના કોન્ટ્રાક્ટને સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ કમિટી દ્વારા મંજૂરી આપવામાં આવી છે.

## તસ્વીર સમાચાર

(તસ્વીરો- મૌર્ય ભાગ્યવાન)



**ડિમોલીશન:** શહેરના જમાલપુરમાં તાડની શેરી વિસ્તારમાં ગેરકાયદે બંધાયેલી બે ઈમારતોનું કોર્પોરેશન દ્વારા ડિમોલિશન પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી, તસ્વીરમાં દેખાઈ છે તેમ દબાણ વિભાગના કર્મચારીઓ ગેરકાયદે બાંધકામ દૂર કરતા નજરે પડે છે.



**ભૂવાનગરી:** અમદાવાદની એક આગવી ઓળખ જાણે-અજાણે ભૂવા નગરી તરીકે પડી રહી છે, ચોમાસામાં રોડ પર અચાનક મોટો ખાડો પડી જાય છે. જેને ભુવો કહેવામાં આવે છે. તસવીરમાં રાણિપના બલોલનગરમાં નજીક-નજીક બે ભૂવા દેખાય છે.



**નાપાસ-પાસ:** કોંગ્રેસ દ્વારા આરોપ મુકવામાં આવ્યો છે કે બી.એસ. સી. નર્સિંગની ચોથા વર્ષની પરીક્ષામાં માનીતા વિદ્યાર્થીઓને પાસ કરવામાં આવ્યા છે. એનએસયૂઆઈ દ્વારા આ અંગેની રજૂઆત કુલપતિ સમક્ષ કરવામા આવી તે પ્રસંગની તસવીર.



**અમદાવાદનો રિક્ષાવાળો:** અમદાવાદની આગવી ઓળખ એટલે લાલ, પીળી અને કાળી હવે ગ્રીન રંગની ઓટો રિક્ષા ઉબેર-ઓલા વગેરે દ્વારા રિક્ષા ક્ષેત્રમાં પ્રવેશ કરાતા મૂળ રિક્ષા ડ્રાઈવરોને પડતી મુશ્કેલીઓ અંગે કલેક્ટર સમક્ષ રેલી યોજીને રજુઆત કરવામાં આવી હતી.

**લાયસન્સ ફી 2000: કમિટીમાં કમિશ્નર દ્વારા નક્કી કરવામાં આવી**

### રખડતાં ઢોર મામલે AMCનો અત્યાર સુધીનો સૌથી મોટો નિર્ણય

# લાયસન્સ ફરજિયાત સાથે ઢોર અંકુશ પોલિસીને મંજૂરી અપાઈ

ગુજરાત | વંદન

અમદાવાદી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અમદાવાદીઓની સુરક્ષાને ધ્યાનમાં લઈ મહત્વનો નિર્ણય લીધો છે. ત્યારે આજે મળેલી સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમા AMC દ્વારા ઢોર અંકુશ પોલીસીને મંજૂરી આપી દેવામાં આવી છે. ત્યારે અગાઉ આ પોલિસીને મંજૂર કરાઈ ન હતી. આજે સુધારા વધારા સાથે ઢોર અંકુશ પોલિસીને મંજૂરી આપી દેવામાં આવી છે.

આ બાબતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનાં સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન હિતેષ બારોટે જણાવ્યું હતું કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ગુજરાત હાઈકોર્ટની ગાઈડ લાઈન પ્રમાણે આજે સ્ટેન્ડિંગ કમિટીમાં તાકીદનું કામ લાવવામાં આવ્યું હતું. જેમાં ઢોર નિયંત્રણ કાયદાને લાગુ કરવામાં આવ્યો છે. જેમાં કોઈ પણ પશુપાલકે પોતાને પશુ રાખવા માટે પોતાની નિર્ધારિત જે જગ્યા નક્કી કરવામાં આવી છે. તે જગ્યા સાથે તે જગ્યા પર કેટલા ઢોર રાખી શકાય તેમ છે. તે જગ્યા નિર્ધારિત કરવી



પડશે. તેની લાયસન્સ ફી 2000 કમિટીમાં કમિશ્નર દ્વારા નક્કી કરવામાં આવી હતી. જેની જગ્યાએ લાયસન્સ ફી રૂા. 500 તેમજ રીન્યુઅલ ફી રૂા. 250 રાખવામાં આવી છે. અગાઉ જે દંડની વ્યવસ્થા હતી. એ દંડની વ્યવસ્થા હતી એની એજ રાખવામાં આવી છે.

અત્યારે લાયસન્સ ફી ત્રણ વર્ષ માટે લેવામાં આવી હતી. જેમાં પહેલા 2000 રૂ. લાયસન્સ ફી નક્કી કરવામાં આવી હતી. જેમાં સુધારો કરી 500 રૂા. લાયસન્સ ફી નાં કરવામાં આવ્યા છે. જે લોકો પ્રાઈવેટ ટ્રસ્ટ્રમાં પોતાનાં પશુઓ રાખતા હતા. તેમની જ નોંધણી કરવામાં આવશે. તેમજ ગુજરાત સરકાર દ્વારા નક્કી કરાયેલ કાયદા પ્રમાણે પશુપાલક સાથે વ્યવહાર કરવામાં આવશે. ત્યારે આ પોલીસીનો 90 દિવસમાં અમલ કરવામાં આવશે. કોઈ પણ પશુ વધુમાં વધુ વખત પકડાશે તે પ્રમાણે દંડ પણ દોઢો થશે. જેમાં એક વખત પકડાશે તો સિંગલ દંડ થશે. બીજી વખત પકડાશે તો દોઢે દંડ હશે અને ત્રીજી વખત પકડાશે ડબલ દંડ કરવામાં આવશે.

# સાપ્તાહિક ગુજરાત વંદન સંપાદકીય....


## કમ ઓગસ્ટ...અને ભારત પાસે વિશ્વને બતાવી દેવાનો એક રૂડેરો અવસર હાથ વેંતમાં છે..!



ફિલ્મ પાકિઝાના એક ગીતમાં નાયિકા કહે છે- ચલો દિલદાર ચલો ચાંદ કે પાર ચલો....અને હવે ભારતની ઈસરોની ટીમ દ્વારા તૈયાર ચંદ્રયાન-3 ઝુઉઉઉઉમ કરીને અંતરિક્ષમાં રવાના થઈને પોતાના મિશન પર નિકળી પડ્યું છે. 24-25 ઓગસ્ટના રોજ તે ચંદ્રની ધરતી પર ઉતરશે, જો બધુ હેમખેમ રહ્યું તો...કેમ કે 4 વર્ષ પહેલાં મોકલેલુ ચંદ્રયાન-2નું લેન્ડર ચંદ્રની સપાટી પર સલામત ઉતરી શક્યુ નહોતુ અને ઝડપભેર પટકાતા મિશન નિષ્ફલ ગયું હતું. જો રે આપમા વિજ્ઞાનીઓએ તેનાથ નિરાશ થવાને બદલે તેની ભૂલો શોધી કાઢીને સુધારા-વધારા સાથે ચંદ્રયાન-3 તૈયાર કર્યું અને તેને રવાના કર્યું છે.

જો કે ચંદ્રયાન-3ને રવાના કરતાં પહેલા ઈસરોની વિજ્ઞાનીઓની એક ટીમ દ્વારા આંધ્રમાં વેંકટચલાપતિ ભગવાનના મંદિરમાં ચંદ્રયાન-3ની પ્રતિકૃતિ ભગવાન સમક્ષ મૂકીને મિશન હેમખેમ પાર પડે એવી ભગવાનને વિનંતી કરી હતી. કેમ કે ગઈ વખતના મિશનની નિષ્ફળતા ખૂબ મોટી નિષ્ફળતા હતી. તેમ છતાં આપણા વિજ્ઞાનીઓ હિંમત હાર્યા વગર આગળ વધ્યા અને ભગવાનના ચરણોમાં અરજ પણ ગુજારી.

અલબત આ અંગેના સમાચારો અને વિડિયો વાઈરલ થયા ત્યારે તેમની કોઈએ ટીકા ટિપ્પણી ભલે કરી પરંતુ આખરે તો ઓલમાઈટી ભગવાનના હાથમાં જ છે, કુદરત સાથ આપે તો જ શકય હોય છે અને માત્ર ભારતના જ નહીં અમેરિકાના મિશનો પણ નિષ્ફળ ગયા છે. કલ્પના ચાવલા સહિતના 6 અંતરિક્ષયાત્રીઓ સ્પેસ સ્ટેશનથી રવાના થયા બાદ પૃથ્વી પર ક્યારેય જીવતા પાછા આવી શક્યા નથી, એટલે ભારતનું મિશન નિષ્ફળ જાય તો તેમાંથી શીખીને આગળ વધીએ. કોઈએ કહ્યું છે, ચલે, ગીર પડે, ઉઠે ઓર ફિર મંઝિલ કી ઓર ચલ પડે...!




ચંદ્રયાન બાદ ભારત ગગનયાનની તૈયારીમાં પણ છે. આ ઉપરાંત વડાપ્રધાન મોદીએ અમેરિકાની તાજેતરની મુલાકાત વખતે અમેરિકા સાથે કરેલા એક કરાર અનુસાર હવે ભારતનો અંતરિક્ષયાત્રી ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશનમાં પણ જઈને ત્યાં ચાલતા વિવિધ પ્રયોગોમાં ભાગ લઈ શકશે.નોંધનીય છે કે ભારતના કેટલાક પાયલટ રશિયામાં અતંરિક્ષયાત્રીની તલીમ લઈ રહ્યાં છે. અને તાલીમ બાદ તેઓ અંતરિક્ષમા જશે.

એ ભારત જ છે કે જેના ચંદ્રયાન-1ના મિશનમાં દુનિયાને એવી માહિતી મળી કે ચંદ્ર પર પાણી છે. અને પાણી હોય તો ત્યાં માનવ વસ્તી શક્ય છે. અને તેના પગલે જ તે પછી ચાંદ પર દુનિયા બસાને કી...કલ્પનાઓના દોર ચાલ્યા અને ત્યાંના મકાનો કેવા હશે, આવન-જાવન કઈ રીતે સરળ બનશે તેના પ્રયોગો ધમધોકાર થઈ રહ્યાં છે. ચંદ્રયાન મિશન-2 વખતે વિજ્ઞાનીઓએ વિક્રમ નામના લેન્ડરને સપાટી પર ઉતારવા ખૂબ મથામણ કરી પણ સફળતા મળી નહોતી. આ વખતે તો 24 કે 25 ઓગસ્ટના રોજ જ્યારે ચંદ્રયાન-3નું લેન્ડર ચંદ્રની સપાટી પર હળવેકથી ઉતરશે ત્યારે ભારત આવી સફળતા મેળવનાર વિશ્વનું ચોથુ દેશ બનશે.

ગગનયાનના માધ્યમથી ભારત આવનાર વર્ષોમાં મંગળ નામના ગ્રહ ઉપર ભારતીયને મોકલવા માંગે છે. રાતા ગ્રહ તરીકે જાણીતા આ ગ્રહ પર પહોંચવા માટે અમેરિકાની નાસા એજન્સી પણ પ્રયાસો કરી રહી છે. ચીન, યુરોપ અને અમેરિકા પણ અંતરિક્ષ પર પોતાનું વર્ચસ્વ સ્થાપા મથી રહ્યાં છે. ચીન તો ચંદ્ર પર કબજો જમાવવા માંગે છે એટલે એમ કહી શકાય કે લુચ્ચા શિયાળની જેમ ચીન છેક ચંદ્ર સુધી પોતાની વિસ્તારવાદી નીતિનો અમલ કરવા માંગે છે...! ચંદ્રયાન રવાના થઈ ગયું છે.... કમ ઓગસ્ટ.. અને ભારત પાસે ઉજવણી અને વિશ્વને બતાવી દેવાનો એક રૂડેરો અવસર માનો કે હાથ વેંતમાં છે..!




ધર્મ

## હરિયાળી અમાસઃ પ્રકૃતિની નજીક જવાનો અને તેના પ્રત્યે આભાર પ્રકટ કરવાનું પર્વ

હરિયાળી અમાસના દિવસે વૃક્ષ અને છોડને રોપવાનુ કાર્ય કરવામાં આવે છે. જેનાથી પર્યાવરણ શુદ્ધ થાય છે. ધરતી હરીભરી થાય છે. વૃક્ષ-છોડમાં અનંત શક્તિઓ રહે છે. જે પ્રકૃતિનો અનુપમ ઉપહાર છે. જેનાથી બધાને શુદ્ધ ઓક્સિજન પ્રાપ્ત થાય છે. હવામાન પણ સંપૂર્ણ રીતે નિયંત્રણમાં રહે છે. હિન્દુ ધર્મમાં વૃક્ષોને દૈવી શક્તિથી પરિપૂર્ણ માનવામાં આવે છે. એવુ કહેવાય છે કે પીપળાનુ વૃક્ષ લગાવવાથી મનુષ્યને સેકડો યજ્ઞ સમાન પુણ્ય પ્રાપ્ત થાય છે. શમીનુ વૃક્ષ લગાવવાથી શરીર નિરોગી રહે છે. અશોકનુ વૃક્ષ લગાવવાથી બધી બિમારી દૂર રહે છે. આ પ્રકારના વિચારોને ધ્યાનમાં રાખીને વૃક્ષને સંતાન તરીકે પૂજવામાં આવે છે.



શ્રાવણ મહિનાની હરિયાળી અમાસ 17 જુલાઈ 2023 ના દિવસે મનાવવામાં આવશે. આ દિવસે પાંચ પ્રકારના છોડ લગાવવાથી પિતૃદોષ અને શનિ દોષ અને કાલ સર્પ દોષમાંથી મુક્તિ મળે છે તેવું શાસ્ત્રમાં કહેવામાં આવ્યું છે. શાસ્ત્ર અનુસાર લીમડો, આંબળા અને બિલ્લી તથા વડના વૃક્ષ વાવવાથી આ પ્રકારના દોષમાંથી મુક્તિ મળે છે.

હરિયાળી અમાસના દિવસે વૃક્ષ-છોડ લગાવવાથી પ્રકૃતિ હરીભરી થાય છે, જેનાથી પર્યાવરણ શુદ્ધ અને સંતુલિત થાય છે. આપણને સારી માત્રામાં ઑક્સિજન પ્રાપ્ત થાય છે. જે આપણા જીવનનો આધાર છે. આખા સંસારમાં ગ્લોબલ વોર્મિંગને ઘટાડવા માટે વૃક્ષ લાભદાયક હોય છે. તેથી હિન્દુ ધર્મમાં અમાસના દિવસે પૃથ્વીને હરી-ભરી બનાવવાનો સંકલ્પ લેવામાં આવે છે. હરિયાળી અમાસના દિવસે પિતૃઓને પ્રસન્ન રાખવા માટે હવન-પૂજા અને શ્રાદ્ધ તર્પણ પણ કરવામાં આવે છે.

---

એક એવી ફિલ્મ બની કે જેમાં કે જેમાં હીરોના ચહેરા પર મુસ્કાન નહી, તેનું કોઇ ગીત નહીં અને મનમાં ધગધગતો જ્વાળામુખી હોય...

### ફિલ્મ ઝંઝીર માટે દિલીપકુમાર સહિતના ચાર ચાર ધુરંધર કલાકારો તૈયાર ના થયા, છેવટે સલીમ- જાવેદે અમિતાભનું નામ સુચવ્યું અને...!

# નિર્માતાએ અમિતાભને મોં મચકોડીને પસંદ કર્યો અને નવો ઈતિહાસ રચાઇ ગયો....!

સાપ્તાહિક ગુજરાત વંદન





તારીખ 11 મે 1973. પચાસ વર્ષ પહેલાં, જે દિવસે નિર્માતા-દિગ્દર્શક પ્રકાશ મહેરાની ઝંજીર રિલીઝ થઈ રહી હતી, તે દિવસે ફિલ્મ વિશે કોઈ ગણગણાટ નહોતો... દિગ્દર્શક તરીકે, આ પહેલા તેણે ત્રણ સફળ ફિલ્મો હસીના માન જાયેગી (1969), મેલા (1971) અને સમાધિ (1972) બનાવી હતી. પરંતુ નિર્માતા તરીકે આ તેમની પ્રથમ ફિલ્મ હતી. તેણે તેની તમામ બચત આ ફિલ્મમાં લગાવી દીધી હતી. બોમ્બેના સિનેમાઘરોમાંથી આવતા પ્રારંભિક અહેવાલો અસ્વસ્થ હતા. ટિકિટની બારીઓ ખાલી હતી.

ચોથા દિવસે તેઓ બાંદ્રાના થિયેટરમાં પહોંચ્યા તો ચોંકી ગયા. દર્શકોની ભારે ભીડ ત્યાં હાજર હતી. પાંચ રૂપિયાની ટિકિટનું સો રૂપિયામાં બ્લેક માર્કેટિંગ થતું હતું. સિનેમા હોલની અંદર, સલીમ-જાવેદ દ્વારા લખાયેલી ફિલ્મમાં ઈન્સ્પેક્ટર વિજય ખન્નાની ભૂમિકા ભજવતો એક લાંબો હીરો સ્ક્રીન પર પોતાના જીવંત અવાજમાં સંવાદો બોલી રહ્યો હતો, “જબ તક બેઠને કો કહા ન જાય શરાફત સે ખડે રહો.. યે પુલીસ સ્ટેશન હૈ તુમ્હારે બાપ કા ઘર નહી...“ અને દર્શકો એ દમદાર ડાયલોગ પર સીટીઓ વગાડતા હતા. આ ફિલ્મ સુપરહિટ બની હતી.

પ્રકાશ મહેરા માટે તે રાહતની વાત હતી. તેણે જે હીરો અમિતાભ બચ્ચન પર દાવ લગાવ્યો હતો તે સફળ રહ્યો હતો. આ પહેલા અમિતાભની લગભગ એક ડઝન ફિલ્મો ફ્લોપ થઈ ગઈ હતી, પરંતુ તેમની એકમાત્ર હિટ ફિલ્મ આનંદ (1971)નો બધો જ શ્રેય તે જમાનાના સુપરસ્ટાર રાજેશ ખન્નાને મળ્યો હતો. સૌથી મોટી વાત એ હતી કે એ જમાનાના ઓછામાં ઓછા ચાર મોટા હીરોએ ઝંજીરનું પાત્ર ભજવવાની ના પાડી દીધી હતી. મજાની વાત એ પણ છે કે આ ફિલ્મ શરૂઆતમાં ધર્મેન્દ્ર સાથે બનવાની હતી અને તેણે સલીમ ખાન પાસેથી ફિલ્મનો આઈડિયા પણ ખરીદ્યો હતો....

પ્રકાશ મહેરા ધર્મેન્દ્રના ભાઈ અજીત દેઓલ સાથે આ ફિલ્મ બનાવવાના હતા, પરંતુ બાદમાં બંને વચ્ચે વિવાદ થયો અને ધર્મેન્દ્ર ફિલ્મમાંથી બહાર નીકળી ગયા પ્રકાશ મહેરા હવે દેવ આનંદ સાથે ફિલ્મ બનાવવા માંગતા હતા. પ્રાણ એ ફિલ્મમાં શેરખાનનું મજબૂત પાત્ર ભજવી રહ્યો હતો. સલીમ ખાન એ ફિલ્મની સ્ક્રિપ્ટ દેવ આનંદને સંભળાવવા તેમના ઘરે ગયા. સ્ક્રિપ્ટ સાંભળ્યા પછી દેવ આનંદે સલીમ ખાનની સ્ક્રિપ્ટના વખાણ કર્યા, પરંતુ તેમને કહ્યું કે જો તે કોઈ કારણસર ઝંજીરમાં કામ ન કરી શકે તો તેને ખરાબ સ્ક્રિપ્ટ ન ગણવી જોઈએ.

વાસ્તવમાં દેવ આનંદ એ જમાનાના ટોચના અભિનેતાઓમાંના એક હતા. તેમની જોની મેરા નામ (1970) અને હરે રામા હરે ક્રિષ્ના (1972) બંને જબરદસ્ત મ્યુઝિકલ હિટ સાબિત થયા. ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં આ વાતની જોરશોરથી ચર્ચા થઈ હતી કે સ્ક્રિપ્ટ પસંદ આવ્યા બાદ પણ દેવ આનંદે તે ફિલ્મમાં કામ કરવાની ના પાડી દીધી હતી કારણ કે ફિલ્મના હીરો પર કોઈ ગીત નહોતું. એવા અહેવાલો પણ હતા કે દેવ આનંદે પ્રકાશ મહેરાને તેમના નવકેતન બેનર હેઠળ ફિલ્મ બનાવવાની ઓફર કરી હતી, જે પ્રકાશે નકારી હતી.

ત્યારબાદ પ્રકાશ મહેરાએ સલીમ ખાનને અભિનેતા રાજ કુમારને ઝંજીરની સ્ક્રિપ્ટ સંભળાવવા મોકલ્યો.... સલીમ ખાનના જણાવ્યાં મુજબ, રાજ કુમારે સ્ક્રિપ્ટ સાંભળી અને તેમને કહ્યું, “જાની, તુમ હમારી કહાની લે કે આયે હો (તમે અમારી વાર્તા લઈને આવ્યા છો).” હકીકતમાં, ફિલ્મોમાં આવતા પહેલા, રાજ કુમાર બોમ્બેના માહિમ પોલીસ સ્ટેશનમાં સબ-ઈન્સ્પેક્ટર હતા અને તેમને વિજયના પાત્રનું વલણ તેમના પોતાના જેવું જ લાગ્યું. તેણે પ્રકાશને તરત જ ફિલ્મનું શૂટિંગ શરૂ કરવા કહ્યું, પરંતુ તેમાં એક સમસ્યા હતી. રાજ કુમાર એ દિવસોમાં મદ્રાસમાં એક ફિલ્મનું શૂટિંગ કરી રહ્યા હતા. તેણે પ્રકાશને ફિલ્મનું શૂટિંગ મદ્રાસમાં કરવાનું કહ્યું. પ્રકાશને આ વાતથી વાંધો હતો કારણ કે ફિલ્મની વાર્તા બોમ્બે આધારિત હતી. અને મદ્રાસમાં શુંટીંગ કઇ રીતે થાય..?



સલીમ-જાવેદે પણ દિલીપ કુમારને આ ફિલ્મ સંભળાવી, પણ એ દિવસોમાં દિલીપની બહુ મોટી ફિલ્મ બી.આર. ચોપરાની દાસ્તાન (1972)એ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી હતી અને તેને ઝંજીરનો રોલ ‘વન ડાયમેન્શનલ’ લાગ્યો હતો કારણ કે સમગ્ર ફિલ્મમાં ઈન્સ્પેક્ટરનું પાત્ર એક જ હતું. દિલીપ કુમાર એવા પાત્રની શોધમાં હતા જેમાં તેમને અભિનયના અલગ-અલગ આયામો બતાવવાનો મોકો મળે.

સલીમ-જાવેદ માટે એ સંકટનો સમય હતો. આ ફિલ્મને ચાર મોટા હીરોએ રિજેક્ટ કરી હતી. જાવેદ અખ્તરે ફિલ્મને 50 વર્ષ પૂરા થાયની બાબતે એક મિડિયાને આપેલા એક ઈન્ટરવ્યુમાં કહ્યું તેમ, “જો કોઈ સ્ક્રિપ્ટને એક કે બે મોટા સ્ટાર્સ દ્વારા નકારવામાં આવે છે, તો નિર્માતાઓ તેનાથી દૂર થઈ જાય છે. આમ છતાં પ્રકાશ મહેરાને ઝંજીરની સ્ક્રિપ્ટમાં વિશ્વાસ રહ્યો. તે કહેતો રહ્યો કે હું આ સ્ક્રિપ્ટ પર ફિલ્મ બનાવીશ.

હીરો શોધવાના સંઘર્ષ દરમિયાન સલીમ-જાવેદ અને પ્રાણે અમિતાભનું નામ સૂચવ્યું. સલીમ-જાવેદે અમિતાભની બોમ્બે ટુ ગોવા (1971) અને પરવાના (1972) જોઈ હતી, ખાસ કરીને બોમ્બે ટુ ગોવાનું દ્રશ્ય જેમાં શત્રુઘ્ન સિન્હાને ચ્યુઈંગ ગમ ચાવવાની સાથે લડે છે. પ્રકાશ મહેરાએ અનિચ્છાએ એટલે કે મોં મચકોડીને તેમની સલાહ સ્વીકારી. તે પછી જે થયું તે બોલિવૂડ ઈતિહાસનો એક ભાગ છે......

અમિતાભ બચ્ચન બે વર્ષમાં જ ઈન્ડસ્ટ્રીના સૌથી મોટા સુપરસ્ટાર બની ગયા. જંજીર પછી દીવાર (1975) અને શોલે (1975)એ પણ બોક્સ ઓફિસના રેકોર્ડ તોડ્યા હતા. જાવેદ અખ્તરનું માનવું છે કે તે સમયના ઈન્ડસ્ટ્રીના મોટા હીરોએ ગમે તે કારણોસર ઝંજીરને નકારી કાઢ્યું હતું, અજાણતા તેઓએ પોતાનો એક એવો હરિફ, એક એવો વિરોધી ઊભો કર્યો હતો જે તેમનાથી ઘણો આગળ નીકળી ગયો હતો. એટલું જ નહીં, એક સમય એવો આવ્યો જ્યારે હિન્દી સિનેમાને ‘વન મેન ઈન્ડસ્ટ્રી’ કહેવામાં આવતું હતું. અમિતાભના ઉદભવથી રાજેશ ખન્નાના સુપરસ્ટારડમના યુગનો પણ એક જ વારમાં અંત આવ્યો.

અમિતાભ બહુમુખી પ્રતિભા ધરાવે છે, જે તેમણે પાછળથી તેમની ઘણી ફિલ્મોમાં સાબિત કરી બતાવ્યું હતું., પરંતુ તે જંજીરનો ‘એન્ગ્રી યંગ મેન’ હતો જેણે તેમને ફિલ્મ ઉદ્યોગમાં પગ જમાવવામાં મદદ કરી. સલીમ-જાવેદે ઝંજીર માટે એક એવું પાત્ર બનાવ્યું જેમાં અમિતાભ એકદમ ફિટ થઈ ગયો. એક એવો યુવાન જે તેની અંદર ગુસ્સાનો ધગધગતો જવાળામુખી લઈને ફરે છે, જે સમગ્ર સિસ્ટમ સામે એકલા લડે છે.

દીવાર પછી, ત્રિશુલ (1977), કાલા પથ્થર (1979) થી શહેનશાહ (1988) અને અગ્નિપથ (1990) સુધી, એવું લાગતું હતું કે જાણે

(અનુસંધાન પેજ નં.6પર)

---

પુસ્તક પરિચય

▪ રિપલકુમાર પરીખ

# બાળકોને સંસ્કારી બનાવીને, આ સમસ્યાને ચોક્કસ નાથી શકીશું...

સાપ્તાહિક ગુજરાત વંદન

**‘ક્યું રાષ્ટ્ર જીવંત છે એની, પરીક્ષા કરવી હોય તો, સ્ત્રી સમ્માન અને સ્ત્રી-સંરક્ષણની ભાવના એ રાષ્ટ્રના પુરુષ સમાજમાં કેટલી છે એ અવલોકવું...’**

**-શ્રી ગુણવંતરાય આચાર્ય.**

‘બળાત્કારની સમસ્યા’ એક વૈશ્વિક સમસ્યા છે. અમેરિકા, ઈંગ્લેન્ડ, થાઈલેન્ડ, ફિલિપાઈન્સ, જાપાન અને કેનેડા જેવાં દેશોમાં પણ બળાત્કારનાં સંખ્યાબંધ કિસ્સાઓ નોંધાય છે. FBIના અહેવાલ અનુસાર અમેરિકામાં સરેરાશ દર પાંચ મિનિટે એક સ્ત્રી પર બળાત્કાર થાય છે, જેમાં દર ત્રણમાંથી એક મહિલા બળાત્કારનો શિકાર બને છે. દક્ષિણ આફ્રિકામાં દર વર્ષે લગભગ પાંચ લાખ મહિલાઓ બળાત્કારનો ભોગ બને છે. સ્વિડનમાં દર વર્ષે લગભગ એક લાખ મહિલાઓ બળાત્કારનો શિકાર થાય છે. ઈંગ્લેન્ડ અને વેલ્સ-બ્રિટનમાં પણ બળાત્કારનાં સૌથી વધુ કેસ જોવા મળે છે. આ બધું વાંચતાં ચોક્કસ ખ્યાલ આવે છે કે ‘બળાત્કાર’ની આ સમસ્યાનો દરેક દેશ સામનો કરી રહ્યો છે. ‘બળાત્કાર’ એક જઘન્ય કૃત્ય છે, તે થવું જ ન જોઈએ તથા એ પાશવી બળાત્કારીને કડકમાં કડક સજા તો થવી જ જોઈએ . આપણાં દેશમાં આ બાબતે હવે ઘણી જાગૃતિ આવી છે. પરંતુ અહીં એક વાત ખાસ સમજવા જેવી છે કે ભારત કંઈ બળાત્કારીઓનો દેશ નથી. જે રીતે મિડિયાવાળા બતાવે છે તે મુજબ એક સામાન્ય માનવીને તો એવું જ લાગે કે ભારતમાં તો કેટલાં બધાં બળાત્કાર થાય છે. એક આંકડા મુજબ વર્ષ ૨૦૨૧માં નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો અનુસાર આપણાં ભારત દેશમાં દરરોજ બળાત્કારનાં ઓછામાં ઓછા છ્યાસી કેસ નોંધાય છે. જો કે આ સમસ્યાનાં ઉકેલ માટે સૌનાં સહીયારા પ્રયત્નો જ સફળતા અપાવશે. આવો જ એક પ્રયત્ન વર્ષ ૨૦૧૩માં થયો હતો. ‘મહારાષ્ટ્ર ગુજરાતી સમાજ મહામંડળ’ અને ‘ચિત્રલેખા’ સાપ્તાહિક દ્વારા ‘બળાત્કારની સમસ્યા’ પર એક નિબંધસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેશનાં જુદાજુદા ભાગોમાંથી કુલ ૩૦૫ નિબંધો આવ્યાં હતાં. આ બધાં નિબંધોમાંથી ચૂંટેલા ચાલીસ જેટલાં ‘બળાત્કારની સમસ્યા’ની ચિંતા કરતાં તથા તેનો ઉકેલ દર્શાવતાં નિબંધોનો સંગ્રહ એટલે આ પુસ્તક ‘બળાત્કારની સમસ્યા.’

આ પુસ્તકનાં સંપાદક કચ્છ-શક્તિનાં તંત્રી શ્રી હેમરાજભાઈ શાહ છે. જેમણે અનેક પુસ્તકો લખ્યાં છે તથા સંપાદન પણ કર્યાં છે. અનેક પુરસ્કારો તથા સન્માનો પ્રાપ્ત લેખક અને સંપાદક શ્રી હેમરાજ શાહ દર વર્ષે સમાજમાં જાગૃતિ લાવતાં વિવિધ વિષયો પર સ્પર્ધાઓનું આયોજન કરે છે અને મોટી ઈનામી રકમ વિજેતાઓને આપે છે. ઘણાં બધાં જાગૃત ગુજરાતીઓ તેમનાં દ્વારા આયોજિત આ સ્પર્ધામાં હોંશભેર ભાગ પણ લે છે. આવો જ એક સામાજિક નિસ્બત ધરાવતો વિષય ‘બળાત્કારની સમસ્યા’ પર તેમનાં દ્વારા નિબંધસ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. પુસ્તકની પ્રસ્તાવનામાં શ્રી હેમરાજ શાહ લખે છે, ‘આ




પુસ્તકનાં લેખોમાં આપણા સમાજના કલંકરૂપ બળાત્કારની સમસ્યાનાં જુદા જુદા પાસા વિષે વાત કરવામાં આવી છે. આપણા દેશમાં વધતી જતી બળાત્કારની સમસ્યાએ સમાજના ઘણા મોટા વર્ગને ખળભળાવી મૂક્યો છે. આ સમસ્યા માટે સૌથી વધુ જવાબદારી કોની? વ્યક્તિની, સમાજની, પ્રચાર અને પ્રસારના માધ્યમોની, ફિલ્મોની, આધુનિક ફેશનની કે પછી ધોવાતા જતા નૈતિક મૂલ્યોની? બળાત્કારની સમસ્યાને કારણે સૌથી વધુ કોને ભોગવવું પડે છે? શા માટે? આ સમસ્યાને નાથવા માટે વ્યક્તિ, કુટુંબ, સમાજ, શિક્ષણ સંસ્થાઓ, સરકાર, અદાલતો, મીડિયા વગેરે શું કરી શકે? આ અને આવી બીજી અનેક બાબતોની ચર્ચા આ નિબંધોમાં થઈ છે.’

પ્રથમ પુરસ્કાર પ્રાપ્ત નિબંધમાં લેખિકા સંગીતા કટારિયા જણાવે છે કે, ‘બળાત્કારનો અપરાધ ટાળવા માટે મહિલાએ પોતે સજાગ રહેવું જોઈએ.

એણે સમજી-વિચારીને ફ્રેન્ડસર્કલ બનાવવું જોઈએ, ખોટી સંગતમાં રહેવું કે ન ફરવું જોઈએ. એવા સંજોગો ટાળવા જોઈએ, જે સંભવિત છેડતી કે વિનયભંગ-બળાત્કાર સુધી દોરી જાય. બીજું, આવા અપરાધીનો સામનો કરવા માટે મહિલા શારીરિક-માનસિક રીતે સુસજ્જ બનવી જોઈએ. એ માટે માર્શલ આર્ટ, કરાટે પણ શીખી શકાય. કોઈ ગુનાખોરના સકંજામાં સપડાવાના સંજોગ આવે તો એમાંથી બહાર નીકળવાની ચતુરાઈ કેળવવી જોઈએ.’

આ નિબંધસ્પર્ધામાં બહુ મોટા પ્રમાણમાં મહિલાઓએ ભાગ લીધો હતો તથા પુસ્તકમાં પણ મોટાભાગે મહિલાઓનાં નિબંધોનો સમાવેશ થયો છે. એ રીતે જોવાં જઈએ તો મહિલાઓ પોતાનાં સ્વરક્ષણ માટે જાગૃત થઈ છે પરંતુ હજુ પણ પુરુષોનું આ બાબતે વલણ નગણ્ય જેવું છે, જે ચિંતાનો વિષય છે.

દ્વિતીય પુરસ્કાર વિજેતા હેમાલી દેવાંગ અંતાણી આ બાબતે ચિંતા કરતાં લખે છે, ‘બળાત્કારની સમસ્યા માટે આપણે નાગરિક તરીકે દોષી છીએ, પરિવારજન તરીકે ગુનેગાર છીએ, સામાજિક દૃષ્ટિએ જોઈએ તો ભૂલ કરી રહ્યા છીએ. માનવજાત તરીકે તો નજર પણ નથી મેળવી શકતા. ન કોઈની સાથે, ન પોતાની સાથે...’

દરેક ઘરમાં આ પુસ્તક ચોક્કસ હોવું જોઈએ. દરેક પુરૂષે આ પુસ્તક ચોક્કસ વાંચવું જોઈએ તથા પોતાનાં સંતાનોને પણ આ બાબતે માહિતગાર કરવા જોઈએ. આ સમસ્યાને આપણે સૌએ ભેગાં મળીને નાથવાની છે. ફક્ત સરકાર કે મિડિયા કે ફિલ્મોનાં ભરોસે ન બેસતાં, આપણે સૌ જવાબદારી લઈને, બાળકોને સંસ્કારી બનાવીને, આ સમસ્યાને ચોક્કસ નાથી શકીશું.

---

રસદર્શન

# વિરોધ અને વિદ્રોહ બંનેમાં ફરક છે....



સાપ્તાહિક ગુજરાત વંદન

**વિદ્રોહ સૌ સામે જરા હિંમત બતાવી છે,**
**મેં ખોયેલી મારીજાતને ખુદથી મળાવી છે.**
**પૂર્વીબ્રહ્મભટ્ટ**

વિરોધ અને વિદ્રોહ આ બંનેમાં ફરક છે વિરોધ એટલે વાતમાં તથ્ય હોય કે ન હોય પણ વધુ પડતો એ સામેની વ્યક્તિ માટે હોય છે જ્યારે વિદ્રોહ સ્વયં અથવા સ્વયંના માન-સન્માન અથવા નિર્ણય માટે હોય છે.

બીબાઢાળ ચિંતનથી વ્યથિત થયેલા સ્વભાવને થોડા અલગ પ્રકારે વાળવો એ મૂળભૂત સ્વભાવ સામે વિદ્રોહ કરવો એ કોઈ નાની સુની વાત નથી

વિદ્રોહ, બળવો અથવાચળવળએ આંતરિક મનમાં જકડાયેલા વિચારોનું આજ્ઞાપાલન અથવા હુકમનો ઈનકાર છે. અને તેની સફળતાથી વિચાર અવસ્થામાં ઘણી મોટી ક્રાંતિ આવી શકે છે તે સ્થાપિતસ્વભાવના આદેશો સામે ખુલ્લાપ્રતિકારનો ઉલ્લેખ કરે છે.

સ્વયંના મૂળભૂત સ્વભાવ સામે વિદ્રોહએ પરિસ્થિતિના ગુસ્સા અને નારાજગીની લાગણીમાંથી ઉદ્ભવે છે અને પછી આ પરિસ્થિતિ માટે જવાબદારસ્વયંને અથવા તેનું પાલન કરવા ઈનકાર દ્વારા પોતાને રજૂ કરે છે.

વિદ્રોહજ્યારે વ્યક્તિગત વિચારોના પ્રતિકાર રૂપે બહાર પ્રગટ થાય છે જ્યાં તમારી ઓળખ એક અલગ વ્યક્તિ તરીકેની છે, ત્યારે તેના લક્ષ્ય હકારાત્મક હોવા ખૂબ જ જરૂરી છે.જો વિદ્રોહ સામાન્ય રીતે સ્વયં સંચાલિતશક્તિમાંથી છૂટકારો મેળવવા અને / અથવા છૂટછાટ માંગતો હોય તો તે ક્રાંતિ સફળતા માં પરિણામે છે , તોવિદ્રોહ તે શક્તિ તેમજ તેની સાથેના સમગ્ર પૂર્વગ્રહોને ઉથલાવી દેશે અને સંપૂર્ણ તેને છિન્નભિન્ન કરશે.

ઉર્ધ્વગતિ માટે સ્વયં અને સમાજમાં તમારી છાપ સામે વિદ્રોહકરવાનો ધ્યેય એ મૂળ સ્વભાવ સામે પ્રતિકાર છે, ત્યારે વિદ્રોહ ક્રાંતિની શોધ કરે છે, કારણ કે વિરોધની શક્તિ દ્રઢતામાં પરિવર્તિત થાય છે, અથવા મનઃસ્થિતિ દ્રઢ અથવા એક બાજુ પર નકારાત્મક હોય , તો બંને સ્વરૂપો વચ્ચે વિદ્રોહ દેખાઈ શકે છે.

દરરોજ આપણે જાગીએ છીએ, આપણે દરેક સંભવિત રીતે વધુ સારી રીતે બનવાનો પ્રયત્ન કરવો જોઈએ - ભલે તે શક્તિ, કન્ડીશન મોનીટરીંગ, માનસિક કઠોરતા, કોચિંગ, વાતચીત અથવા ભૌતિક કઠોરતા હોય. આપણે ગઈકાલે કોણ હતા તે શોધવા માટે નવી રીતો શોધવાનું ચાલુ રાખવું જરૂરી છે જેથી આપણે આજ માટે વધુ સારું કરી શકીએ.

જો આપણે આ કરીએ, તો આપણે જીતવાની અપેક્ષા રાખીએ છીએ ... અને સફળ થવાની અપેક્ષા રાખીએ છીએ. વિજેતાઓને ચિંતા કરવાની જરૂર નથી. ચિંતા ગુમાવનારાઓ કરે છે.વિદ્રોહના ધોરણે મળેલી સફળતા એ જ આત્મ-સાક્ષાત્કાર, જે માનસશાસ્ત્ર, ફિલસૂફી અને આધ્યાત્મિકતામાં વપરાતી અભિવ્યક્તિ છે; અને તે “કોઈના પાત્ર અથવા વ્યક્તિત્વની શક્યતાઓથી પરિપૂર્ણ થવું” છે. જે આ વિદ્રોહનું જ પરિણામ છે

સમજણમાં આત્મ-સાક્ષાત્કાર સ્વયંસેવના જ્ઞાનને મુક્ત કરે છે, ક્યાં તો સ્થાયી અનંત આત્મા તરીકે અથવા તો આવા પરિપક્વ થયેલા કાયમી સ્વયંની હાજરી, અને ત્યાં જ તમે તમારા અંતિમ ચરણ ને પકડી શકો છો જેના માટે તમે વિદ્રોહનો આરંભ કર્યો હતો.

-હરીશ શાહ

Printed, Published and Owned by Editor - NIKUNJ SUDHIRKUMAR PATEL Printed at Bhaskar Printing Press, Survey No.148-P, Near Naagdevta Temple, Changodar-Bavla HighWay, Ta.Sanand, Dist. Ahmedabad, Gujarat and published from 301, Kalptaru Complex, Opp. Premchand Nagar, Jodhpur Satyagrah Chhavni Road, Ahmedabad – 380 015 Tel. 079-48987111. Co-Editor PRAVIN GHAMANDE Responsible for Selection of news under PRB Act’.



# સોશિયલ મીડિયામાં ધૂમ મચાવનાર કોમેડી દંપત્તિ "પારૂ અને ગુરૂ" વિશે ખાસ વાતો......

**મજાની વાત એ છે કે પારુલ અને ગુરૂ લગ્નના 15 દિવસ પહેલા સુધી એક બીજાને ઓળખતા પણ નહોતા, વર્ષ 2001 માં પોતાની હોમ ડિલિવરી સર્વિસનો ધંધો ચાલુ કર્યો...**

ગુજરાત | વંદન

ગુજરાત વંદન અમદાવાદઃ હાલના સમયમાં ParuNguruને કોણ નથી જાણતું! હાલના સમયમાં સોશિયલ મીડિયા સ્ટાર બની ચૂકેલા અને મિલિયનમાં જેમના વ્યુ આવે છે તેમના વ્યૂઅર તરીકે આપે તેમના કોમેડી વિડિયો તો ઘણા જોયા હશે પણ તમને જાણીને નવાઈ લાગશે કે જે પતિ - પત્નીના વીડિયો જોઈને તમે પેટ પકડીને હસો છો તેઓનું જીવન પણ ખૂબ જ રસપ્રદ રહ્યું છે તેમની શરૂઆતથી અત્યાર સુધીની રોલર કોસ્ટર જેવી જિંદગીની સફર વિષે જાણીને તમને ખૂબ જ પ્રેરણા મળશે.

ગુરુભાઈનું પૂરું નામ યોગેશ મંગળશી ભાઈ જેઠવા! પત્નીનું નામ પારુલ યોગેશ જેઠવા. ગુરુભાઈનું મૂળ ગામ સૌરાષ્ટ્રનું અમરેલી પાસે આવેલું નાનકડું ગામ આસદંગ.

જ્યારે ગુરુભાઈ એટલે કે યોગેશ જેઠવા એક વર્ષ ના હતા એટલે કે ૧૯૮૨ માં તેમના પરિવારે સંજોગોવસાત અમદાવાદમાં શિફ્ટ થવું પડ્યું. ત્યારબાદ ૧૯૮૪ માં થોડાક સમયમાં તેમનો પરિવાર સુરતમાં શિફ્ટ થયો. તેમના પપ્પા સુરત ના ઘનશ્યામ નગર વિસ્તારમાં દરજીકામ કરતાં.

ગુરુભાઈ નું બાળપણ એટલે કે ૧ થી ૯ ધોરણ તેઓ વરાછા વિસ્તારમાં આવેલી જન્મભૂમિ સ્કૂલમાં ભણયા. અભ્યાસમાં ખૂબ નબળા પણ નહિ અને હોંશિયાર પણ નહિ એકદમ સામાન્ય હતા. નવમા ધોરણ બાદ તેમને એક બીમારી આવી જેના કારણે તેઓએ એક વર્ષ ડ્રોપ કરવું પડ્યું. ત્યારબાદ મીની બજાર વિસ્તારમાં આવેલી પ્રિય દર્શની સ્કૂલમાં ૧૯૯૮ માં તેમને ૧૦ મુ ધોરણ પાસ કર્યું અને સામાજીક વિજ્ઞાન વિષય માં ટોપ કર્યું ત્યારબાદ સાયન્સ લેવાનો વિચાર કર્યો પણ ઘરની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાના કારણે તેમને પરિસ્થિતિને વશ થઈને ભણતર અધૂરું છોડવું પડ્યું. ભણતર છોડીને પપ્પા ની પરિસ્થિતિ સમજીને જે ઉંમર માં છોકરાઓ પોતાની લાઈફ એન્જોય કરતા હોય તેવા સમયમાં ગુરુભાઈએ પોતાના પપ્પાના ધંધામાં એટલે દરજી કામમાં મદદ કરવાનું ચાલુ કર્યું. પોતાની ઈચ્છા અને પપ્પાની કપરી પરિસ્થિતિ ને કારણે માત્ર એક મહિનાની અંદર તેઓ શર્ટ બનાવતા શીખી ગયા. તમામ લોકોની જેમ તેઓની જિંદગી પણ સામાન્ય ચાલવા લાગી. પણ મનમાં હંમેશા કઈક અલગ કરવાની, કઈક નવું કરવાની ઈચ્છા રહેતી. જેને કારણે વર્ષ ૨૦૦૧ માં પોતાની હોમ ડિલિવરી સર્વિસ નો ધંધો ચાલુ કર્યો અને ગુરુભાઈ ની મહેનત અને કામ કરવાની ઈચ્છા શક્તિથી આ ધંધો પણ જોરદાર ચાલવા લાગ્યો પણ થોડાક સમય બાદ ધંધામાં પૈસાની અછત પડતાં તેઓ જોઈતા પૈસા ધંધા માટે ભેગા ના કરી શક્યા જેના કારણે તેમનો તે ધંધો પણ બંધ થયો.

પણ ગુરુભાઈ એ હાર ના માની તેઓ પાછા ત્યારબાદ દરજીકામ માં જોડાઈ ગયા. જ્યારે ઘણા બધા લોકો જીવનમાં એક સમસ્યાથી જીવનને ખરાબ કહેવા લાગ્યા હોય છે ત્યારે ગુરુભાઈ ના મનમાં હજુ પણ જોશ હતો. તેઓ હંમેશા કહે છે કે," ઉતાર ચઢાવ એ જિંદગીના પાસાઓ છે અને જે વ્યક્તિ તે બંને ને પચાવી શકે છે,તે વ્યક્તિ જીવનમાં કોઈ દિવસ પાછો પડતો નથી."

વર્ષ ૨૦૦૫ માં ગુરુભાઈ ના લગ્ન પારુલ (Parul Jethva) સાથે

(અનુસંધાન પેજ-6 ઉપર)



## સાપ્તાહિક રાશિફળ

પંડિત અજય શર્મા

**મેષ** (અ.લ.ઈ)
કોઈને મદદ કરીને તમને જ સુખ મળશે. કોઈપણ કાર્યની સિદ્ધિ પણ શક્ય છે. સંબંધોને મધુર બનાવવામાં તમારી પણ વિશેષ ભૂમિકા હશે. બપોર પછી કોઈ કામમાં અડચણ આવી શકે છે, પરંતુ કોઈ નિર્ણય લેવામાં ઉતાવળ કરવી કે બેદરકારી રાખવી યોગ્ય નથી. તમારા કાર્યોને સરળ બનાવો.

**વૃષભ** (બ.વ.ઉ)
વિદ્યાર્થીઓના શિક્ષણને લગતા કોઈપણ અવરોધ દૂર કરવામાં સફળતા મળશે. ઉતાવળમાં કે લાગણીમાં આવીને કોઈ નિર્ણય લેવાનું ટાળો, આ નિર્ણયો પાછળથી પસ્તાવાનું કારણ બની શકે છે. જેમ કે મિલકત અથવા પાર્ટીશન સમસ્યાઓ અંગે કેટલીક મુશ્કેલીઓ અને અવરોધો આવી શકે છે.

**મિથુન** (ક.છ.ઘ)
આ સપ્તાહે નવા સંપર્કો સ્થાપિત થશે. રાજકીય ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોને સફળતા મળશે. હજુ પણ બાળક પ્રત્યેની પોતાની જવાબદારી પૂરી કરી શકશે. જો પૈતૃક સંપત્તિ સંબંધિત કોઈ મામલો હોય તો તેને ઉકેલતી વખતે સંબંધોમાં ખટાશ ન આવવા દો. પૈસાનો બગાડ ટાળો.

**કર્ક** (ડ.હ)
ઘણા પ્રકારની માહિતી પણ ઉપલબ્ધ થશે અને સંપૂર્ણ આત્મવિશ્વાસ સાથે, તમે તમારા કામ પર પણ ધ્યાન આપવાનું શરૂ કરશો. રોકાણ માટે અત્યારે યોગ્ય સમય નથી, યોગ્ય સમયની રાહ જોવી. ગુસ્સો આવવાથી તમારી અંગત અને અન્ય પ્રવૃત્તિઓ પર અસર પડી શકે છે.

**સિંહ** (મ.ટ)
તમારા સંપર્કો વધારવા પર ભાર મૂકવો જોઈએ, જૂની સમસ્યાનો ઉકેલ મળશે અને તમને ઘણી રાહત અને રાહત મળશે. વિદ્યાર્થીઓએ તેમની કોઈપણ સિદ્ધિઓને પણ યાદ રાખવી જોઈએ. તમારી કોઈપણ જીદના કારણે માતૃપક્ષ સાથેના સંબંધોમાં ખટાશ આવી શકે છે.

**કન્યા** (પ.ઠ.ણ)
જો કોઈ સરકારી બાબત પેન્ડિંગ હોય તો આ અઠવાડિયે કોઈ પ્રભાવશાળી વ્યક્તિના સહયોગથી કાર્ય પૂર્ણ કરી શકાય છે. તમે ભાવનાઓમાં વહીને પોતાને નુકસાન પહોંચાડી શકો છો. વ્યવહારિક બનીને નિર્ણય લો. કોઈની પાસેથી વધુ અપેક્ષા ન રાખો. જેના કારણે તેમનું મનોબળ વધશે.

**તુલા** (ર.ત)
પરિવાર કે વ્યવસાય સંબંધિત કોઈપણ પ્રકારની બાબતનો પરસ્પર સમજણ અને સકારાત્મક વાતચીતથી ઉકેલ લાવી શકાય છે. વિવિધ પ્રવૃત્તિઓ તમને વ્યસ્ત રાખશે અને તમારું કોન્ટેક્ટ સર્કલ પણ વધશે. કોઈપણ પેમેન્ટ વગેરેમાં અટવાઈ જવાથી આર્થિક સમસ્યાઓ વધી શકે છે.

**વૃશ્ચિક** (ન.ય)
કોઈ સારા સમાચાર મળવાથી ઘરમાં ઉત્સવનું વાતાવરણ રહેશે. કુટુંબ જવાબદારીઓ પણ પૂરી થશે. વાહન કે મિલકત સંબંધિત કોઈપણ કામ કરતા પહેલા તમામ પાસાઓને ગંભીરતાથી ધ્યાનમાં લેશો તો નિર્ણય લેવામાં સરળતા રહેશે. કેટલાક ખર્ચાઓ અચાનક વધી શકે છે.

**ધન** (ભ.ધ.ફ)
વિદ્યાર્થીઓ અને યુવાનોને પણ તેમની ભાવિ યોજનાઓને ફળદાયી બનાવવાની તક મળશે. તમારી દિનચર્યામાં આળસ અને બેદરકારીને સ્થાન ન આપો. બોલચાલનો સ્વર નરમ રાખો. નજીકના વ્યક્તિની સલાહ તમારા માટે ફાયદાકારક રહેશે.

**મકર** (ખ.જ)
માનસિક અને શારીરિક રીતે સ્વસ્થ અને પ્રસન્નતા અનુભવશો અને પરિવાર સાથે ખરીદી વગેરે કરશો. કોઈપણ વિષય પર વિદ્યાર્થીઓ કોઈના માર્ગદર્શન હેઠળ સમસ્યાનો ઉકેલ આવશે. મહિલાઓ માટે કામના વધારાના દબાણને કારણે તમને અનિદ્રાની સમસ્યા થાય.

**કુંભ** (ગ.સ.શ.ષ)
ઘણી બધી જવાબદારીઓ આવશે, પરંતુ તમે તમારી જવાબદારી પૂરી કરી શકશો. ફોન અથવા સંપર્કો દ્વારા તમારા માટે નવી સિદ્ધિઓ પ્રાપ્ત કરી શકાય છે. મિત્રો અથવા સંબંધીઓ સાથે વિચારોની આપ-લે કરો. બાળકનું બદલાયેલું વર્તન તમને પરેશાન કરી શકે છે.


**મીન** (દ.ચ.ઝ)
આવનાર સપ્તાહે થોડી મિશ્ર અસર રહેશે. પોતાનો આત્મવિશ્વાસ વધારવા માટે, સર્જનાત્મકતા પર પણ ધ્યાન આપો. કોઈ અંગત કે પારિવારિક સમસ્યાઓના કિસ્સામાં ઘરના વરિષ્ઠ સભ્યોની સલાહ લેવી યોગ્ય રહેશે. વ્યવસાયિક પ્રવૃત્તિઓનું આયોજન થશે અને ભાગીદાર સાથે પારદર્શિતા હોવી ખૂબ જરૂરી છે. યુવાનોએ નવા કાર્ય માટે સારી રીતે તૈયાર રહેવું જોઈએ.

### બોર્ડને રજુઆત કરતા પણ કોઈ પગલા નહીં

## સદરબજારમાં દૂષિત પાણી પીવાથી ઝાડા-ઉલ્ટીના કેસમાં વધારો

ગુજરાત | વંદન

અમદાવાદના સદરબજાર કેન્ટોનમેન્ટ વિસ્તારમાં છેલ્લા ઘણા દિવસોથી દૂષિત પાણી આવવાના કારણે લોકોની હાલત કફોડી બની છે. અહીંના લોકો દૂષિત પાણીના કારણે બિમાર પડી ગયા છે. અહીં ઝાડા-ઉલ્ટીના કેસ દિનપ્રતિદિન વધી રહ્યા છે. સ્થાનિકોએ આ અંગે કેન્ટોનમેન્ટ બોર્ડને અનેક વખત રજુઆત કરી છે અને વહેલી તકે આ સમસ્યાનું નિરાકરણ લાવવા અરજીઓ આપી છે. જોકે બોર્ડ પ્રશાસન આ અંગે ચિંતિત નથી. વહીવટીતંત્રના લોકોએ આંખ આડા કાન કરી દીધા છે.



સ્થાનિક આગેવાન તુષાર ભાઈ (રિંકુ)એ જણાવ્યું કે કેમ્પ સદર બજારના વણકર વાસ અને ઈન્દિરા નગરમાં છેલ્લા ચાર-પાંચ દિવસથી ખૂબ જ ગંદુ પાણી આવી રહ્યું છે. કોઈક રીતે લોકોએ બે દિવસ તો ચલાવ્યુ પણસમસ્યા હજી પણ એવી છે. પ્રશાસનને રજુઆત કરી છે. પરંતુ તેમની રજુવાતને વાંચા આપવા કોઈ અધિકારી આગળ આવ્યા નથી. સ્થિતિ એવી છે કે લોકો હવે આ દુષિત પાણી પીવા મજબૂર બન્યા છે.

તુષાર ભાઈ (રિંકુ)એ જણાવ્યું કે તેમના વિસ્તારના લોકો દૂષિત પાણી પીને બીમાર પડી રહ્યા છે. દિવસેને દિવસે ઝાડા-ઉલ્ટીના કેસો વધી રહ્યા છે. જો વહીવટીતંત્ર વહેલી તકે આ સમસ્યાનું નિરાકરણ નહીં લાવે તો દૂષિત પાણી પીવાથી કોઈનું મોત થઈ શકે છે.

### ધરતી કહે પુકાર કે... બીજ ઉગા લે પ્યાર કે...



અમદાવાદ શહેર એટલે સિમેન્ટ કોંક્રિટનું અડાબીડ જંગલ. ગાંધીનગર શહેરની અંદર હજુ પણ ખાલી પડેલી જમીનમાં ખેતી થાય છે. પરંતુ અમદાવાદમાં તો તેની કલ્પના જ કરવી પડે. જોકે, શહેરની આસપાસ આવેલા ગ્રામીણ ક્ષેત્રમાં ખેતીના દ્રશ્યો જોવા મળે છે. તસ્વીરમાં એકખેડૂત આધુનિક બળદ એટલે કે ટ્રેકટર દ્વારા ખેતી કરતો નજરેપડે છે. આમ પણ ખેડૂત અન્નદાતા અને તે અન્નદાતા. બીજાઓ માટે બીજ વાવીને પાક લેવાની પ્રક્રિયા કરી રહ્યો છે... તસ્વીરઃ મૌર્ય ભાગ્યવાન

### શહેરમાં માત્ર ત્રણ જ દિવસમાં 5,083 ખાડા પૂર્યા

## અમદાવાદમાં પડેલા ખાડાઓ પૂરવા ભાજપના સત્તાધિશોની અધિકારીઓને તાકીદ

ગુજરાત | વંદન

મ્યુનિસિપલ કોર્પોરેશન તંત્ર દ્વારા વરસાદી પાણીના કારણે જ્યાં પણ જૂના રોડ ધોવાયા છે અને ખાડા પડ્યા છે ત્યાં યુદ્ધના ધોરણે કામગીરી શરૂ કરવામાં આવી છે. વરસાદ બંધ થયા બાદ મ્યુનિ. ભાજપના સત્તાધિશો અને ઈજનેર વિભાગના અધિકારીઓ વચ્ચે બેઠક યોજાઈ હતી. શહેરમાં જ્યાં પણ ખાડા પડ્યા હોય ત્યાં તાત્કાલિક ધોરણે ખાડાઓ પૂરવા અને રોડ રીપેર કરવા અંગે સૂચના આપી હતી. જેના પગલે છેલ્લા ત્રણ દિવસથી શહેરમાં નાના મોટા થઈને 5,083 જેટલા ખાડા પૂરવામાં આવ્યા છે.

સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન હિતેશ બારોટે જણાવ્યું હતું કે, શહેરમાં વરસાદી પાણી ભરાવવાના કારણે જેટલા પણ જુના રોડ છે તેમાં ખાડા પડ્યા હતા. પાણી ભરાવવાના કારણે અને તેના પરથી વાહનો પસાર થતાં જે ખાડા પડ્યા હતા તે તમામ ખાડાઓને વરસાદ બંધ થતાની સાથે જ યુદ્ધના ધોરણે પૂરવા માટેની સૂચના ઈજનેર વિભાગને આપવામાં આવી હતી. શહેરમાં કુલ 5,200 જેટલા ખાડા પડ્યા હતા. ક્યાંક વિવિધ કામગીરીઓ ચાલતી હોય છે જેના કારણે પણ ખાડા પડ્યા હતા. જેમાં 382 ખાડા ડ્રેનેજ લાઈન સેટલમેન્ટના કારણે અને 49 ખાડા અલગ અલગ કંપનીઓ દ્વારા કરવામાં આવેલા ખોદકામના કારણે થયા હતા.

### 2002 ગુજરાત રમખાણોમાં બદનામીનો કેસ

## તિસ્તા સેતલવાડની ડિસ્ચાર્જ અરજી પર 20 જુલાઈએ આવી શકે છે ચુકાદો

ગુજરાત | વંદન

ગુજરાતમાં વર્ષ 2002નાં રમખાણો બાદ તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી અને ગુજરાતને બદનામ કરવાનો પ્રયાસ કરનાર તિસ્તા સેતલવાડ, પૂર્વ ડીજીપી આર.બી. શ્રી કુમાર અને પૂર્વ આઈપીએસ ઓફિસર સંજીવ ભટ્ટ સામે એસઆઈટીની તપાસ ચાલી રહી છે ત્યારે સેશન્સ કોર્ટમાં આ કેસ ઉપર સુનાવણી ચાલી રહી છે. સેશન્સ કોર્ટની સુનાવણીમાં તિસ્તા સેતલવાડની કેસમાંથી ડિસ્ચાર્જ અરજી મુદ્દે સુનાવણી થઈ હતી. સામાજિક કાર્યકર્તા તિસ્તા સેતલવાડની ડિસ્ચાર્જ અરજી પર અમદાવાદ સેશન્સ કોર્ટમાં બંને પક્ષોની દલીલો પૂર્ણ થઈ ચૂકી છે. તિસ્તાની ડિસ્ચાર્જ અરજી પર 20 જુલાઈએ ચુકાદો આવશે. તિસ્તા સેતલવાડ સામે સહ આરોપીઓ સાથે મળીને કાવતરુ ઘડવાનો આક્ષેપ છે. જેમાં તિસ્તા સેતલવાડ સામે ખોટા પુરાવા અને સાક્ષીઓ ઉભા કરવાનો આક્ષેપ છે.

### સફાઈ કર્મચારીને નોકરીમાં હેરાન નહી કરવા માંગી હતી લાંચ

## AMCના કર્મચારીને 5000ની લાંચ લેતા એસીબીએ રંગે હાથ ઝડપ્યો

ગુજરાત | વંદન

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ફરજ બજાવતા સફાઈ કામદારના મુકાદમને રૂ. 5,000ની લાંચ લેતા એન્ટી કરપ્શન બ્યુરોની ટીમે ઝડપી પાડ્યો છે. અન્ય સફાઈ કર્મચારીને સવારથી સાંજ કામ કરવા સમય નોકરીમાં હેરાન પરેશાન નહીં કરવા અને હાજરી પૂરી લેવા માટે લાંચ માંગી હતી. જેથી, કર્મચારીએ એસીબીને જાણ કરતા ટ્રેપ ગોઠવી સીટીએમ ચાર રસ્તા પાસેથી જ રૂપિયા 5000ની લાંચ લેતા રંગે હાથ ઝડપી લીધો હતો.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સફાઈ કામદાર તરીકે યુવક નોકરી કરે છે. જેઓને તેઓની ફરજમાં સવાર તથા સાંજે એમ બે ટાઈમ સફાઈ માટે જવાનું હોય છે. શહેરના સીટીએમ વિસ્તારમાં પવિત્રકુંજ સોસાયટીમાં રહેતા અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા સહદેવભાઈ રામજીભાઈ સોઢા સફાઈકર્મીઓના મુકાદમ છે. યુવકને સફાઈ કામદાર તરીકે નોકરીમાં હેરાન પરેશાન નહી કરવા તેમજ હાજરી પૂરી લેવા માટે સહદેવભાઈએ રૂપિયા 5 હજાર લાંચની માંગણી કરી હતી.

સફાઈ કર્મચારી યુવકને લાંચના નાણા આપવા માગતા ન હોવાથી તેઓએ એસીબીનો સંપર્ક કર્યો હતો. એસીબીની ટીમ દ્વારા લાંચના છટકાનું આયોજન કરવામાં આવ્યું હતું. સહદેવભાઈને સી.ટી.એમ. ચાર રસ્તા, સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયાની સામે, સર્વિસ રોડ ઉપર જ રૂ. 5000ની લાંચ લેતા એસીબીની ટીમ દ્વારા રંગે હાથ ઝડપી પાડવામાં આવ્યા હતા.

## AMTS નવી નોન એસી બસો ખરીદશે

ગુજરાત | વંદન

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા 200 નવી નોન એસી સીએનજી બસો ખરીદવામાં આવશે. જેના માટે તમામ બસો કોન્ટ્રાકટ પર ચલાવવા માટે ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવી હતી. સૌથી ઓછા રૂપિયા 54.90 પૈસાના ભાવે તમામ બસો કોન્ટ્રકટરને ચલાવવા માટેની દરખાસ્ત આજે મળેલી AMTS કમિટીમાં મંજૂર કરવામાં આવી હતી. જોકે, અલગ અલગ ત્રણ કંપનીઓને 70 અને 65-65 એવી રીતે બસો ફાળવવામાં આવશે. તમામ બસો માટે ભાવ એક સરખો જ રહેશે.

## શબ્દોની સંતાકૂકડી 70 — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 | | 2 | ■ | 3 | | 4 |
| | ■ | 5 | 6 | | ■ | |
| ■ | 7 | ■ | | ■ | 8 | |
| 9 | | 10 | | 11 | ■ | |
| | ■ | | ■ | 12 | 13 | ■ |
| 14 | 15 | ■ | 16 | | | 17 |
| 18 | | | ■ | | ■ | |

**ઊભી ચાવી**

(1) ઉચિત, વાજબી, ઘટતું [2]
(2) દરેક વ્યક્તિની ઓળખ તેના ... થી થાય છે [2]
(3) વસ્ત્ર, કપડું [2]
(4) જાંબલી રંગનું એક કંદ [4]
(6) અનાર, દાણાવાળું એક ફળ [3]
(7) જોડેલો કે સાંધેલો ભાગ [2]
(9) ખાલી જગ્યા, નવરાશ, ફુરસદ [4]
(10) કિલ્લો, કોટ [2]
(11) કામકાજ ન હોય એવો વખત [4]
(13) મનનું ઊંધું [2]
(15) પુરુષ, આદમી [2]
(17) અને, તેમજ [2]

**આડી ચાવી**

(1) ગોઠવણી, વ્યવસ્થા [3]
(3) ચીકણાપણું, ચીકણાવેડા [3]
(5) આધાર, ટેકારૂપ સ્થિતિ [3]
(8) ચરણ, પાદ [2]
(9) પતન, પડતી [5]
(12) જંગલ, અરણ્ય [2]
(14) સાંભળવાની ઈન્દ્રિય [2]
(16) કળા, કસબ, કારીગરી [4]
(18) હોડ, કરાર, બોલી [3]

**શબ્દોની સંતાકૂકડી-70 નો ઉકેલ આવતા અંકે**

શબ્દોની સંતાકૂકડી-69નો ઉકેલ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 1 ક | ■ | 2 ઉ | મં | 3 ગ | ■ | 4 વ |
| 5 ર | હે | મ | ■ | 6 ઢ | 7 ગ | લો |
| વ | ■ | 8 દા | 9 ન | ■ | 10 આ | પા |
| 11 ત | 12 લ | ■ | 13 મ | ન | ■ | ત |
| ■ | 14 લ | 15 ચ | ક | ■ | 16 પ્રા | ■ |
| 17 મુ | કા | મ | ■ | 18 સુ | ર | ગ |
| ■ | 19 ર | ન | ર | ■ | ભ | ■ |

## કોયડો નં. 72 સુડોકુ — સાપ્તાહિક ગુજરાત વંદન

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | | | 9 | | | | 1 | |
| | 5 | 7 | 8 | | | | | |
| | | | | | 2 | 4 | | 9 |
| 5 | | | | 8 | | | 3 | |
| | | 8 | | | 3 | | | |
| 7 | | | | | 5 | | | |
| | 9 | | 5 | | | 1 | | 8 |
| | | 5 | | 3 | | | 2 | |
| | 6 | | | 4 | 9 | 3 | | 5 |

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઊભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે. તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એકથી નવના આંક એક એકવાર જ આવવા જોઈએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

સુડોકુ-72નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 2 | 3 | 4 | 9 | 5 | 6 | 8 | 1 | 7 |
| 9 | 5 | 7 | 8 | 1 | 4 | 2 | 6 | 3 |
| 1 | 8 | 6 | 3 | 7 | 2 | 4 | 5 | 9 |
| 5 | 4 | 9 | 6 | 8 | 1 | 7 | 3 | 2 |
| 9 | 1 | 8 | 7 | 2 | 3 | 5 | 6 | 4 |
| 7 | 2 | 3 | 4 | 9 | 5 | 6 | 8 | 1 |
| 3 | 9 | 2 | 5 | 6 | 7 | 1 | 4 | 8 |
| 4 | 7 | 5 | 1 | 3 | 8 | 9 | 2 | 6 |
| 8 | 6 | 1 | 2 | 4 | 9 | 3 | 7 | 5 |

# સૌરાષ્ટ્ર, ઉત્તર અને દક્ષિણ ગુજરાત

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

## લોકમેળામાં પણ મતદાર યાદીમાં નવા નામ-સુધારાની થશે કામગીરી

ગુજરાત | વંદન



રાજકોટ જીલ્લા કલેક્ટર તંત્ર અને લોકમેળા સમિતિ દ્વારા આગામી તા.5થી 9 સપ્ટેમ્બર દરમ્યાન રેસકોર્ષ ગ્રાઉન્ડમાં આયોજીત કરાયેલ જન્માષ્ટમીના લોકમેળા અંગે તડામાર તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. આ લોકમેળામાં આ વખતે મતદાર યાદીમાં નવા નામ નોંધાવવા તેમજ મતદારોના સરનામામાં સુધારા વધારાની પણ કામગીરી કરવામાં આવશે.

આ માટે જીલ્લા વહીવટી તંત્ર દ્વારા લોકમેળામાં અલગથી ખાસ સ્ટોલ ફાળવવામાં આવનાર છે. મતદારયાદીની આ કામગીરી માટે વહીવટી તંત્ર દ્વારા શહેરની ત્રણેય મામલતદાર કચેરીના ઓર્ડરો પણ ઈશ્યુ કરી દેવામાં આવેલ છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે, આગામી વર્ષે યોજાનાર લોકસભાની ચૂંટણી માટે ચૂંટણી પંચ દ્વારા તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે જેમાં આગામી તા.21થી ડોર ટુ ડોર મતદાર યાદી સુધારણા કાર્યક્રમ પણ શરૂ કરવામાં આવનાર છે. આ દરમ્યાન હવે લોકમેળામાં પણ મતદાર યાદીમાં નવા નામ નોંધાવવા અને મતદારોના નામ સરનામામાં સુધારા વધારા કરવા માટેની પણ કામગીરી કરાશે.

લોકમેળાના 355 સ્ટોલ-પ્લોટ માટે ફોર્મ ઉપાડવામાં આ વખતે મોંઘવારીનો માર નડી રહ્યો હોય છેલ્લા 10 દિવસ દરમ્યાન 225 જેટલા ફોર્મ ઉપડયા છે. જો કે એક પણ ફોર્મ ભરાઈને સબમીટ થયા નથી.

તેની સાથોસાથ લોકમેળા સમિતિ દ્વારા હવે લોકમેળાના મુખ્ય સ્ટેજ અને સિકયુરીટી માટે ખાસ ટેન્ડર પ્રસિધ્ધ કરવા માટેની કાર્યવાહી પણ શરૂ કરાયેલ છે.

## ભાવનગરની જીવાદોરી સમાન શેત્રુંજી ડેમ 70 ટકા ભરાઈ જતા ધરતીપુત્રોમાં આનંદની લાગણી

ગુજરાત | વંદન

ભાવનગર જિલ્લાના પાલીતાણા તાલુકાનો શેત્રુંજી ડેમ 70 ટકા જેટલો ભરાઈ ગયો છે. શેત્રુંજી ડેમની સપાટી હાલ 29 ફૂટે પહોંચી ગઈ છે અને હજુ શેત્રુંજી ડેમમાં ઉપરવાસમાંથી 2030 ક્યુસેક પાણીની આવક શરૂ છે તેથી ડેમની સપાટી હજુ પણ વધશે.

શેત્રુંજી ડેમમાં લેવલ સપાટી જાળવવા માટે પાણી છોડવામાં આવે ત્યારે નદીના પટમાં કે કાંઠા વિસ્તારમાં કોઈને અવરજવર કરવી નહીં તેમ સિંચાઈ વિભાગના અધિકારીએ જણાવ્યું હતું, ડેમ 34 ફૂટે છલકાશે તેથી હજુ 4થી 5 ફૂટ ડેમ ખાલી છે, આથી હવે ભાવનગર શહેર-જિલ્લામાં વિના વરસાદે પણ જિલ્લાની જીવાદોરી છલક સપાટી એ પહોંચી ચૂકી છે જેને પગલે ધરતીપુત્રો તથા શહેરીજનોમાં આનંદની લાગણી પ્રસરી જવા પામી છે.

## ચોમાસાની શરુઆતમાં જ કચ્છમાં સિઝનનો 94 ટકા વરસાદ પડી ગયો

### કચ્છ પર ક્લાઇમેટ ચેન્જની અસર થઈ હોવાની શક્યતા



ગુજરાત | વંદન

ચોમાસાના શરૂઆતના દિવસોમાં જ મેઘરાજાએ ગુજરાતમાં ધડબટાડી બોલાવી છે. કચ્છ જિલ્લામાં થોડાક જ દિવસોમાં સિઝનનો કુલ 94 ટકા વરસાદ વરસી ગયો છે. તો સૌરાષ્ટ્રમાં સિઝનનો 53 ટકા વરસાદ વરસ્યો છે. ઉત્તર ગુજરાતમાં પણ સિઝનનો 35 ટકા વરસાદ વરસ્યો છે. દક્ષિણ ગુજરાતમાં 28 ટકા વરસાદ ખાબક્યો છે. તો મધ્ય ગુજરાતમાં સિઝનનો 25 ટકા વરસાદ વરસ્યો છે. ગુજરાતમાં સિઝનનો સરેરાશ 36 ટકા વરસાદ વરસી ગયો છે. ત્યારે આગામી ચાર દિવસ રાજ્યમાં હજુ પણ ભારેથી અતિભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. ગુજરાતમાં જિલ્લા પ્રમાણે સિઝનના વરસાદની વાત કરીએ તો પાટણ જિલ્લામાં અત્યાર સુધીમાં 40.34 ટકા, બનાસકાંઠામાં 47.99 ટકા, મહેસાણામાં 29.97 ટકા, સાબરકાંઠામાં 31.41 ટકા, અરવલ્લીમાં 23.52 ટકા, ગાંધીનગરમાં 34.41 ટકા વરસાદ નોંધાયો છે.

બીજી બાજુ અમદાવાદમાં સિઝનનો 29.64 ટકા વરસાદ વરસી ગયો છે. તો ખેડામાં સિઝનનો 33.31 ટકા, આણંદમાં સિઝનનો 33.60 ટકા, વડોદરામાં સિઝનનો 21.49 ટકા, છોટા ઉદેપુરમાં સિઝનનો 14.32 ટકા, પંચમહાલમાં 21.52 ટકા, મહિસાગરમાં 25.08 ટકા વરસાદ નોંધાયો છે. તો દાહોદમાં સિઝનનો 15.69 ટકા વરસાદ નોંધાયો છે. 8 જુલાઈએ સોમનાથ, અમરેલી, વલસાડ, નવસારી અને જૂનાગઢમાં ભારેથી અતિભારે વરસાદ થઈ શકે છે. આ સાથે પોરબંદર, ભાવનગરને રાજકોટમાં પણ ભારે વરસાદની શક્યતા દર્શાવાઈ છે. હવામાન નિષ્ણાતના અનુસાર આવતી કાલથી 12 જુલાઈ વચ્ચે સમગ્ર ગુજરાતમાં ભારે પવન અને ગાજવીજ સાથે વરસાદ અને પૂરની શક્યતા વ્યક્ત કરાઈ છે. ગુજરાતમાં લગભગ તમામ તાલુકાઓમાં શ્રીકાર વર્ષાને પરિણામે રાજ્યમાં તા. 06 જુલાઈએ સવારે આઠ કલાકની સ્થિતિએ કુલ 206 જળાશયોમાં કુલ સંગ્રહ શક્તિના 38.83 ટકા પાણીનાં જથ્થાનો સંગ્રહ થયો છે. ગત વર્ષે આ સમયે 37.35 ટકા સામે આ વર્ષે 45.49 ટકા જળાશયો ભરાયા છે.

નોંધનીય છે કે ગઈકાલે પડેલા વરસાદને કારણે મહેસાણા શહેરમાં પણ ધોધમાર વરસાદ વરસતા મોઢેરા રોડ સહિતના વિસ્તારોમાં ઘૂંટણસમા પાણી ભરાયા હતા. બનાસકાંઠા જિલ્લામાં ધોધમાર વરસાદના કારણે પાલનપુર પાસેથી પસાર થતા અમદાવાદ-આબુ હાઈવે પર પાણી ભરાયા હતા.

અનુસંધાન પેજ 10 પરથી...

### સોના નહી...

ઉતારવામાં આવ્યા છે. ભારતમાં પ્લેટિનમનું વેચાણ વાર્ષિક 20 ટન જેટલું છે. દસ વર્ષ પહેલા 2003માં તેનો વપરાશ માત્ર 6 ટન હતો. 2006-07 સુધીમાં વપરાશ વધીને 9 ટન થયો હતો, 2008-09 સુધીમાં તે 10 ટન હતો અને 2010 સુધીમાં તે 12 ટન હતો. અગાઉ પ્લેટિનમ માત્ર ઉચ્ચ વર્ગની પસંદગી હતી, પરંતુ આજે ઘણી જ્વેલરી બ્રાન્ડ્સે હળવા પ્લેટિનમ જ્વેલરી રજૂ કરી છે. તે સાચું છે કે પ્લેટિનમ તમામ ધાતુઓનો રાજા છે. લગભગ 3000 વર્ષ પહેલાં ઈજિપ્તમાં પ્લેટિનમનો પ્રથમ ઉદભવ થયો હતો. ત્યારબાદ ફ્રાન્સના સમ્રાટ લુઈસ 16ના સમયથી 1780માં પ્લેટિનમનો ઉપયોગ ઘરેણાં તરીકે થતો હતો. 18મી સદીથી, ધીમે ધીમે પ્લેટિનમ જ્વેલરી વિશ્વના દરેક ખૂણે ફેલાવા લાગી. પ્લેટિનમ જ્વેલરીને લોકપ્રિયતાના શિખરો પર લઈ જવામાં વિશ્વ-વિખ્યાત જ્વેલર બ્રાન્ડ્સ કેટિયર, ટિફની અને ફેબર્જે મુખ્ય ભૂમિકા ભજવી છે. પ્લેટિનમ એ ખૂબ જ દુર્લભ ધાતુ છે. દક્ષિણ આફ્રિકા અને રશિયા તેના બે સૌથી મોટા ઉત્પાદક દેશો છે. જર્મન ભૂસ્તરશાસ્ત્રી હેન્સ મેરેન્સ્કીને પ્લેટિનમની દક્ષિણ આફ્રિકાની ખાણોની શોધનો શ્રેય આપવામાં આવે છે. સૌથી મોટી ખાણ ટ્રાન્સગેલ, દક્ષિણ આફ્રિકામાં છે. રસ્ટેનબર્ગ પ્લેટિનમ માઈન ગ્રૂપની ખાણ વાર્ષિક 28 ટન પ્લેટિનમનું ઉત્પાદન કરે છે. પ્લેટિનમ બિસ્કિટ બનાવતી બે અગ્રણી કંપનીઓ છે - ઈંગ્લેન્ડની 'જેન્સન 'મેથેસ' અને 'ઈંગલેહાર્ડ'. પ્લેટિનમ એ ચાંદી જેવી શુદ્ધ, તેજસ્વી અને ચળકતી ધાતુ છે. 'લિટલ સિલ્વર' અથવા 'P.T' તરીકે પણ ઓળખાય છે. આ દિવસોમાં ભારતમાં તેની કિંમત 36,500 રૂપિયા પ્રતિ 10 ગ્રામની આસપાસ છે, જ્યારે 24 કેરેટ સોનાની કિંમત 55,000 રૂપિયા પ્રતિ દસ ગ્રામની આસપાસ છે.

અનુસંધાન પેજ 10 પરથી...

### નિર્માતાએ અમિતાભને...

ગુસ્સાવાળા યુવાનનું પાત્ર માત્ર અમિતાભ માટે જ બનાવવામાં આવ્યું હતું. વાસ્તવમાં, ઝંજીર રિલીઝ થયું તે વર્ષ રોમેન્ટિક મ્યુઝિકલ ફિલ્મોનો યુગ હતો. આમ છતાં અમિતાભના એંગ્રી યંગમેને બધાને વશ કરી દીધા... આનો શ્રેય સ્ક્રિપ્ટ રાઈટર બેલડી સલીમ-જાવેદને ફાળે જાય છે જેમણે આ પાત્ર બનાવ્યું હતું. એંગ્રી યંગ મેન એ જમાનાનો પ્રતિનિધિ હીરો બન્યો. તે સ્ક્રીન પર સાઠના દાયકાના ચોકલેટી હીરોથી ઘણો અલગ હતો. વધતી જતી બેરોજગારી અને ભ્રષ્ટાચાર, સિત્તેરના દાયકાની શરૂઆતમાં જંગી હડતાળના કારણે યુવાનોના મનમાં હતાશા અને નિરાશા જન્મી. મૂડીવાદી વ્યવસ્થાએ સમાજવાદના સપનાઓને કલંકિત કરી દીધા હતા.

આ બધાની પરાકાષ્ઠા બે વર્ષ પછી દેશમાં ઈમરજન્સીના રૂપમાં થઈ. તેથી જ દર્શકોને સિસ્ટમને પડકારનાર ગુસ્સે થયેલો હીરો ગમ્યો. એક હીરો જે કાશ્મીરના મેદાનોમાં તેની નાયિકા સાથે વૃક્ષોની આસપાસ ગીતો ગાતો નથી. તે સમયે, જ્યારે લાખો લોકો રાજેશ ખન્ના અને દેવ આનંદની સ્મિતથી આકર્ષાયા હતા, તે સમયે ફક્ત સલીમ-જાવેદ જ આવા હીરોના પાત્રની કલ્પના કરી શકે છે, જે આખી ફિલ્મમાં પડદા પર ભાગ્યે જ હસે છે.

### હાઈકોર્ટના આકરા વલણ બાદ પણ રખડતા ઢોરની સમસ્યા ઠેરની ઠેર

## જામનગરના જોડિયામાં રખડતા ઢોરે વધુ એક વૃદ્ધનો ભોગ લીધો

ગુજરાત | વંદન

ગુજરાતમાં રખડતા ઢોર જાણે કે યમરાજ બની ફરી રહ્યા હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. ગુજરાત હાઈકોર્ટના આકરા વલણ બાદ પણ રખડતા ઢોરની સમસ્યા ઠેરને ઠેર જોવા મળી રહી છે. અવાર-નવાર હાઈકોર્ટ દ્વારા સરકાર અને મહાનગર પાલિકા તેમજ નગરપાલિકાને કડક નિર્દેશ આપવામાં આવે છે. ત્યારે થોડા સમય માટે કામગીરી દેખાડા પૂરતી થાય છે. પછી મામલો ઠંડો પડતા જેવી હતી ટવી સ્થિતિનું નિર્માણ થઈ જાય છે. શહેરમાં તો ઠીક પણ ગામડાઓમાં પણ રખડતા ઢોરનો ત્રાસ જે હદે વધ્યો છે. તેને લઈ લોકો દરરોજ રખડતા ઢોરની અડફેટે આવી જીવ ગુમાવી રહ્યા છે. ત્યારે રખડતા ઢોરના કારણે વધુ એક વૃદ્ધનું મૃત્યુ થયું હોવાના અહેવાલો જામનગરથી સામે આવી રહ્યા છે. વૃદ્ધના મૃત્યુના પગલે પરિવારજનોએ નગરપાલિકાની કામગીરી સામે ભારે આક્રોશ વ્યક્ત છે. વૃદ્ધ શાક માર્કેટમાં ગયા હતા, તે દરમિયાન ઢોરની અડફેટે આવતા આ દુર્ઘટના બની હતી. જેમનું ટૂંકી સારવાર દરમિયાન રાજકોટ સિવિલ હોસ્પિટલમાં મૃત્યુ થયું છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે જામનગર જિલ્લાના જોડિયામાં સોમવારે શાકમાર્કેટમાં રખડતાં ઢોરે એક એક વૃદ્ધને અડફેટે લીધા હતા. જેના પગલે ઈજાગ્રસ્ત થતા તેમને સારવાર અર્થે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જેમનું સારવાર દરમિયાન મોત નિપજ્યું છે. ઉલ્લેખનીય છે કે, અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત જેવા સ્માર્ટસિટીમાં પણ રખડતાં પશુઓનો ત્રાસ જોવા મળી રહ્યો છે.

### કવિતાના ઉંબરેથી....

## તમે ઘરે દિવો સળગાવ્યો, અમે જાતને બાળી છે...

અમે અમારી રીત પ્રમાણે રાતોને અજવાળી છે,
તમે ઘરે દિવો સળગાવ્યો, અમે જાતને બાળી છે.
વાર તહેવારે જિદે ચડતી ઇચ્છાઓ પંપાળી છે,
મનમાં ભિતર હોળી સળગે, ચહેરા પર દિવાળી છે.
તમને જોઇ ને પલકારાની રસમ ટાળી છે આંખોએ,
જ્યારે જ્યારે નજર મળી છે ત્યારે મેં પાંપણ ઢાળી છે.
છાંયડે બેસી અસ્ત ઉદયની લિજ્જત ના સમજાવ મને,
માથે આખો સૂરજ લઇ ને સાંજ બપોરે ગાળી છે.
કેટકેટલી ડાળો જાતે નમી પડેલી તોયે 'ખલિલ',
જે ડાળેથી ફૂલ મેં ચૂંટ્યું, સૌથી ઉંચી ડાળી છે.

– ખલિલ ધનતેજવી

અનુસંધાન પેજ 12 પરથી...

### દેશના ડેરી..

ચાર્જશીટ દાખલ થઈ હતી. સરકારી વકીલ વિજય બારોટ જાણવ્યું કે, આ કેસ 2014માં ગુનો દાખલ થયો હતો. જેમાં સાગર દાણ અને ટ્રાન્સપોર્ટ સહિત કુલ 22.50 કરોડનો હતો. દૂધ સાગર ડેરીમાં તાત્કાલિક ચેરમેન અને ફેડરેશનના ચેરમેન વિપુલ ચૌધરી દ્વારા પોતાને એમ.ડી. ડી.બીના ચેરમેન બનવાનું હોવાથી શરદ પવાર સાથે મુલાકત કરી અને સાગર દાણ મોકલવાનું કેમેન્ટમ કરી એ પ્રમાણે તેઓ સાગર દાણ મહારાષ્ટ્રને સાગર દાન કરી કર્યું હોવાની વિગતો આ કેસમાં આવી હતી. પાછળથી વિપુલ ચૌધરી દૂધસાગર ડેરી દ્વારા મહાનંદા ડેરીને એડવોકેટ મારફતે નોટિસ આપીને સાગર દાણના પૈસા પરત જે કાંઈ માલ મોકલાવ્યો એના પૈસાની માગણી કરેલી એટલે એક બાજુ સખાવત કરવાની વાત કરી હતી અને એક બાજુ એડવોકેટ મારફતે નોટિસ આપી હતી અને પૈસાની માગણી કરી હતી. કોર્ટ આ બધા પુરાવા ધ્યાને લીધા આ કેસમાં કુલ 22 આરોપી હતા, જે પૈકી 3 આરોપીના ટ્રાયલ દરમિયાન મોત નિપજ્યા હતા.

### રાજ્યમાં 23..

સહિતની બાબતોની પ્રવાસન સચિવશ્રીએ ચર્ચા કરીને સુવ્યવસ્થિત આયોજન થાય એ માટે સૌ અધિકારીઓને જણાવ્યું હતું. આ વર્ષે આગામી તારીખ 23 થી 29 સપ્ટેમ્બર દરમિયાન આયોજિત થનાર ભાદરવી પૂનમ મેળામાં આવનાર દરેક શ્રદ્ધાળુને વિશિષ્ટ અનુભવ થાય એ માટે એડવાન્સ પ્લાનિંગના ભાગરૂપે મિટિંગનું આયોજન કરી તૈયારીઓની શરૂઆત કરવામાં આવી હતી.

### જય દ્વારકાધીશ...

ભક્તોને મંદિરની અંદર યોગ્ય વસ્ત્રો પહેરવાની અપીલ કરવામાં આવી છે. મંદિર પ્રશાસનનું કહેવું છે કે મંદિરની અંદર ચીંથરેહાલ અને ટૂંકા કપડા પહેરવાથી મંદિરની ગરિમા ખરાબ થાય છે. ભક્તોએ આ વાત ધ્યાનમાં રાખવી જોઈએ. જો ભક્તો આવા કપડા પહેરીને આવશે તો તેમને મંદિરમાં પ્રવેશ મળશે નહીં અને તેઓ બહારથી જ ભગવાનના દર્શન કરી શકશે.

### ઘોર કળજુગઃ...

આવવા જણાવ્યું હતું. જ્યારે તેની માતા દવાખાનેથી ઘરે આવી ત્યારે સમગ્ર હકીકતની જાણ સગીરાએ માતાને કરી હતી. માતાએ તાત્કાલિક બનાવની હકીકત જાણી તુરંત જ પોલીસ કંટ્રોલ રૂમમાં ફોન કરીને પોતાના પતિની કરતુત અંગેની ફરિયાદ કરી હતી, જેથી વટવા પોલીસે ફરિયાદ નોંધી પિતાની ધરપકડ કરી હતી.

### અમદાવાદ એરપોર્ટ...

જેમની પાસે લગભગ 1 કિલો આસપાસ સોનુ હતું. ઈમિગ્રેશન કાઉન્ટર પર પહોંચતા પહેલા આ 2 શખસો જે છે તેઓ ટોઈલેટ બાજુ જતા રહ્યા હતા. DRIના અધિકારીઓની ટીમે પણ તેમનો પીછો કર્યો હતો અને અહીં જે જોવા મળ્યું એનાથી બધા સ્તબ્ધ થઈ ગયા હતા. આ 2 શખસો કે જે બેંગકોકથી અમદાવાદ એરપોર્ટ આવ્યા હતા, તેમણે એરપોર્ટ સ્ટાફના જ શખસને આ 58 લાખ રૂપિયાનું સોનુ આપ્યું હતું.

ઉલ્લેખનીય છે કે આ 2 શખસો પાસેથી ગોલ્ડ બાર લઈને એરપોર્ટ સ્ટાફના કર્મચારીએ મોટી ગેમ રમી હતી. DRIને જાણ થઈ ગઈ હતી કે અહીં એરપોર્ટ સ્ટાફનો કર્મચારી પણ આ કાંડમાં સંડોવાયેલો છે. તેવામાં તેણે જેવું ગોલ્ડ બારને એરપોર્ટ પ્રિમાઈસિસથી સગેવગે કરવાની કોશિશ કરી કે તરત જ અધિકારીઓએ તેને દબોચી લીધો હતો. ઉલ્લેખનીય છે કે એરપોર્ટ સ્ટાફની પણ આ ગોલ્ડ સ્મગલિંગ કેસમાં સંડોવણી હોવાથી હવે આ તપાસનો ગંભીર મુદ્દો બન્યો છે.

નોંધનીય છે કે છેલ્લા 15 દિવસમાં આ બીજી ઘટના છે જેમાં એરપોર્ટ પરથી સોનુ જપ્ત કરવામાં આવ્યું છે. પ્રાપ્ત થતી માહિતી પ્રમાણે અત્યારે ગોલ્ડ સ્મગલિંગ રેકેટમાં સામેલ અમદાવાદ એરપોર્ટના સ્ટાફના કર્મચારી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી દેવામાં આવી છે. નોંધનીય છે કે અગાઉ એક કિસ્સા પર નજર કરીએ તો કેનેડા જતી એક 61 વર્ષીય વૃદ્ધ મહિલાએ બેગેજમાં 10 તોલા સોનાના દાગીના અને ચાંદીના વાસણો મૂક્યા હતા. પરંતુ તે મુંબઈ પહોંચે ત્યાં સુધીમાં તો તેના હેન્ડબેગમાંથી લાખો રૂપિયાના દાગીના ચોરાઈ ગયા હતા. અત્યારે હવે ચિંતાજનક વાત એ છે કે અમદાવાદ એરપોર્ટ પર ચોરી અને ગોલ્ડ સ્મગલિંગની ઘટનાઓ સતત વધી રહી છે. આને લઈને કાર્યવાહી પણ વધુ વેગવંતી થવી જોઈએ.

### સોનાની દાણચોરીના મામલે સંડોવણી બહાર આવતા ખળભળાટ

## સુરત એરપોર્ટ પર સોનાની દાણચોરી મામલે PSI સસ્પેન્ડ

ગુજરાત | વંદન



સુરત એરપોર્ટ પરથી ઝડપાયેલી 48 કિલો સોનાની દાણચોરી મામલે ચોંકાવનારો ખુલાસો થયો છે. એરપોર્ટ પર સોનાની સ્મગલિંગમાં અરપોર્ટ ઈમિગ્રેશન અધિકારી અને સુરત શહેરના પીએસઆઈ પરાગ દવેની સંડોવણી બહાર આવતા પોલીસબેડામાં ખળભળાટ મચી ગયો છે.

આ દાણચોરી કેસમાં પીએસઆઈ પરાગ દવેની સંડોવણી સામે આવતા સુરત પોલીસ કમિશનર અજય તોમરે તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કર્યા છે. સુરતના આંતરાષ્ટ્રીય એરપોર્ટ પરથી ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (ડીઆરઆઈ) દ્વારા તાજેતરમાં જ 48 કિલો અંદાજિત કિંમત 25 કરોડથી વધુની કિંમતનું સોનું ઝડપી પાડ્યું હતું. જેમાં સ્મલગરે દુબઈથી સુરત એરપોર્ટ પર કરોડો રૂપિયાના સોનાની દાણચોરી કરી હતી. ત્યાર બાદ દાણચોરી કરેલું સોનું એરપોર્ટના બાથરૂમમાં સંતાડી દીધુ હતું. જોકે એરપોર્ટના બાથરૂમ સોનું સંતાડ્યું હોવાની બાતમી ડીઆરઆઈને મળતા ટીમે એરપોર્ટના બાથરૂમમાં દરોડો પાડ્યો હતો. જેમાંથી કરોડો રૂપિયાનું સોનું મળી આવ્યું હતું. જે મામલે ડીઆરઆઈએ ઉંડાણપૂર્વક તપાસ કરતા એરપોર્ટ પર પીએસઆઈ તરીકે ફરજ બજાવતા પરાગ દવેની સંડોવણી સામે આવી હતી.

જે બાદ સુરત પોલીસ કમિશનર અજય તોમરે તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કર્યા છે. તેમજ પીએસઆઈની અટકાયત કરી તપાસ ક્રાઈમ બ્રાંચના ડીસીપી રૂપલ શાહને સોંપવામાં આવી છે.

ડીઆરઆઈએ બુંદેલવાડ બરાનપુરી ભાગલના રહેવાસી મોહમ્મદ સાકીબ મુસ્તાક અહમદ આતશબાજીવાલા (35), અડાજણ પાટિયા આશિયાના ફ્લેટ્સમાં રહેતા ઉવેશ ઈમ્તિયાઝ શેખ (31), રાણી તલાવ સ્થિત પારશી શેરની યાસીર ઈલ્યાસ શેખ (35)ની ધરપકડ કરી હતી. જેમાના રીમાન્ડ પૂર્ણ થતા ચારેય આરોપીઓને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલવામાં આવ્યાં છે.

અનુસંધાન પેજ 1 પરથી...

### દેશની રાજધાની...

સમગ્ર દિલ્હીમાં ફરી રહ્યાં છે. છેલ્લા છહ દિવસથી દિલ્હીમાં વરસાદ થયો નથી તો આટલું બધુ પાણી ક્યાંથી આવ્યું એવો સવાલ કરીને 'આપ'ના પ્રવક્તા સૌરભ ભારદ્વાજે દાવો કર્યો છે કે, દિલ્હીની વિરૂદ્ધ ષડ્યંત્ર છે. આપ પાર્ટીને મત આપનાર દિલ્હીવાસીઓને હેરાન કરવાનું કાવતરૂ છે.

ભાજપનો આરોપ છે કે રેગ્યુલેટર તૂટવાને કારણે દિલ્હીના મોટા ભાગોમાં પાણી ભરાઈ ગયા છે. બીજેપી પ્રવક્તા પ્રવીણ શંકર કપૂરે ટ્વીટ કર્યું કે સચિવાલયથી એક કિલોમીટરનું અંતર કાપવામાં દિલ્હીની સરકારને 14 કલાકનો સમય લાગ્યો છે.

AAPના રાજ્યસભા સાંસદ અને મુખ્ય પ્રવક્તા પ્રિયંકા કક્કરે આરોપ લગાવ્યો કે દિલ્હીનું પૂર પ્રાયોજિત છે. લોકશીટ બતાવતા સંજય સિંહે કહ્યું કે 9 જુલાઈથી 13 જુલાઈની વચ્ચે હથિની કુંડ બેરેજમાંથી દિલ્હી તરફ પાણી છોડવામાં આવ્યું હતું, જ્યારે હરિયાણા તરફ જતી પશ્ચિમી નહેર અને યુપી તરફ જતી પૂર્વીય નહેર હજુ પણ સૂકી પડી છે. દિલ્હી તરફ જાણી જોઈને પાણીનો ભારે જથ્થો છોડવામાં આવ્યો છે.

દરમ્યાનમાં બચાવ અને રાહત કાર્યને નેવી અને એરફોર્સના જવાનોને કામે લગાવવામાં આવતા સત્તાવાર રીતે સેનાની પણ એન્ટ્રી થઈ ગઈ છે. નદીનો પાણી કાપ સાથે ઘુસી જતા બેરેજના દરવાજા જામ થઈ ગયા છે. પીવાનું પાણી પુરૂ પાડનાર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ બંધ કરાયા છે. પરિણામે રાજધાનીમાં પીવાના પાણીની તંગી પર જોવા મળી રહી છે. તો બીજી તરફ ભાજપે 'આપ'ના આક્ષેપોને રદીયો આપી તે એક કુદરતી પ્રક્રિયા છે તેમ કહીને બચાવ કર્યો હતો.

જોકે દિલ્હીમાં યમુનના પુરના પાણી ઘુસ્યા અને સામાન્ય જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું તેમ છતા નોંધનીય બાબતએ છે તે કોઈ જાનહાનિ થઈ નથી. નોંધવા સમાન બાબતએ છે કે ઘણા વર્ષો બાદ લગભગ આખી દિલ્હીમાં પુરના પાણી ફરી વળતા તેને લઈને આપ અને ભાજપ વચ્ચે સામ-સામે આક્ષેપ-પ્રતિઆક્ષેપનું વાક-યુદ્ધ જોવા મળી રહ્યું છે અને તેને લઈને રાજકીય ધમાસાણ સર્જાયું છે.

### જયપુર-ફુલેરા...

માલગાડી પાટા પરથી ઉતરી જવાને કારણે ઘણી રેલ સેવાઓ પ્રભાવિત થઈ છે.

### લોકસભાની...

ઉતારવાની તૈયારી કરી રહી છે. પાર્ટીના રાજ્ય નેતૃત્વ દ્વારા આ અંગે સ્થાનિક પદાધિકારીઓ પાસેથી પણ ફીડબેક લેવામાં આવી રહ્યા છે. ચર્ચા છે કે આ સંદર્ભે સપાના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવ ટૂંક સમયમાં મુંબઈ જઈને અમિતાભ બચ્ચન અને રાજ્યસભાના સભ્ય જયા બચ્ચનને મળી શકે છે. જો અભિષેક બચ્ચન ચૂંટણી લડશે તો ચૂંટણી ઘણી રસપ્રદ બની જશે. આ જગ્યા સાથે અમિતાભ બચ્ચનનું ગાઢ જોડાણ છે. અભિષેકના પણ ઘણા ચાહકો છે. આવી સ્થિતિમાં, જો તે સપા તરફથી ઉમેદવાર બને છે, તો ઐશ્વર્યા રાય બચ્ચન તેમના ચૂંટણી પ્રચાર માટે બિગ બી, જયા બચ્ચન સાથે અહીં આવવાની ખાતરી છે.

અનુસંધાન પેજ 5 પરથી...

### સોશિયલ મીડિયામાં...

થયા. અને મજાની વાત તો એ હતી કે પારુલ અને ગુરુભાઈ ૧૫ દિવસ પહેલા એક બીજાને ઓળખતા પણ નહોતા અને મળ્યા પણ નહોતાં.

હવે તેમનું લગ્નજીવન ચાલુ થઈ ચૂક્યું હતું અને સામાન્ય માણસો નું લગ્નજીવન ચાલુ થાય એટલે તેઓ એવું કહેતા હોય કે હવે તો અને સંસારી થઈ ગયા અને હવે ભગવાને જે આપ્યું તેમાં આપણે ખુશ. પણ ગુરુભાઈ આ વિચારધારા થી થોડુંક આઉટ ઑફ ધ બોક્સ થીંકિંગ કરતા. તેઓએ ૨૦૦૮ સુધી દરજીકામ કર્યું અને ત્યારબાદ થોડી ઘણી બચત કરેલી તેમાંથી તે સમયે સરથાણા જકાતનાકા પાસે વ્રજ ચોક પાસે ૨ બી.એચ.કે નો ફ્લેટ લીધો.ત્યારબાદ ગુરુભાઈએ શેર બજારનું કામ ચાલુ કર્યું.

જેની અંદર શરૂઆત માં નાના પ્રોફિટ થયા પણ ત્યારબાદ શેર બજારમાં ખૂબ જ મોટી નુકસાની ગઈ. જેની અંદર તેઓના પપ્પાની જિંદગી ભર ની કમાણી હોમાઈ ગઈ અને તેઓએ જે પોતે સપનાનું ઘર લીધેલું તે પણ ભારે હૈયે દેવું ચુકવવા માટે વહેંચી નાખવું પડ્યું.

આવા કપરા સમયમાં કદાચ કોઈ પણ વ્યક્તિ આપઘાત કરી જાય. ગુરુભાઈ કે જેઓ હંમેશા હકારાત્મક રહેતા તેઓને પણ આવા વિચાર તો આવ્યા પણ તેમના પરિવાર,પત્ની અને સાસુ અને સસરા નો ભારે સપોર્ટ હોવાના કારણે તેઓએ આ વિચાર માંડી વાળ્યો. અને તેઓ હંમેશા કહે છે કે કદાચ આ કપરા સમયમાં તેઓના સાસુને સસરાનો સપોર્ટ ના હોત તો તેઓએ ઊંધું પગલું ભરી લીધું હોત.

ત્યારબાદ તેઓએ જિંદગીની સમસ્યા સાથે લડત ચાલુ રાખી અને અડાજણ વિસ્તારમાં ભાડા થી ફ્લેટ લીધો.

છેવટે ૨૦૦૯ માં તેઓએ ઈન્શ્યોરન્સ પોલીસીની પરીક્ષા આપી અને તેમાં પાસ થયા. માત્ર ત્રણ વર્ષની અંદર તેઓએ તે કંપનીમાં એક સાદા ઈન્શ્યોરન્સ એજન્ટથી મેનેજર સુધીની સફર કરી. છતાં પોતે કઈક અલગ કરવું છે તે વિચાર તેમના મગજમાં અકબંધ હતો અને પોતાની મેનેજરની પોસ્ટ છોડીને તેઓ પોતાના ભૂપત મામા ની સિલાઈ મશીન વહેંચવાની અને રીપેરીંગ ની દુકાન ૨૦૦ રૂપિયા પગારે મેનેજર ની પોસ્ટ મૂકીને આવ્યાં.

ત્રણ મહિનાની અંદર તેઓએ ભૂપત મામાના સાથ અને સહકારથી તેમની સાથે ઉધના વિસ્તારમાં નવી મશીન રીપેરીંગ અને વેચાણ ની દુકાન ચાલુ કરી. થોડાક સમયમાં કિસ્મત ની ગાડી ચાલી અને દુકાન ધમધોકાર ચાલવા લાગી.ધીમે ધીમે તેઓએ પોતાનું વેચાણ માત્ર સુરતમાં જ નહિ, ગુજરાતમાં જ નહિ પણ પોતાના મગજથી તેઓએ આ ધંધો છેક ચાઈના સુધી પહોંચાડ્યો.

તેઓ પોતાના સિલાઈ મશીન ચાઈના માં સેલ કરતા અને ત્યાં ની મોટી કંપનીઓ તરફથી પણ તેમને ડીલ મળવા લાગી અને ફરી તેમની લાઈફે યું - ટર્ન લીધો અને જિંદગીની ગાડી પાછી ધીમે ધીમે પાટા ઉપર આવવા લાગી. ત્યારબાદ ગુરુભાઈ પોતાની મહેનત ના દમ પર ફરી એકવાર વેસુ ના અલથાણ માં તેઓએ પોતે નવો ફ્લેટ લીધો. પણ અહીંયા તેમની સફર રોકાતી નથી. પારુલ ભાભી ને તે સમયે TikTok જોવાનો ઘણો શોખ હતો.

૨૦૧૯ માં કરોડો લોકો ટિક ટોક સાથે જોડાયેલ હતા. જ્યારે એક વાર પારુલ ભાભી નો ફોન બગડી ગયો ત્યારે તેમને ગુરુભાઈ નો ફોન લઈને ટિક ટોક એપ ડાઉનલોડ કરી. અને તેઓએ વિડિયો આપણે પણ બનાવવા જોઈએ. તેવું વિચારી ને વિડિયો બનાવ્યા. પહેલા વિડિયો માં બે થી ત્રણ લાઈક આવી પછી સાત થી આઠ લાઈક આવી અને ધીમે ધીમે આ આંકડાઓ વધતા ગયા. અને ત્યારબાદ કામ ની વ્યસ્તતા ને કારણે તેઓએ વિડિયો બનાવવાના બંધ કરી દીધા. પણ એકાદ મહિના બાદ તેઓના મિત્ર ના ફેસબૂક ગ્રુપ માં તેમના કોમેડી વિડિયો ફરવા લાગ્યા અને ત્યારબાદ ગુરુભાઈ ને થયું કે આ કામ કરવા જેવું છે અને છેવટે તેઓએ યુ ટ્યુબ ઉપર વિડિયો મૂકવાના ચાલુ કર્યા અને તેઓ ફૂલ ટાઈમ ક્રીએટર બન્યા અને તેમનો મશીનનો ધંધો ભાઈ ચલાવવા લાગ્યા. ત્યારબાદ તેઓ ના આ કોમેડી વિડીયો ને લોકોએ ખૂબ જ પ્રેમ આપ્યો અને તેઓ સોશિયલ મીડિયામાં હાલ પણ ઈન્સ્ટાગ્રામ,ફેસબૂક,મોજ,જોશ, યૂ ટ્યુબ જેવી એપ માં વિડિયો ચાલુ કર્યા અને તેમના લાઈક અને ફોલોવર ના આંકડાઓ ધીમે ધીમે વધતા ગયા પણ આ માત્ર આંકડાઓ નહોતા આ તો ગુરુભાઈ ની લોકોને હસાવવાની કળા ને મળતો લોકોનો પ્રેમ પણ હતો. અને હજુ પણ લોકોને એ પ્રેમ વધતો જાય છે. હાલ ગુરુભાઈ નું પોતાનું પણ એક ParuNguru નામનું ફાઉન્ડેશન ચાલે છે જેમાં તેઓ વિધવા સ્ત્રીઓ અને જે લોકો સમાજના એવા લોકો છે જેમની પરિસ્થિતિ ખરાબ છે તેઓને ગુરુભાઈ નું ફાઉન્ડેશન આર્થિક અને સામાજિક અને વ્યક્તિગત રીતે ખૂબ જ મદદ કરે છે.

તેઓ હાલ એક સોફ્ટવેર ઉપર પણ કામ કરે છે જેમાં દરેક બાળક ખૂબ જ ઓછા રૂપિયામાં અથવા એકદમ ફ્રી માં શિક્ષણ મેળવી શકશે.હાલ ગુરુભાઈ નો એક જ ઉદ્દેશ છે કે લોકો સુધી વધુ માં વધુ પોતાના કોમેડી વિડીયો પહોંચાડે,પોતાના ફાઉન્ડેશન થી બને તેટલી લોકોની મદદ કરે અને લોકોને પોતાના વીડિયોથી ખુશીઓ વહેંચે. આવતા થોડાક સમયમાં તેઓનો હેતુ છે કે તેઓના કોમેડી વિડીયો થી લોકોની વ્યસ્તતા ભરી જિંદગીથી લોકોને સ્ટ્રેસ ફ્રી કરે.

મિત્રો ગુરુભાઈની જે સફર હતી તે ખૂબ જ રસપ્રદ હતી આ સફર ના મુખ્ય વ્યક્તિ તરીકે આપણે ગુરુભાઈ નું વ્યક્તિત્વ જોયું અને સમજ્યા પણ આ બધી બાબતો માત્ર કોઈ એક વ્યક્તિના હાથ ની વાત નથી.

બધું કરવું તેમના જીવનમાં શક્ય બન્યું,સાથે તેઓએ સફળતાના આટલા મોટા શિખરો સર કર્યા તેમાં તેઓના પરિવાર નો સાથ અકબંધ રહ્યો એટલે જ કોઈએ કહ્યું છે કે," દુનિયા ની સૌથી મોટી મૂડી પરિવાર છે અને પરિવાર એક તાંતણે બંધાય રહે અને સહકાર આપે તો કોઈ પણ વ્યક્તિ જીવન માં પ્રગતિ કરી શકે છે." આ વાક્ય ને સાર્થક કરનાર ગુરુભાઈ અને પારુલ ભાભી એટલે કે આ કોમેડી કપલ ને તેમની આગળ ની સફર માટે ગુજરાત વંદન અખબાર તરફથી પણ ખૂબ ખૂબ દિલથી શુભેચ્છાઓ.

# કંપનીને 2870 કરોડનો ચોખ્ખો નફો, વિપ્રો AIમાં ભારે રોકાણ કરશે

ગુજરાત | વંદન

આઈટી કંપની વિપ્રોએ 13 જુલાઈએ જૂન ક્વાર્ટરમાં કોન્સોલિડેટેડ ચોખ્ખા નફામાં વાર્ષિક ધોરણે 12 ટકાનો વધારો કરીને રૂ. 2,870 કરોડની જાહેરાત કરી છે. જોકે, કંપની વિશ્લેષકોના અંદાજને ચૂકી ગઈ.

ગ્રાહકો દ્વારા વિવેકાધીન ખર્ચમાં ઘટાડાથી તેની નાણાકીય કામગીરી પર અસર પડી છે. વિપ્રોએ આ નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં "મજબૂત ડીલ ક્લોઝર્સ" જોયા અને કુલ કોન્ટ્રાક્ટ વેલ્યુની દ્રષ્ટિએ, કંપનીએ વાર્ષિક ધોરણે 9 ટકા વધુ, USD 1.2 બિલિયનના મોટા સોદાનું બુકિંગ બંધ કર્યું. વિપ્રોના CEO અને મેનેજિંગ ડિરેક્ટર થિયરી ડેલાપોર્ટે એક અર્નિંગ કોન્ફરન્સ કોલ દરમિયાન જણાવ્યું હતું કે, "આપણી આસપાસ, લગભગ દરેક ઉદ્યોગમાં, વ્યવસાયો નબળા મેક્રો વાતાવરણના પ્રતિભાવમાં વિવેકાધીન ખર્ચમાં ઘટાડો કરી રહ્યા છે. આની અસર અમારી આવક પર પણ પડી છે." બેંગલુરુ-હેડક્વાર્ટર ધરાવતી IT સર્વિસિસ કંપનીએ જૂન ક્વાર્ટરમાં તેના કોન્સોલિડેટેડ ચોખ્ખા નફામાં 12




ટકાનો વધારો કરીને આશરે રૂ. 2,870 કરોડની નોંધ કરી છે. જો કે, જો ક્રમિક રીતે જોવામાં આવે તો માર્ચ ક્વાર્ટરની સરખામણીમાં કંપનીનો ચોખ્ખો નફો 6.6 ટકા ઓછો હતો. તે જ સમયે, વિપ્રોની કામગીરીથી આવક જૂનમાં પૂરા થયેલા ત્રણ મહિનામાં 6 ટકા વધીને રૂ. 22,831 કરોડ થઈ છે. કંપની શેરધારકોને $1.5 બિલિયન પરત કરશે

કંપનીએ ઉત્પાદનમાં સુધારો કરીને, પ્રતિભાનો ઉપયોગ કરીને અને નિશ્ચિત ખર્ચનું સંચાલન કરીને વધુ સારા ઓપરેટિંગ માર્જિનનું સંચાલન કર્યું છે. "આ ક્વાર્ટરમાં, અમે અત્યાર સુધીનું અમારું સૌથી મોટું બાયબેક બંધ કર્યું, જેનાથી અમને અમારા શેરધારકોને US$1.5 બિલિયન પરત કરવાની છૂટ મળી," તેમણે ઉમેર્યું.

જૂન ક્વાર્ટરમાં કંપનીના કર્મચારીઓની સંખ્યા અગાઉના ત્રણ મહિનાની સરખામણીએ 8,812 ઘટી છે. જૂન ક્વાર્ટરના અંતે, વિપ્રોના કર્મચારીઓની સંખ્યા 2,49,758 હતી, જે માર્ચ ક્વાર્ટરમાં 2,58,570 હતી. વધુમાં, વિપ્રોના વડાએ જણાવ્યું હતું કે IT ઉદ્યોગ, અન્ય તમામ ક્ષેત્રોની જેમ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) માં પણ પ્રગતિ કરી રહ્યું છે. કંપનીએ જાહેરાત કરી છે કે તે AI માં ભારે રોકાણ કરવા જઈ રહી છે.

# HDFCની 45 વર્ષ બાદ શેરબજારમાંથી વિદાય

■ અંતિમ દિવસે ભાવ સાધારણ 0.6 ટકા ઘટીને બંધ છતાં લિસ્ટિંગથી અત્યાર સુધીમાં મજબૂત વળતર

ગુજરાત | વંદન

એચડીએફસીએ 1978માં શેરબજારમાં જાહેર ભરણાં (આઇપીઓ) સાથે એન્ટ્રી કરી હતી. પરંતુ એચડીએફસી બેન્ક સાથે મર્જર થયા બાદ એચડીએફસીને ડિલિસ્ટ કરવાના નિર્ણયને પગલે શેરબજારમાં બુધવારે ટ્રેડિંગનો છેલ્લો દિવસ હતો. છેલ્લા દિવસે શેરનો ભાવ 2711.95 અને 2777.50ની રેન્જમાં અથડાઈને છેલ્લે 2729.95 બંધ રહેતાં આગલા બંધ સામે 0.6 ટકા એટલે કે ₹17 નીચો રહ્યો હતો. એચડીએફસીએ શેરબજારમાંથી ₹5.05 લાખ કરોડના માર્કેટ કેપ સાથે વિદાય લીધી છે અને આ માર્કેટ કેપ સાથે તે ટોચની મૂલ્યવાન કંપનીઓની યાદીમાં નવમાં સ્થાને રહી હતી.

કંપનીનો આઈપીઓ 1978માં આવ્યો ત્યારે ₹100ના ભાવે શેરો ઓફર કરાયા હતા અને રોકાણકારો તરફથી નબળો પ્રતિસાદ મળતા ઈસ્યૂ અંડરસબસ્ક્રાઈબ થયો હતો. પરંતુ ત્યાર પછી શેરે રોકાણકારોને માતબર વળતર આપ્યું હતું અને સિંગલ ડીજીટનો શેર વધીને ચાર આંકડામાં પહોંચ્યો હતો. શેરનો




ભાવ 1992માં ₹7ની સૌથી નીચલી સપાટીએ ગબડ્યો હતો, જ્યાંથી વધતો રહીને ઊંચામાં 2,930 સુધી વધ્યો હતો. આમ 1992માં રોકાણ કરનારે જો હાલ સુધી જાળવ્યું હશે તો તેને 41,757 ટકાનું માતબર વળતર મળ્યું છે. પાંચ બ્રાંન્ચથી શરૂ કરનાર કંપનીની દેશભરમાં હાલ 7,280 શાખાઓ છે.

એચડીએફસીનું એચડીએફસી સાથે મર્જર કરવામાં આવતા ગુરુવારથી હવે એચડીએફસી બેન્ક એક માત્ર શેર રહેશે અને બન્ને કંપનીઓના મર્જર સાથે બુધવારના એચડીએફસીના ₹5.05 લાખ કરોડ અને એચડીએફસી બેન્કના ₹9.13 લાખ કરોડના માર્કેટ કેપનું સંયુક્ત ગણવામાં આવે તો ₹14.18 લાખ કરોડનું થાય, જે દેશની સૌથી મોટી આઈટી કંપની ટીસીએસનું માર્કેટ કેપ ₹11.9 લાખ કરોડ રહેતાં સંયુક્ત કંપની/ બેન્ક દેશની સૌથી મૂલ્યવાન યાદીમાં બીજા સ્થાને પહોંચશે. મર્જર 1લી જુલાઈથી અમલી બની ગયું છે અને સંયુક્ત કદ 40 અબજ ડોલરનું થયું છે. આ મર્જર માટેની રેકોર્ડ ડેટ 13 જુલાઈ રાખવામાં આવી હોવાથી એચડીએફસીનો શેરબજારમાં ટ્રેડિંગનો છેલ્લો દિવસ બુધવાર હતો.

## રિયલ એસ્ટેટ ઉદ્યોગ માટે ગેમ-ચેન્જર ટેકનોલોજીથી સુસજ્જ ઘર

# સૌપ્રથમ: અદાણી રિયાલ્ટી દ્વારા મેટા તકનીકથી આકાર પામતા અદ્યતન મકાન

ગુજરાત | વંદન

અદ્યતન ટેકનોલોજી લાવવામાં અગ્રેસર અદાણી રિયલ્ટી રિયલ એસ્ટેટ ઉદ્યોગમાં નવો અધ્યાય લઈને આવી રહ્યું છે. અદાણી રિયલ્ટી દ્વારા ભારતમાં સૌ પ્રથમવાર રિયલ એસ્ટેટ ઉદ્યોગમાં વર્ચ્યુઅલ પઝેશન સાથેનો નવો પ્રોજેક્ટ લોન્ચ કરવામાં આવ્યો છે. બાંધકામક્ષેત્રે ગેમ ચેન્જર ગણાતા આ પ્રોજેક્ટમાં ગ્રાહકો ઘરના ઘરનું પઝેશન મળતા પહેલા જ તેનો વર્ચ્યુલ અનુભવ કરી શકશે. વળી ખાસ વાત એ છે કે, ગ્રાહકો ઓફિસથી લઈને સ્વીમીંગપુલ, સ્પોર્ટ્સ, લીવીંગરૂમ વગેરેનો અનુભવ આંગળીના ટેરવે અને પોતાની અનુકુળતાએ લઈ શકે છે.

તાજેતરમાં અદાણી રિયલ્ટી દ્વારા મુંબઈ- બાંદ્રા ખાતે મેટાવર્સ પ્લેટફોર્મ પર TEN BKC પ્રોજેક્ટ લોન્ચ કરવામાં આવ્યો છે. આ પ્લેટફોર્મ અદાણી રિયલ્ટી TEN BKC હોમબાયર્સને તેમના ઘરના-ઘરનો તાત્કાલિક વર્ચ્યુઅલ કબજો



આપે છે. ભારત દેશમાં રિયલ એસ્ટેટ ઉદ્યોગમાં સૌપ્રથમવાર મેટાવર્સ પ્લેટફોર્મ પર આ નવો પ્રોજેક્ટ આકાર લઈ રહ્યો છે. ઘરનું ઘર વસાવનારાઓ માટે આ પ્રોજેક્ટ અસામાન્ય અને ઈમર્સિવ અનુભવ આપે છે. જેમાં ગ્રાહકો ડિઝીટલ ઓફિસથી લઈને ઘરના તમામ રૂમ્સ, જીમ સહિત ગાર્ડન વગેરેનો આબેહૂબ અનુભવ લઈ શકે છે.

અદાણી રિયલ્ટી ભારતમાં રિયલ એસ્ટેટના ક્ષેત્રમાં અદ્યતન તકનીકી નવીનતાઓ અપનાવવામાં હંમેશા મોખરે રહી છે. કંપની ડ્રોનનો ઉપયોગ કરીને બાંધકામનું મોનિટરિંગ કરવાથી લઈને ઓગમેન્ટેડ રિયાલિટીનો ઉપયોગ કરવા સુધીના ઈનોવેશન કરવામાં અવ્વલ રહી છે. આ અદ્યતન ટેકનોલોજી દેશભરમાં વિવિધ રાજ્યોમાં ચાલતા અદાણી રિયલ્ટી પ્રોજેક્ટસમાં પણ ક્રમશઃ લાવવામાં આવશે. TEN BKC પ્રોજેક્ટમાં ગ્રાહકોને NFTs (નોન-ફંગિબલ ટોકન્સ) ના રૂપમાં ઘરની માલિકી આપવામાં આવશે, જે તેમને નવા ઘરનો મેટાવર્સ સાથેનો અનુભવ આપશે. જેનાથી ગ્રાહકોને પ્રોપર્ટીનું અન્વેષણ કરવાથી લઈને તમામ સુવિધાઓને ઍક્સેસ કરવાની સવલત મળશે. બાંધકામ હેઠળની પ્રોપર્ટીઝને ગ્રાહકો પઝેશન પહેલા જ જાતઅનુભવ કરી શકશે અને મેટાવર્સ પર મિત્રો તેમજ પરિજનોને આમંત્રિત પણ કરી શકે છે.

# મહિન્દ્રા & મહિન્દ્રાની ઈલેક્ટ્રિક વ્હિકલ માર્કેટમાં રૂપિયા 5000 કરોડનું રોકાણ કરવાની તૈયારી

ગુજરાત | વંદન

આવકની દ્રષ્ટિએ ભારતની સૌથી મોટી સ્પોર્ટ્સ યુટિલિટી વ્હીકલ ઉત્પાદક મહીન્દ્રા એન્ડ મહીન્દ્રા ઈલેક્ટ્રિક વાહન માર્કેટમાં તેની પકડ મજબૂત કરવા માટે મોટી રકમનું રોકાણ કરવા જઈ રહી છે. ભંડોળ માટે વૈશ્વિક રોકાણકારો સાથે વાટાઘાટોની પ્રક્રિયા ચાલી રહી છે. તે જ સમયે મહિન્દ્રા ગ્રુપે કહ્યું છે કે તે 2025 સુધીમાં 5 નવા ઈલેક્ટ્રિક વાહનો લોન્ચ કરશે.

મહિન્દ્રા ગ્રુપ ઈલેક્ટ્રિક વ્હીકલ (ઈવી ) યુનિટ માટે રૂ. 5,000 કરોડનું રોકાણ કરવાની તૈયારી કરી રહ્યું છે. આ માટે બ્રિટિશ ઈન્ટરનેશનલ ઈન્વેસ્ટમેન્ટ (BII) અને કેટલાક અન્ય વૈશ્વિક રોકાણકારો સાથે વાતચીત ચાલી રહી છે. મહિન્દ્રા ઈલેક્ટ્રિક ઓટો મોબાઈલ્સ પરની ચર્ચાઓ સાનુકૂળ નિષ્કર્ષ પર પહોંચશે તો બ્રિટિશ ફાઈનાન્સર ભારતીય સમૂહમાં રોકાણનો બીજો રાઉન્ડ કરશે.

વધતી જતી સ્થાનિક સ્પર્ધા વચ્ચે મહિન્દ્રાએ તેના ઈવી વિભાગ માટે ફંડિંગનો બીજો રાઉન્ડ શરૂ કર્યો છે. કંપનીએ સ્ટોક એક્સચેન્જોને જાણ કરી હતી કે મહિન્દ્રાએ નાણાકીય વર્ષ 2022માં અને નાણાકીય વર્ષ 2027 વચ્ચે તેની ઈવી કંપનીઓમાં આશરે રૂ. 10,000 કરોડના મૂડી ખર્ચની રૂપરેખા આપી છે. તેમાંથી 4,000 કરોડનું રોકાણ નાણાકીય વર્ષ 2024 વચ્ચે અને બાકીનું નાણાકીય વર્ષ 2027 સુધીમાં કરવામાં આવશે.

# ટાટા ગ્રુપ આઈફોન બનાવનારી દેશની સૌપ્રથમ કંપની બનશે

■ હવે ભારતમાં બનશે iPhone, ટાટા અને એપલ વચ્ચે ડીલ લગભગ ફાઈનલ!

ગુજરાત | વંદન

ભારત હાલ ટેકનોલોજી ક્ષેત્રે અને મેન્યુફેક્ચરિંગ ટેકનોલોજી ક્ષેત્રે વિશ્વમાં એક નવી ઓળખ ઉભી કરી રહ્યું છે. એવામાં ભારત માટે ખૂબ સારા સમાચાર મળી રહ્યા છે કે, ઉદ્યોગપતિ રતન ટાટાનું ટાટા ગ્રુપ ટૂંક સમયમાં મોબાઈલ ફોન બનાવવાના બિઝનેસમાં પ્રવેશવા જઈ રહ્યું છે. ટાટા ગ્રુપ ટૂંક સમયમાં આઈફોનનું ઉત્પાદન શરૂ કરી શકે છે. કંપની એપલ સપ્લાયર વિસ્ટ્રોન કોર્પ સાથે વાતચીત કરી રહી છે.

બંને વચ્ચે ડીલ થઈ શકે છે. જો ડીલ ફાઈનલ થઈ જશે તો ટાટા ગ્રુપ આઈફોન બનાવનારી દેશની પ્રથમ કંપની બની જશે. iPhone નિર્માતા વિસ્ટ્રોનનો પ્લાન્ટ કર્ણાટકમાં છે. ડીલ થયા બાદ ટાટા કર્ણાટકમાં પ્લાન્ટને




ટેકઓવર કરી શકે છે. ટાટાનું આ પગલું ચીનને ટક્કર આપશે.

તાઈવાનની વિસ્ટ્રોન કંપની કોન્ટ્રાક્ટ પર ઈલેક્ટ્રોનિક વસ્તુઓ બનાવે છે. તાજેતરમાં, કંપનીએ કર્ણાટક પ્લાન્ટમાંથી આ વર્ષે $1.8 બિલિયનના આઈફોન બનાવવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. કંપની આવું કરવા માંગે છે જેથી તેને સરકારી પ્રોત્સાહન મળી શકે. તે જ સમયે, કંપની આવતા વર્ષ સુધીમાં તેના કર્મચારીઓની સંખ્યા ત્રણ ગણી વધારવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરી રહી છે.

વિસ્ટ્રોન ભારતમાં આઈફોન મેન્યુફેક્ચરિંગમાંથી બહાર નીકળવા માંગે છે. જે બાદ હવે ટાટાએ આ કંપનીને ખરીદવામાં રસ દાખવ્યો છે. જો કે ટાટા, વિસ્ટ્રોન અને એપલે આ અંગે કંઈપણ પુષ્ટિ કરી નથી. માહિતી મુજબ ટાટા અને વિસ્ટ્રોન વચ્ચે વાતચીત ચાલી રહી છે. તેઓ ઓગસ્ટમાં ડીલને અંતિમ સ્વરૂપ આપી શકે છે. જો ટાટાની આ ડીલ થશે તો ટાટા ભારતમાં iPhone બનાવનારી પ્રથમ કંપની બની જશે. આ સાથે જ મેડ ઈન ઈન્ડિયા આઈફોન ટૂંક સમયમાં માર્કેટમાં જોવા મળશે.

# ટાટા કોમ્યુનિકેશન 99 કરોડમાં OSSE ફ્રાન્સનો બાકીનો હિસ્સો ખરીદશે

ગુજરાત | વંદન

ટાટા કોમ્યુનિકેશન eSIM કંપની ઓએસએસઇ ફ્રાન્સમાં બાકીનો 41.9 ટકા હિસ્સો હસ્તગત કરશે. ટાટા કોમ્યુનિકેશ રૂ. 99.3 કરોડમાં હિસ્સો ખરીદશે. કંપનીનું માનવું છે કે આ ડીલ એક મહિનામાં પૂર્ણ થઈ જશે. આ અધિગ્રહણ બાદ ટાટા કોમ્યુનિકેશનની સિંગાપોર સ્થિત પેટા કંપની ટાટા કોમ્યુનિકેશન ઈન્ટરનેશનલ પીટીઈ ઓએસિસ સ્માર્ટ સીમ યુરોપમાં 100 ટકા ઈક્વિટી હોલ્ડિંગ હસ્તગત કરશે.

કંપનીએ શેરબજારોને એક રેગ્યુલેટરી ફાઈલિંગમાં જણાવ્યું




હતું કે, ટીસીઆઈપીએલ બાકીના 41.9 ટકા હિસ્સાને હસ્તગત કરીને ઓસએસઇ ફ્રાન્સમાં સંપૂર્ણ ઈક્વિટી માલિકી પ્રાપ્ત કરશે. જેથી ટીસીપીઆઈએલ ઓએસએસઇ ફ્રાન્સમાં તેનો હિસ્સો વર્તમાન 58.1 ટકાથી વધારીને 100 ટકા કરશે.

2020માં ટીસીઆઈપીએલએ ઓએસિસ સ્માર્ટ સિમ યુરોપ એસએએસ (ઓસએસઇ ફ્રાન્સ) અને ઓએસિસ સ્માર્ટ ઇ-સીમ પીટીઇ લિમિટેડમાં 58.1 ટકા બહુમતી ઈક્વિટી હિસ્સો હસ્તગત કર્યો હતો. જેના કારણે ઓએસએસઇ ફ્રાન્સ અને ઓએસઈપીએલ તેની પેટાકંપની બની હતી. ઓએસઈપીએલએ ઓએસએસઇ ફ્રાંસની સંપૂર્ણ માલિકીની પેટાકંપની છે.

ઓએસિસ ઇ-સીમ અને સીમ ટેકનોલોજીના અમલીકરણ માટે અદ્યતન ટેકનોલોજી અને અન્ય જરૂરી સેવાઓ પૂરી પાડે છે. તેણે વિશ્વભરમાં 350 મિલિયનથી વધુ ઓપરેટિંગ સિસ્ટમ્સ વેચી છે. કંપનીએ 100 થી વધુ મોબાઈલ નેટવર્ક ઓપરેટરો સાથે કામ કર્યું છે.

## ઓપનએઆઈ, ગૂગલ સાથે સ્પર્ધા કરવાનો હેતુ

# એલોન મસ્કે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કંપની XAI લોન્ચ કરી

ગુજરાત | વંદન

અબજોપતિ ઉદ્યોગપતિ એલોન મસ્કએ બુધવારે ChatGPT નિર્માતા ઓપનએઆઈ સાથે સ્પર્ધા કરવાના ઈરાદા સાથે તેમની આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ કંપની xAI લોન્ચ કરી છે. એલોન મસ્ક ChatGPT પર રાજકીય રીતે પક્ષપાતી અને બેજવાબદાર હોવાનો આરોપ લગાવી રહ્યાં છે.xAI વેબસાઈટ અનુસાર, ટેસ્લાના માલિક એલોન મસ્ક xAI કંપનીને તેના અન્ય વ્યવસાયોથી અલગ રાખશે, પરંતુ તે જે ટેક્નોલોજી વિકસાવશે તેનાથી Twitter સહિત અન્ય તમામ વ્યવસાયોને ફાયદો થશે. વેબસાઈટ અનુસાર, "xAIનો ઉદ્દેશ્ય બ્રહ્માંડની સાચી પ્રકૃતિને સમજવાનો છે..."

એલોન મસ્કે ટ્વિટર પર જણાવ્યું હતું કે નવી કંપનીનો હેતુ 'વાસ્તવિકતાને સમજવા' અને જીવનનો સામનો કરી રહેલા મોટા પ્રશ્નોના જવાબો શોધવાનો છે. આ સ્ટાર્ટઅપમાં OpenAI, Google DeepMind, Tesla અને University of Toronto ના ભૂતપૂર્વ સંશોધકોનો સમાવેશ થાય છે. ટીમના સલાહકાર ડેન હેન્ડ્રીક્સ હશે, જેઓ હાલમાં સાન ફ્રાન્સિસ્કોમાં સેન્ટર ફોર AI સેફ્ટીના વડા છે. સેન્ટર ફોર એઆઈ સેફ્ટીએ પણ જલ્દીથી આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ વિકસાવવા સામે ચેતવણી આપી છે. હેન્ડ્રીક્સે જૂનમાં વિશ્વના નેતાઓને એક ખુલ્લો પત્ર પણ લખ્યો હતો, જેમાં ચેતવણી આપી હતી કે કૃત્રિમ બુદ્ધિ માનવ અસ્તિત્વ માટે એટલો જ ખતરો છે જેટલો રોગચાળો અથવા પરમાણુ યુદ્ધ છે. એલોન મસ્ક પણ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સાથે સંકળાયેલા જોખમો વિશે વારંવાર ચેતવણી આપી ચૂક્યા છે અને તેને "આપણા અસ્તિત્વ માટેનો સૌથી મોટો ખતરો" ગણાવ્યો છે.

તેમનો દાવો છે કે તેઓ વર્ષ 2015માં OpenAIના સહ-સંસ્થાપક હતા, કારણ કે તેઓ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ ક્ષેત્રે Google દ્વારા થઈ રહેલા કામને ખૂબ જ ઝડપી ગતિએ ગણાવતા હતા.

# BSEના 149મા સ્થાપના દિન નિમિત્તે નવા લોગોનું અનાવરણ

ગુજરાત | વંદન

એશીયાનું સૌથી જૂનું સ્ટોક બોમ્બે સ્ટોક એક્સચેન્જ(બીએસઇ) તેની ૧૪૯માં સ્થાપના દિનની ઉજવણી કરે છે અને આવતા વર્ષે દોઢ સદી સુધી પહોંચવાના સીમાચિન્હ્ સમાન માઈલસ્ટોન સુધી પહોંચશે.

સ્થાપના દિવસની ઉજવણી સોમવારે બેએસઈ આંતરરાષ્ટ્રીય કન્વેન્શન હોલ ખાતે યોજવામાં આવી હતી. ઉજવણીની શરૂઆત પારંપરીક ઘંટ વગાડીને કરવામાં આવી હતી. આ શુભ પ્રસંગે, ૧૫૦મા સ્થાપના દિનની પૂર્વોત્તર તૈયારી તરીકે બીએસઈએ તેના નવા લોગોનું અનાવરણ કર્યું હતું. નવો લોગો સમૃદ્ધિ, વાઈબ્રન્સ, વૃદ્ધિ અને નવી શરૂઆતની સાથોસાથ સતત વિશ્વાસ અને વધારાની




જવાબદારીઓને પ્રદર્શિત કરે છે. નવા લોગોની રજૂઆત એસ.એસ. મુદ્રા, ચેરમેન -બીએસઈ દ્વારા કરવામાં આવી હતી.

એસ.એસ.મુદ્રા, ચેરમેનએ બીએસઈના સંસ્થાપકો જેઓએ આવી મજબુત સંસ્થાની સ્થાપનાના પાયા નાંખ્યા હતાં તેમને શ્રદ્ધાંજલી અર્પણ કરી હતી. તેમને પૂર્વ અને હાલના સંચાલકો, ડાયરેકટર્સ, અગાઉના પદાધિકારીઓ અને બીએસઈના કર્મચારીઓનો ૧૫૦ વર્ષ સુધી મશાલને પ્રજવલીત રાખવામાં મહત્વનો ફાળો આપવા બદલ યાદ કર્યાં હતાં. મુંદ્રાએ જણાવ્યું હતું કે બીએસઈ ચપળતા, નવીનતા, નવું શીખીને અને જાણીને સફર દિવસે ને દિવસે મજબુત બનવવાનું ચાલુ રાખે છે.

આ પ્રસંગ વિશે જણાવતા, રામામૂર્તિ, એમડી અને સીઈઓ સુંદરરામનએ જણાવ્યું હતું કે, લગભગ 150 વર્ષથી મૂડીના લોકશાહીકરણમાં, વાઈબ્રન્ટ સેકન્ડરી માર્કેટ વગેરેમાં કોર્પોરેટ દ્વારા ભંડોળ ઉભું કરવામાં બીએસઈએ મુખ્ય ભૂમિકા ભજવી છે. રામામૂર્તિએ જણાવ્યું હતું કે, નવો લોગોએ વાઈબ્રન્સી પ્રતિબિંબિત કરે છે, જેમાં અમે રંગોનો ઉપયોગ અને પંચ ભૂત એટલે કે, પ્રકૃતિના પાંચ તત્વો આકાશ, વાયુ, અગ્નિ, જલ અને પૃથ્વીની વચ્ચેના સંયોજન અને ફેલાવા પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.

# ઔદ્યોગિક વિકાસની ઐતિહાસિક ક્ષણ, ટેક્ષટાઈલ ક્ષેત્રમાં નવી ક્રાંતિના મંડાણ

ગુજરાત | વંદન

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ડ્રીમ પ્રોજેક્ટ 'પી.એમ. મિત્ર (મેગા ઈન્ટીગ્રેટેડ ટેક્ષટાઈલ રિજીયન એન્ડ એપેરલ-PM MITRA) પાર્ક' દેશના સાત રાજ્યોમાં સ્થપાશે, જેના ભાગરૂપે ગુજરાતના નવસારીના વાંસીબોરસી ખાતે ૧૧૪૧ એકરમાં પી.એમ. મિત્ર પાર્કના નિર્માણ માટે સુરત ખાતે રાજ્ય અને કેન્દ્ર સરકાર વચ્ચે એમ.ઓ.યુ. થયા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય ઉદ્યોગમંત્રી પિયુષ ગોયલની ઉપસ્થિતિમાં વીર નર્મદ યુનિવર્સિટીના કન્વેન્શન હોલ ખાતે આયોજિત એમ.ઓ.યુ. સમારોહમાં એમ.ઓ.યુ. પર હસ્તાક્ષર કર્યા હતા. વાંસીબોરસીમાં સાકાર થનાર આ પાર્કમાં એક જ સ્થળે, એક જ છત્ર નીચે સ્પિનિંગ, વિવીંગ, પ્રોસેસિંગ/ ડાઈંગ અને પ્રિન્ટિંગથી લઈને ગાર્મેન્ટ મેન્યુફેક્ચરિંગ સુધીની ઈન્ટિગ્રેટેડ ટેક્ષટાઈલ વેલ્યુ ચેઈન ઉભી થશે. વિશ્વ કક્ષાનું 'પ્લગ એન્ડ પ્લે' ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ થશે. અહીં ટ્રેનિંગ, રિસર્ચ અને ઈનોવેશનનો ત્રિવેણી સંગમ સર્જાશે. આ પાર્ક ટેક્ષટાઈલ સેક્ટરની તંદુરસ્ત હરિફાઈને ઉત્તેજન આપી નિકાસને વેગ આપશે. આ પ્રસંગે મુખ્યમંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ભારતને ગ્લોબલ ટેક્ષટાઈલ હબ બનાવવાનો સંકલ્પ કર્યો છે. દુનિયાના સૌથી જૂના ઉદ્યોગો પૈકીનો એક કાપડ ઉદ્યોગને વર્તમાન સમય અનુરૂપ અને આવનારા સમય સાથે તાલમેલ સાધવા આધુનિકીકરણનો માર્ગ અખત્યાર કર્યો છે. 'સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસ'ના મંત્રથી કેન્દ્ર અને રાજ્ય સરકારો વિકાસ પથ પર આગળ વધી હોલિસ્ટીક ડેવલપમેન્ટ માટે સજ્જ બન્યા છે જેનો આનંદ વ્યક્ત કરતા તેમણે ઉમેર્યું કે, નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના વાંસી બોરસી ખાતે ૧૧૪૧ એકરમાં સાકાર થનાર મેગા ઈન્ટીગ્રેટેડ એપરલ પાર્ક દક્ષિણ ગુજરાત સહિત સમગ્ર રાજ્યમાં રોજગારીની નવી તકોનું સર્જન કરવાની સાથે ગુજરાતના ટેક્ષ્ટાઈલ ઉદ્યોગને વેગવંતો બનાવશે. વિકાસની તેજ ગતિથી પીએમ મિત્ર પાર્ક 'આત્મનિર્ભર ભારત માટે આત્મનિર્ભર ગુજરાત'નું નવું સીમાચિહ્ન સર કરશે એવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

# સુઝલોનને KP ગ્રુપ પાસેથી 47.6 મેગાવોટનો પવન ઉર્જા પ્રોજેક્ટનો કોન્ટ્રાક્ટ મળ્યો

ગુજરાત | વંદન

રિન્યુએબલ એનર્જી સોલ્યુશન્સ પ્રોવાઈડર સુઝલોન ગ્રૂપે ગુજરાતમાં કેપી ગ્રૂપ પાસેથી 47.6 મેગાવોટનો વિન્ડ પાવર પ્રોજેક્ટ કોન્ટ્રાક્ટ મેળવ્યો છે. જોકે, કંપનીએ આ ડીલની કિંમતનો ખુલાસો કર્યો નથી. આ પ્રોજેક્ટ ભરૂચ જિલ્લાના વાગરા ખાતે આવેલ છે.

કંપનીએ નિવેદનમાં જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ 2024માં શરૂ થવાની ધારણા છે. આ કદના પ્રોજેક્ટથી 36,000 ઘરોને રોશન કરી શકે છે અને કાર્બન ઉત્સર્જનમાં વાર્ષિક 1.42 લાખ ટનનો ઘટાડો થઈ શકે છે. સુઝલોન ગ્રૂપ પ્રોજેક્ટ માટે S133 વિન્ડ ટર્બાઇન સપ્લાય કરશે અને પ્રોજેક્ટના




અમલીકરણની દેખરેખ કરશે.સુઝલોન ગ્રૂપના ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર જી.પી ચલસાણીએ જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટમાંથી પેદા થતી પાવર કોમર્શિયલ અને ઈન્ડસ્ટ્રીયલ (C&I) કન્ઝ્યુમર સેગમેન્ટને સપ્લાય કરવામાં આવશે.

# સરકાર વધારશે કર્મચારીઓનું મોંઘવારી ભથ્થું, વધી જશે પગાર



ગુજરાત | વંદન

કેન્દ્રીય કર્મચારીઓ માટે જુલાઈનો મહિનો ખુશીનો ખજાનો લાવવાનો છે. આ મહિને આવનારા AICPI ઈન્ડેક્સના નંબરથી સ્પષ્ટ થઈ જશે કે કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં કેટલો વધારો થશે. મોદી સરકાર ફરી કર્મચારીઓનો પગાર વધારવા જઈ રહી છે. સરકાર જુલાઈમાં ડીએમાં વધારો કરી શકે છે.

જુલાઈ મહિના માટે AICPI ઈન્ડેક્સનો નંબર મોંઘવારી ભથ્થા નું કેલકુલેશન કરવા માટે અંતિમ ડેટા હશે. તેના આધાર પર જાણવા મળછે કે કર્મચારીઓના ડીએમાં 4 ટકા કે તેનાથી વધુનો વધારો થાય છે. આ વધારો 7માં પગાર પંચની ભલામણો અનુસાર થશે. માર્ચ 2023માં સરકારે કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં 4 ટકાનો વધારો કર્યો હતો, જે જાન્યુઆરી 2023થી લાગૂ થયો છે. તેનું આગામી રિવીઝન જુલાઈ 2023માં થવાનું છે. પરંતુ માનવામાં આવી રહ્યું છે કે તેની સત્તાવાર જાહેરાત સપ્ટેમ્બર કે ઓક્ટોબર મહિનામાં દીવાળી પહેલા થઈ શકે છે.આ વખતે એવી આશા છે કે સરકાર ડીએમાં 4 ટકાનો વધારો કરી શકે છે. મે 2023 સુધી AICPI નો આંકડો 45.58 ટકા સુધી પહોંચી ગયો છે. હાલ સૂચકાંક 134.7 ટકા છે. જૂન મહિનાનો આંકડો આવવાનો બાકી છે. સરકારે જાન્યુઆરીથી જુલાઈના છમહિનામાં ડીએ અને ડીઆરમાં 4 ટકાનો વધારો કર્યો હતો. ત્યારબાદ કર્મચારીઓને મળનાર ડીએ વધીને 42 ટકા થઈ ગયું હતું. આ વખતે પણ ચાર ટકાનો વધારો થશે તો કર્મચારીઓનું ડીએ 46 ટકાએ પહોંચી જશે.

સાપ્તાહિક ગુજરાત વંદન
gujaratvandan.com

# વરસાદની મોસમમાં ચહેરા પર એલોવેરાનો ઉપયોગ કરીને ચહેરાની ચમક જાળવી રાખો



ગુજરાત સહિત દેશભરમાં મેઘરાજા મન મૂકીને વરસી રહ્યા છે. ત્યારે આ ઋતુની સાથે જ અનેક પ્રકારની બીમારીઓ અને ત્વચા સંબંધિત સમસ્યાઓ થવા લાગે છે. વરસાદની ઋતુમાં તૈલી ત્વચાને કારણે ફોલ્લીઓ અને પિમ્પલ્સની સમસ્યા વધી જાય છે. આવી સ્થિતિમાં જો ત્વચાની ખાસ કાળજી લેવામાં ન આવે તો સમસ્યા ગંભીર બની શકે છે. પરિણામે આ લેખમાં કેટલીક એવી ટિપ્સ આપવામાં આવી છે જેના દ્વારા તમે વરસાદની સિઝનમાં તમારા ચહેરાની ચમક જાળવી શકો છો.

### વરસાદની ઋતુમાં ત્વચા માટે એલોવેરા

એલોવેરા દરેક ઋતુમાં ચહેરા પર લગાવી શકાય છે. વરસાદની મોસમમાં એલોવેરા સરળતાથી મળી રહે છે. તેને ચહેરા પર લગાવવાથી ખીલથી છુટકારો મેળવી શકાય છે. બળતરા વિરોધી ગુણોથી ભરપૂર એલોવેરા લગાવવાથી ત્વચાની સમસ્યાઓનું જોખમ ઓછું થાય છે.

### ચોમાસામાં ત્વચા માટે ચંદન પાવડર

વરસાદની ઋતુમાં તમારે ચહેરા પર ચંદન પાવડરનો ઉપયોગ અવશ્ય કરવો. તમે ચંદન પાવડરનું પેક બનાવીને ચહેરા પર લગાવી શકો છો. તેનાથી ચહેરાને ઠંડક મળશે અને નિખાર આવશે. ચંદનના ઉપયોગથી ટેનિંગ પણ દૂર થાય છે અને ચહેરાની કરચલીઓ પણ ઓછી થાય છે.

### ચોમાસામાં ત્વચા માટે બટાકાનો રસ

બટાકાના રસના ઉપયોગથી ચહેરાના ડાઘ ગાયબ થઈ શકે છે. આ માટે તમારે પહેલા બટેટાને છીણી લેવું અને પછી તેનો રસ ગાળી લેવો. મુલતાની માટીમાં બટેટાનો રસ મિક્સ કરીને 20 મિનિટ સુધી ચહેરા પર લગાવો અને પછી સાદા પાણીથી ધોઈ લો.

# સવારના નાસ્તામાં ઘરે બનાવો ઓનિયન રિંગ્સ

મોટાભાગના ઘરોમાં ડુંગળીનો ઉપયોગ ભોજનનો સ્વાદ વધારવા માટે કરવામાં આવે છે. ડુંગળીમાંથી બનેલા ભજીયા પણ સવારના નાસ્તામાં ખૂબ જ પસંદ કરવામાં આવે છે, પરંતુ શું તમે ક્યારેય નાસ્તામાં ઓનિયન રિંગ્સ ટ્રાય કરી છે. જો નહિ તો આજે અમે તમને ઓનિયન રિંગ્સ બનાવવાની એક સરળ રેસિપી જણાવવા જઈ રહ્યા છીએ. ઘણીવાર ઘરમાં એક જ નાસ્તો ખાવાથી કંટાળો આવે છે. આવી સ્થિતિમાં તે કંઈક નવું કરવાનો પ્રયાસ કરવા માંગે છે. જો તમે પણ એવું જ અનુભવી રહ્યા છો, તો ડુંગળીમાંથી બનાવેલી રિંગ્સ એક શ્રેષ્ઠ ઓપ્શન હોઈ શકે છે. આ રેસીપી બનાવવી ખૂબ જ સરળ છે અને થોડા જ સમયમાં ઓનિયન રીંગ્સ તૈયાર થઈ જાય છે.

### ઓનિયન રિંગ્સ બનાવવા માટે સામગ્રી

- ડુંગળી - 2
- મેંદો - 1/2 કપ
- મકાઈનો લોટ - 2 ચમચી
- ચિલી ફ્લેક્સ - 1/2 ચમચી
- કોર્ન ફ્લેક્સ ક્રમ્બ - 1 કપ
- મિક્સ્ડ હર્બ્સ - 1/2 ચમચી
- તેલ - તળવા માટે
- મીઠું - સ્વાદ મુજબ



### ઓનિયન રિંગ્સ બનાવવાની રીત

ઓનિયન રિંગ્સ બનાવવા માટે, પહેલા કાંદાના થોડા જાડા ગોળાકાર ટુકડા કરો અને તેમાંથી દરેક રિંગને અલગ કરો અને તેને બાઉલમાં રાખો. હવે એક મિક્સિંગ બાઉલ લો અને તેમાં મેંદા લોટ અને મકાઈનો લોટ ઉમેરીને બરાબર મિક્ષ કરો. આ પછી આ લોટના મિશ્રણમાં મિક્સ્ડ હર્બ્સ, ચીલી ફ્લેક્સ અને સ્વાદ અનુસાર મીઠું નાખીને મિક્સ કરો. હવે એક કડાઈમાં તેલ મૂકી ગરમ કરો. તેલ ગરમ થાય એટલે મેંદા-મકાઈના લોટની પેસ્ટમાં ડુંગળીની રિંગ નાખો અને તેને સારી રીતે કોટ કરો અને પછી કોર્ન ફ્લેક્સના ટુકડામાં રિંગ નાખો અને સારી રીતે કોટિંગ કરો. કોર્ન ફ્લેક્સ ક્રમ્બ્સ પર કોટિંગ કર્યા પછી, ફરીથી એક વાર ડુંગળીની રિંગ્સને લોટની પેસ્ટમાં સંપૂર્ણપણે બોળી દો, પછી તેને તળવા માટે તેલમાં મૂકો. આ દરમિયાન, સ્ટિકની મદદથી, રિંગ્સને પલટાવી અને તેને બેક કરો. ડુંગળીની રિંગ્સ ગોલ્ડન બ્રાઉન અને ક્રિસ્પી થાય ત્યાં સુધી ફ્રાય કરો. ત્યાર બાદ તેને એક પ્લેટમાં કાઢી લો. એ જ રીતે બધી રિંગ્સને તળી લો.

# દૂબળાપણું દૂર કરવામાં દૂધ સાથે ખસખસનો ખાસ ઉપયોગ કરો

એક તરફ જ્યાં લોકો વધારે વજનને લઈને ચિંતિત છે, તો બીજી તરફ એવા ઘણા લોકો છે જેઓ તેમના ઓછા વજન અથવા તેમના બાળકોના ઓછા વજનને કારણે ટેન્શનમાં છે.


વજન વધારવા માટે લોકો વારંવાર ખોરાકમાં દૂધનો સમાવેશ કરવાની ભલામણ કરે છે. પરંતુ માત્ર દૂધ જ નહીં, તેમાં થોડીક કેલરી અને હેલ્ધી ફેટ્સ ઉમેરવાથી ફાયદો થઈ શકે છે. તમે ખસખસમાંથી આ ફાયદો મેળવી શકો છો, જેને દૂધમાં ભેળવીને ખાવાથી વજન વધારવામાં મદદ મળે છે.

ખસખસ અને દૂધ વજન વધારવા માટે સારો વિકલ્પ છે. આ ઉપરાંત ખસખસનો ઉપયોગ અનેક પ્રકારની ખાદ્ય સામગ્રી તેમજ આયુર્વેદિક દવાઓમાં પણ કરવામાં આવે છે. તેમાં પ્રોટીન, વિટામિન-સી, વિટામિન બી-6, કેલ્શિયમ, આયર્ન, મેગ્નેશિયમ, મિનરલ્સ પણ હોય છે.

ખસખસમાં હાજર ઝિંક અને આયર્ન રોગપ્રતિકારક શક્તિને મજબૂત કરવાનું કામ કરે છે. આયર્ન શરીરમાં ઓક્સિજન વહન કરવામાં ભૂમિકા ભજવે છે અને ઝિંક નવા કોષો બનાવવા અને વધારવામાં ભૂમિકા ભજવે છે.

ખસખસમાં હાજર ઝિંક થાઈરોઈડ ગ્રંથિની યોગ્ય કામગીરી જાળવવા માટે જાણીતું છે. જ્યારે, મેંગેનીઝ ખાંડનું સંચાલન કરે છે. તેથી, વજન વધારવા માટે ખસખસ એક સારો વિકલ્પ છે.





# ફુદીનાના પાણીનું સેવન કરવાથી કબજિયાતમાંથી છૂટકારો મળી શકે

સ્વાસ્થ્યને તંદુરસ્ત રાખવા માટે પર્યાપ્ત માત્રામાં પાણી પીવું જરૂરી છે. શરીરમાં પાણીની ઊણપથી ડિહાઈડ્રેશન થઈ શકે છે. પરિણામે ગંભીર માથાનો દુખાવો, પેશાબનો રંગ વધુ પડતો ઘેરો થવો, થાક, નબળાઈ, ત્વચાનું રૂક્ષ થવું, કબજિયાત, પેટમાં ગરબડ જેવા લક્ષણો જોવા મળે છે. ગરમીમાં સામાન્ય રીતે વધુ પ્રમાણમાં પાણી પીવું જરૂરી છે. પરંતુ દરેક ઋતુમાં પર્યાપ્ત માત્રામાં પાણી પીવું એટલું જ મહત્વનું છે.

પાણીમાં મિનરલ્સ, સલ્ફર, મેગ્નેશિયમ અને કેલ્શિયમ જેવા તત્વો સમાયેલા હોય છે. સારા સ્વાસ્થ્ય માટે આ સઘળા જરૂરી પોષક તત્વો છે. પરંતુ જો સાથેસાથે ચોક્કસ ખાદ્યપદાર્થો મેળવીને પાણી પીવામાં આવે તો શરીરને તાજગી, તાકાત પણ મળે છે.

**લીંબુ** | એક સંશોધનના અનુસાર, પાણીમાં લીંબુ ભેળવીને પીવાથી શક્તિદાયક પુરવાર થાય છે. લીંબુમાં વિટામિન સી ભેળવેલું હોય છે.જે પાચનક્રિયાને સુધારે છે. તેમજ શરીરને ડિટોક્સ કરે છે, તેમજ વજન ઘટાડવા માટે સહાયક છે.

**ફુદીનો** | ફુદીનાના પાણીનું સેવન કરવાથી કબજિયાથી રાહત થાય છે. ફુદીનાનું પાણી શરીરના તાપમાનને સંતુલનમાં રાખે છે. શરીરના વિષાક્ત પદાર્થને દૂર કરે છે. તેમજ બ્લડ પ્રેશરને કન્ટ્રોલ કરે છે જેથી શરીરને ઉર્જા મળે છે.

**જીરૂ** | જીરાનું પાણી પીવાના ઘણા ફાયદા છે. તેમાં કેલરીનું પ્રમાણ ઓછું હોય છે. તે એન્ટી ઓક્સિડન્ટનો ઉત્તમ સ્ત્રોત છે. પાચનક્રિયા સુધારે છે. મેટાબોલિજમમાં સુધારો કરે છે. સોજા ઘટાડે છે. કેન્સરના જોખમને ઓછંન કરે છે. ડાયાબિટીઝને કન્ટ્રોલમાં રાખે છે તેમજ શરીરને હાઈડ્રેટ રાખે છે.

**વરિયાળી** | વરિયાળીનું પાણી એક ઉત્તમ ડિટોક્સિફાયરનું કામ કરે છે. તે શરીરમાંથી હાનિકારક વિષાક્ત પદાર્થોને બહાર કાઢે છે અને પાચનક્રિયા સુધારે છે. વરિયાળીના બિયાંમાં એન્ટી-ઈન્ફ્રેમેટરી ગણ હોય છે.

# ચોમાસાની સીઝનમાં મકાઈ ખાવાના છે અઢળક ફાયદા...

વરસાદની સીઝનમાં મકાઈ ખાવાની મજા કઈક અલગ જ હોય છે. બાફેલી હોય કે શેકેલી હોય. પોપકોર્ન પણ ખાવામાં સ્વાદિષ્ટ લાગે છે. આ સ્વાસ્થ્ય માટે પણ ઘણી રીતે ફાયદાકારક છે. મકાઈ આખી દુનિયામાં લોકપ્રિય છે અને તેની અનેક પ્રજાતિ પણ છે.

### વિટામીન્સ અને પોષકતત્વ

અલગ-અલગ મકાઈમાં અલગ અલગ પ્રકારના વિટામીન અને પોષક તત્વો રહેલા હોય છે. જેમ કે પોપકોર્નમાં મિનરલ્સ અને સ્વીટ કોર્નમાં અનેક પ્રકારના વિટામીન હોય છે. ભુટ્ટા અને પોપકોર્નમાં ભરપૂર માત્રામાં ફોસ્ફરસ, મેંગનીઝ અને ઝીંક મળે છે. ત્યાં જ સ્વીટ કોર્નમાં વિટામીન બી-5 અને બી-9 મળે છે. જે શરીરમાં ફોલિક એસિડની ઉણને પૂરી કરે છે.

### આંખો માટે ફાયદાકારક

મકાઈમાં કેરોટીનોયડ લ્યુટિન અને જેક્સૈન્થિન જેવા જરૂરી એન્ટીઓક્સીડન્ટ હોય છે જે ઓપ્ટિક ટિશ્યૂથી હાનિકારક ફ્રી રેડિકલ્સને હટાવે છે અને આંખોના પ્રકાશને પણ વધારે છે. આ સિવાય આંખોના નમણા ભાગને પણ નુકસાનથી બચાવે છે. આ ઉંમરની સાથે થનારી બીમારીઓ જેવી કે ગ્લુકોમા અને મોતિયાથી પણ બચાવ કરે છે.

### હાડકાને મજબૂત કરે છે

મકાઈમાં નેચરલ કેલ્શિયમ હોય છે જે હાડકાને મજબૂત કરવાનું કામ કરે છે. આ હાડકામાં ઘનત્વને પણ વધારે છે અને ઓસ્ટિયોપોરોસિસથી બચાવે છે. જે ગેસ્ટ્રોઈન્ટેસ્ટાઈનલ અને કિડનીની સમસ્યામાં પણ ફાયદાકારક છે. યુવાનોએ રોજ મકાઈનું સેવન કરવું જોઈએ પણ આધેડ અને વૃદ્ધોએ મકાઈ સીમિત માત્રામાં જ ખાવી જોઈએ.

### બ્લડ શુગરને કન્ટ્રોલ કરે છે

મકાઈમાં હાજર કાર્બોહાઈડ્રેડ શરીરને તરત એનર્જી આપવાનું કામ કરે છે. જેમાં હાજર ફાઈટ્ટિસ, ટેનિન, પોલીફેનોલ્સ જેવા તત્વો પાચનપ્રક્રિયાને ધીમી કરે છે. જેના કારણે હાઈબ્લડ શુગર ઓછુ થઈ જાય છે. ડાયાબિટીઝના દર્દીઓમાં તે ઘણું જ ફાયદાકારક હોય છે. કેલરીમાં ઓછુ અને ફાઈબર વધુ હોવાના કારણે તે વજન ઘટાડવામાં પણ મદદ કરે છે.

### એનીમિયા દૂર કરે છે

ભારતમાં વધુ મહિલાઓ, પુરુષ અને બાળકોમાં આયરનની ઉણપ ઓછી હોય છે. અને તેના કારણે વધુ થાક અને પ્રોડક્ટિવિટીનું સ્તર ઓછું થઈ જાયછે. કોર્ન આયરનનું પાવરહાઉસ છે. જે લોકોમાં હીમોગ્લોબિનની ઉણપ હોય છે તેમના માટે મકાઈ દવાનું કામ કરે છે. તે એનીમિયાનો ઈલાજ કરે છે.

# તીખા સ્વાદ માટે જાણીતા લાલ મરચાં ડાયાબીટીસના દર્દીઓ માટે ઉત્તમ...



લાલ મરચાં ભારતના દરેક રસોડામાં સ્થાન ધરાવે છે અને તેના તીખા સ્વાદ માટે જાણીતા છે. મરચાંમાં એક મુખ્ય સક્રિય સંયોજન કેપ્સેસીન હોય છે જેમાં ડાયાબીટીસની રોકથામ અને વ્યવસ્થાપન કરવા સહિત અનેક સ્વાસ્થ્ય લાભો છે.

ડાયાબીટીસ હોય તેવા લોકોએ ચુસ્ત ડાયટનું પાલન કરવું પડે છે. પણ મરચાં મસાલો હોવાથી તેઓ સરળતાથી તેને કોઈપણ વાનગીમાં ઉમેરી શકે છે. તાજેતરના અભ્યાસોમાં જણાયું છે કે મરચાં ડાયાબીટીસના દરદીઓ માટે ઉત્તમ છે અને ડાયાબીટીસને નિયંત્રિત કરવા માટે તેને આહારનો નિયમિત ભાગ બનાવવા જોઈએ. તેમાં રહેલા ક્રોમિયમ અને મેગ્નેશિયમ બ્લડ સુગરને નિયંત્રિત રાખે છે. ઉપરાંત તેમાં કેલરી અને ચરબીનું પ્રમાણ પણ ઓછું હોવાથી ડાયાબાટીક લોકો બેફિકરપણે તેનું સેવન કરી શકે છે. તેમાં હાજર એન્ટીઑકિસડન્ટ લાઈકોપીન બ્લડ સુગર લેવલ અને ઓક્સિડેટીવ સ્ટ્રેસને નિયંત્રિત કરવામાં મદદ કરી શકે છે. મરચાંમાં રહેલું ફાઈબર ટાઈપ ટુ ડાયાબીટીસ સામે પૂરતુ રક્ષણ આપે છે.

યાદ રહે કે ડાયાબીટીસને રોકવા અને તેને નિયંત્રણમાં રાખવા માટે મરચાં સહાયક જરૂર છે,પણ તે એક મસાલો હોવાથી તેની માત્રામાં પ્રમાણભાન રાખવું જરૂરી છે. વળી કેટલાક લોકોને મરચાંની એલર્જી પણ હોય છે. આથી વધુ માત્રામાં સેવન કરવું હોય તો ડોકટરની સલાહ જરૂર લેવી.



# ચોમાસા દરમિયાન કપડામાં રહેતી ભીનાશ અને દુર્ગંધથી પરેશાન છો?

વરસાદ ભીષણ ગરમીમાંથી રાહત આપવાનું કામ કરે છે, આ મોસમમાં ભેજના કારણે કીટાણુ અને બેક્ટેરીયાનું પણ જોખમ રહે છે. આ મોસમમાં જો તમે પણ ભીના કપડાને યોગ્ય રીતે સૂકવતા નથી અને તિજોરીમાં એમ જ મૂકી દો છો તો આનાથી ઝડપથી બેક્ટેરીયા ઝડપથી ફેલાય છે. વરસાદમાં કપડા પર ગંદકી, કીટાણુ વધુ જમા થાય છે અને આ કપડાને પહેરવાથી તમે બીમાર પડી શકો છો.

**સુગંધીદાર ડિટર્જન્ટનો ઉપયોગ કરો** | વરસાદના મોસમમાં કપડામાંથી આવતી દુર્ગંધને દૂર કરવા માટે સુગંધીદાર ડિટર્જન્ટનો ઉપયોગ કરો.

### ભીના કપડાને તાત્કાલિક ધોવો

વરસાદમાં પલળ્યા બાદ તાત્કાલિક ન્હાવુ જરૂરી હોય છે તેમ જ કપડા ધોવા પણ જરૂરી હોય છે. ભીના કપડાને લટકાવી દેવા, લોન્ડ્રી બેગ કે ડોલમાં જેમના તેમ મૂકી દેવા અયોગ્ય છે કારણ કે આનાથી એક તો કપડામાં દુર્ગંધ આવતી રહે છે અને બીજુ કીટાળુ પેદા થવાની શક્યતા રહે છે. તો આ મુશ્કેલીઓથી બચવા માટે ભીના કપડાને તાત્કાલિક ધોઈ દેવા જોઈએ.

### વોશિંગ મશીનને અંદરથી પણ સાફ કરો

કપડાને સાફ અને સુગંધીદાર બનાવનાર વોશિંગ મશીનની પણ સમયાંતરે સફાઈ કરતા રહેવુ જરૂરી છે. ખાસ કરીને વરસાદની સીઝનમાં. આ માટે ડ્રમમાં થોડો બેકિંગ પાઉડર કે વોશિંગ મશીન ક્લીનર નાખો. જે બાદ મશીનને નોર્મલ વોશમાં સેટ કરો આનાથી વોશિંગ મશીન સારી રીતે સાફ થઈ જશે. સાથે જ દુર્ગંધ પણ દૂર થઈ જશે.

**કપડાને યોગ્ય રીતે સૂકવો** | કપડાને તે જ સમયે ધોવા શક્ય ન હોય તો તેને યોગ્ય રીતે સૂકવી દો અને જો વોશિંગ મશીનમાં ધોઈ રહ્યા હોવ તો ડ્રાયરનો ઉપયોગ કરો. કપડાને સારી રીતે સૂકવ્યા બાદ જ તિજોરીમાં મૂકો.

**કપડામાં કપૂરની ગોળીઓ નાખો** | વરસાદની સીઝનમાં ભીના કપડામાંથી આવતી દુર્ગંધને દૂર કરવા માટે તિજોરીમાં કપડાની વચ્ચે કપૂરની ગોળીઓ નાખો. આમ તો આને તમે શૂ રેકમાં પણ રાખી શકો છો.



## ઓસ્ટ્રેલિયાની ખેલાડી એલિસ પૈરી વિશ્વની સૌથી ધનિક મહિલા ક્રિકેટર

# પૂર્વ ભારતીય ક્રિકેટર મિતાલીનું 41 કરોડની નેટવર્થ સાથે વિશ્વની ધનિક મહિલા ક્રિકેટમાં પણ 'રાજ'...



ગુજરાત | વંદન | વિશ્વની પાંચ સૌથી ધનિક મહિલા ક્રિકેટરોમાં 3 ભારતીય ખેલાડીઓનો સમાવેશ થાય છે. જેમાં ટોપ પર ઓસ્ટ્રેલિયાની ઓલરાઉન્ડર ખેલાડી એલિસ પૈરીનું નામ છે. જ્યારે બીજા નંબરે પણ ઓસ્ટ્રેલિયન મહિલા ક્રિકેટ ટીમની કેપ્ટન મેગ લેનિગ છે. તેમજ ત્રીજા નંબરે ભારતીય ટીમના દિગ્ગજ પૂર્વ ક્રિકેટર મિતાલી રાજ છે.

### એલિસ પૈરી

વિશ્વની સૌથી ધનિક મહિલા ક્રિકેટરોની યાદીમાં ઓસ્ટ્રેલિયાની ઓલરાઉન્ડર ખેલાડી એલિસ પૈરીનુ નામ મોખરે છે. એલિસ પેરી ખૂબસૂરત મહિલા ક્રિકેટર છે. ક્રિકેટમાં તેના અઢળક ફેન્સ છે. એલિસ પેરીની નેટવર્થ 1 અબજ 14 કરોડ રુપિયા છે.

### મેગ લેનિંગ

ધનિક મહિલાઓની આ યાદીમાં બીજુ સ્થાન પણ ઓસ્ટ્રેલિયન ખેલાડીનું નામ છે. ઓસ્ટ્રેલિયન મહિલા ક્રિકેટ ટીમની કેપ્ટન મેગ લેનિગ બીજા ક્રમે છે. લેનિંગની નેટવર્થ 73 કરોડ રુપિયાની આસપાસ છે. આ ઉપરાંત લેનિંગની આગેવાની હેઠળ ઓસ્ટ્રેલિયન ટીમ હાલમાં જ ટી20 ફોર્મેટમાં વિશ્વ ચેમ્પિયન બની છે.

### મિતાલી રાજ

મહિલા ક્રિકેટરની આ યાદીમાં ત્રીજા ક્રમે સૌથી ધનિક ક્રિકેટર તરીકે ભારતીય પૂર્વ સુકાનીનું નામ આવે છે. જેનુ નામ છે મિતાલી રાજ. પૂર્વ કેપ્ટન મિતાલીની નેટવર્થ 41 કરોડ રુપિયાથી પણ વધારે છે. વર્ષ 2021માં તેણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી સંન્યાસ લઈ લીધો હતો.

### સ્મૃતિ મંધાના

ચોથા ક્રમે વિશ્વની સૌથી ધનિક મહિલા ખેલાડી તરીકેનું નામ ભારતની સ્મૃતિ મંધાનાનું છે. ડબ્લ્યુપીએલમાં સૌથી મોંઘી ખેલાડી તરીકે ઓક્શનમાં ખરીદાયેલ મંધાના 3.4 કરોડની રકમ સાથે આરસીબીનો હિસ્સો બની હતી. મંધાનાની નેટવર્થ 34 કરોડ રુપિયાની આસપાસ છે.

### હરમનપ્રીત કૌર

હાલમાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમની કેપ્ટન તરીકેની જવાબદારી સંભાળનાર હરમનપ્રીત કૌર આ યાદીમાં પાંચમા ક્રમે છે. હરમનપ્રીતની નેટવર્થ 24 કરોડ રુપિયાથી વધારે છે. ડબ્લ્યુપીએલમાં તે મુંબઈ ઈન્ડિયન્સ સાથે 1.8 કરોડ રુપિયાની રકમ સાથે જોડાઈ હતી.

## એશિયા કપ 2023નું શેડ્યુલ ફાઈનલ-અરુણ ધૂમલ

# શ્રીલંકામાં રમાશે ભારત-પાક. મેચ

ગુજરાત | વંદન

એશિયા કપ 2023ને લઈને સતત ચર્ચા ચાલી રહી હતી કે તેના શેડ્યૂલની હજુ જાહેરાત કરવામાં આવી નથી. પાકિસ્તાન તરફથી સતત ચર્ચા થઈ રહી હતી કે PCBના અધ્યક્ષ બદલાયા હોવાથી ટૂર્નામેન્ટનું આયોજન પાકિસ્તાન દ્વારા કરવું જોઈએ, પરંતુ પૂર્વ અધ્યક્ષ નજમ સેઠી દ્વારા પ્રસ્તાવિત હાઈબ્રિડ મોડલને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે. હવે ટૂંક સમયમાં એશિયન ક્રિકેટ કાઉન્સિલ દ્વારા સંપૂર્ણ શેડ્યૂલ સત્તાવાર રીતે જાહેર કરવામાં આવશે, પરંતુ તે પહેલા BCCIના અધિકારી અરુણ ધૂમલે જણાવ્યું કે ભારત અને પાકિસ્તાન વચ્ચે લીગ સ્ટેજની મેચ ક્યાં રમાશે. તેમણે એ પણ કહ્યું છે કે ટૂર્નામેન્ટની માત્ર ચાર મેચો જ પાકિસ્તાનમાં રમાશે.

**માત્ર એક મેચ પાકિસ્તાન પોતાના દેશમાં રમશે** અહેવાલોમાં વધુમાં જણાવવામાં આવ્યું છે કે વર્ષ 2010ની આવૃત્તિની જેમ જ ભારત શ્રીલંકાના દામ્બુલામાં પાકિસ્તાન સામે રમશે તેવી પૂરી સંભાવના છે. પાકિસ્તાનની એકમાત્ર મેચ નેપાળ સામે પાકિસ્તાનમાં થશે. અન્ય ત્રણ મેચો અફઘાનિસ્તાન-બાંગ્લાદેશ, બાંગ્લાદેશ-શ્રીલંકા અને શ્રીલંકા-અફઘાનિસ્તાનની છે. વર્ષ 2016 પછી ઉપખંડમાં આયોજિત થનારો આ પહેલો એશિયા કપ છે, જ્યારે બાંગ્લાદેશે છેલ્લે ખંડીય ટૂર્નામેન્ટની યજમાની કરી હતી. આ પછી UAEએ વર્ષ 2018 અને 2022 એમ બંને આવૃત્તિઓ હોસ્ટ કરી હતી.




### પાકિસ્તાન નહી જાય ભારતીય ક્રિકેટ ટીમ

IPLના વર્તમાન અધ્યક્ષ અરુણ ધૂમલે એ તમામ અફવાઓ પર પૂર્ણવિરામ મૂક્યું છે જેમાં એવું કહેવામાં આવી રહ્યું હતું કે પાકિસ્તાન એ વાત પર અડગ છે કે ભારતીય ટીમ એશિયા કપ 2023 માટે પાકિસ્તાન આવે અને ત્યાર બાદ જ પાકિસ્તાનની ટીમ વનડે વર્લ્ડ કપ 2023 માટે ભારત આવશે. ધૂમલે જણાવ્યું હતું કે ભારતની એશિયા કપની મેચ શ્રીલંકામાં જ યોજાશે. ભારતીય ટીમ એશિયા કપ માટે પાકિસ્તાન નહીં જાય. BCCIના સેક્રેટરી જય શાહ અને PCBના નવા પ્રમુખ ઝકા અશરફ વચ્ચેની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. ધૂમલે કહ્યું હતું કે, "BCCIના સેક્રેટરી જય શાહ PCB પ્રમુખ ઝકા અશરફને મળ્યા હતા અને એશિયા કપનું શેડ્યૂલ ફાઈનલ થઈ ગયું છે." પાકિસ્તાનમાં લીગ સ્ટેજની ચાર મેચો રમાશે, ત્યારબાદ શ્રીલંકામાં 9 મેચ રમાશે. જેમાં ભારત અને પાકિસ્તાનની બંને મેચનો સમાવેશ થશે અને જો બંને ટીમો ફાઈનલ રમશે તો ત્રીજી મેચ પણ ત્યાં જ રમાશે. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, "ભારત પાકિસ્તાનની મુલાકાત લેશે કે અમારા સચિવ ત્યાં જશે એવી કોઈ ચર્ચા નથી થઈ. માત્ર શેડ્યૂલ નક્કી કરવામાં આવ્યું છે."

# અશ્વિન-યશસ્વી સામે વિન્ડિઝ ઘૂંટણીએ પડી ગઈ, એશિયાની બહાર ઈનિંગ્સના માર્જિનથી સૌથી મોટી જીત

ગુજરાત | વંદન

ભારતે ડોમિનિકા ટેસ્ટમાં વેસ્ટ ઈન્ડિઝને એક ઈનિંગ્સ અને 141 રનથી હરાવી છે. આ સાથે ભારતે વેસ્ટ ઈન્ડિઝ સામે ટેસ્ટ ઈતિહાસમાં 23મી જીત હાંસલ કરી છે અને આ જીત સાથે ટીમ ઈન્ડિયાએ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ 2023-25માં સારી શરૂઆત કરી છે.

ડોમિનિકા ટેસ્ટ મેચમાં વેસ્ટ ઈન્ડિઝે ટોસ જીતીને બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો. તેણે પ્રથમ ઈનિંગમાં 150 રન બનાવ્યા હતા જેના જવાબમાં ભારતે પ્રથમ ઈનિંગમાં પાંચ વિકેટના નુકસાને 429 રન બનાવ્યા હતા. ટીમ ઈન્ડિયાને 271 રનની લીડ મળી હતી. વેસ્ટ ઈન્ડિઝની ટીમ બીજી ઈનિંગમાં માત્ર 130 રનમાં સમેટાઈ ગઈ હતી. આ સાથે જ ટીમ ઈન્ડિયાએ વેસ્ટ ઈન્ડિઝ સામે ભવ્ય જીતી મેળવી હતી. આ જીત સાથે રોહિત શર્માની ટીમ ઈન્ડિયા સિરીઝમાં 1-0થી આગળ થઈ ગઈ છે. બંને ટીમો વચ્ચે શ્રેણીની બીજી મેચ 20 જુલાઈથી ત્રિનિદાદમાં રમાશે. ભારતની એશિયા બહાર ઈનિંગ્સના માર્જિનથી સૌથી મોટી જીત થઈ છે.




### યશસ્વી 'પ્લેયર ઓફ ધ મેચ' બન્યો




ભારત તરફથી મેચમાં યશસ્વી જયસ્વાલ અને રોહિત શર્માએ સદીની ઈનિંગ્સ રમી હતી. વિરાટ કોહલીએ અડધી સદી ફટકારી હતી. ટીમ ઈન્ડિયાને માત્ર એક જ ઈનિંગમાં બેટિંગ કરવાનો મોકો મળ્યો હતો. બોલિંગમાં ટીમ ઈન્ડિયા માટે રવિચંદ્રન અશ્વિને શાનદાર પ્રદર્શન કર્યું હતું. તેણે વેસ્ટ ઈન્ડિઝના પ્રથમ ઈનિંગમાં પાંચ અને બીજી ઈનિંગમાં સાત વિકેટ ઝડપી હતી. યશસ્વીએ પોતાના ડેબ્યૂ ટેસ્ટમાં જ 171 રન બનાવવા હતા જે બદલ તેને પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ આપવામાં આવ્યો હતો.

### ટીમ ઈન્ડિયાના સાઉથ આફ્રિકા પ્રવાસનો કાર્યક્રમ જાહેર

ભારતીય ક્રિકેટ ટીમ આ વર્ષનાં અંતમાં સાઉથ આફ્રિકાની યાત્રાએ પહોંચશે જ્યાં ટીમ ત્રણેય ફોર્મેટમાં સીરીઝ રમશે. આ યાત્રા દરમિયાન ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડની તરફથી શિડ્યૂલનું એલાન કરવામાં આવ્યું છે. ટીમ ઈન્ડિયા 10 ડિસેમ્બરથી 3 મેચોની ટી20 સીરીઝથી શરૂઆત કરશે. આ બાદ 3 વનડે મેચ અને છેલ્લે 2 ટેસ્ટ મેચની સીરીઝ રમશે.

# કેપ્ટન તરીકે રોહિત શર્માના પર્ફોમન્સથી સુનિલ ગાવસ્કર નિરાશ

ગુજરાત | વંદન



ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન અને કોમેન્ટેટર સુનિલ ગાવસ્કરે ટીમ ઈન્ડિયાના કેપ્ટન તરીકે રોહિત શર્માના પર્ફોમન્સ અંગે નિરાશા વ્યક્ત કરી છે. ગાવસ્કરે કહ્યું કે, મને રોહિતના કેપ્ટન તરીકેના કાર્યકાળ દરમિયાન તેના વધુ સારા દેખાવની આશા હતી. જોકે તેનાથી હું થોડો નિરાશ થયો છું. ગાવસ્કરે હેડ કોચ દ્રવિડ સહિતના સ્ટાફની સામે પણ પ્રશ્નાર્થ સર્જતાં કહ્યું હતુ કે, કોચિંગ સ્ટાફની જવાબદારી વધારવાની જરુર છે. ગાવસ્કરનું કહેવુ એમ હતુ કે, ટીમની હાર માટે માત્ર ખેલાડીઓને જ નહી પણ કોચિંગ સ્ટાફને પણ તેમની વ્યુહરચના અંગે આકરા સવાલો પૂછવા જોઈએ.

ગાવસ્કરે કહ્યું કે, મને રોહિત પાસેથી વધુ અપેક્ષાઓ હતી. ભારતની ભૂમિ પર પરિસ્થિતિ જુદી છે, પણ વિદેશની ભૂમિ પર ખરી કસોટી થાય છે. આ મામલે તેનાથી નિરાશ થયો છું. ખાસ કરીને ટી-૨૦ના ફોર્મેટમાં ભારત પાસે આઈપીએલનો બહોળો અનુભવ છે. રોહિત કેપ્ટન તરીકે ૧૦૦થી વધુ મેચ રમી ચૂક્યો છે. વળી, આઈપીએલના શ્રેષ્ઠ ખેલાડીઓની બનેલી ટીમ હોવા છતાં ભારત ફાઈનલમાં પણ પ્રવેશી શકતું નથી, તે નિરાશાજનક છે.

# IPLની બ્રાન્ડ વેલ્યુમાં ઉછાળો, ગયા વર્ષની સરખામણીમાં 80%નો વધારો

ગુજરાત | વંદન

ઈન્ડિયન પ્રીમિયર લીગ જેણે વિશ્વની સૌથી મોટી T20 લીગ તરીકે પોતાની છાપ ઉભી કરી છે. તેણે હવે બ્રાન્ડ વેલ્યુની દ્રષ્ટિએ વધુ એક નવું સીમાચિહ્ન હાંસલ કર્યું છે. વર્ષ 2022માં IPLની બ્રાન્ડ વેલ્યુ લગભગ 1.3 લાખ કરોડ રૂપિયા ($15.4 બિલિયન) હતી, આ વર્ષે તેમાં 80 ટકાનો જબરદસ્ત ઉછાળો જોવા મળ્યો છે.

હવે IPLની બ્રાન્ડ વેલ્યુ 26,600 કરોડ ($3.2 બિલિયન)ની નજીક પહોંચી ગઈ છે. આ વિશેની માહિતી વૈશ્વિક રોકાણ બેંક હૌલિહાન લોકીએ એક અહેવાલમાં આપી છે જેણે વિશ્વભરની ઘણી સ્પોર્ટ્સ ફ્રેન્ચાઈઝી પર પોતાનો અહેવાલ જાહેર કર્યો છે.

IPLની બ્રાન્ડ વેલ્યુમાં આ તેજી પછી, તે હવે વિશ્વની સૌથી મોંઘી સ્પોર્ટ્સ લીગના સંદર્ભમાં નેશનલ ફૂટબોલ લીગ (NFL) પછી બીજી સૌથી મોંઘી લીગ બની ગઈ છે. IPLની બ્રાન્ડ વેલ્યુમાં જંગી ઉછાળાનું મુખ્ય કારણ તેના મોંઘા મીડિયા અધિકારોનું વેચાણ થયું છે. તે જ સમયે, આ વખતે ફ્રેન્ચાઈઝીની બ્રાન્ડ વેલ્યુમાં પણ નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે.



ફ્રેન્ચાઈઝીની બ્રાન્ડ વેલ્યુને લઈને હોલિહાન લોકી દ્વારા જારી કરાયેલા રિપોર્ટમાં આ સિઝનનું ટાઈટલ જીતનાર ચેન્નાઈ સુપર કિંગ્સ સૌથી આગળ છે. રિપોર્ટમાં ચેન્નાઈ ટીમની બ્રાન્ડ વેલ્યુ 212 મિલિયન યુએસ ડોલર જણાવવામાં આવી છે. વિરાટ કોહલીની ટીમ રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરની બ્રાન્ડ વેલ્યુ 195 મિલિયન યુએસ ડોલર છે.

બ્રાન્ડ વેલ્યુની આ યાદીમાં, રોહિત શર્માની કેપ્નટશીવાળી મુંબઈ ઈન્ડિયન્સ 190 મિલિયન યુએસ ડોલર સાથે ત્રીજા સ્થાને છે. ગયા વર્ષની સરખામણીમાં ટીમની બ્રાન્ડ વેલ્યુમાં 34.8 ટકાનો ઉછાળો જોવા મળ્યો છે. કોલકાતા નાઈટ રાઈડર્સ આ યાદીમાં ચોથા સ્થાને છે જ્યારે દિલ્હી કેપિટલ્સ પાંચમા સ્થાને છે. IPL ફ્રેન્ચાઈઝીની બ્રાન્ડ વેલ્યુના સંદર્ભમાં લખનૌ સુપર જાયન્ટ્સની ટીમ સૌથી નીચે છે.

## ઈંગ્લેન્ડે ત્રીજી ટેસ્ટમાં 250નો ટાર્ગેટ ચેઝ કરતા

# કેપ્ટન બેન સ્ટોક્સે ભારતીય ટીમના 'કેપ્ટન કૂલ'નો રેકોર્ડ તોડી નાખ્યો...


ગુજરાત | વંદન



બેન સ્ટોક્સની કેપ્ટન્સીમાં ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમે ત્રીજી મેચ જીતતાની સાથે જ 5 મેચની એશિઝ સીરિઝ જીવંત રાખી છે. ઈંગ્લેન્ડે ઓસ્ટ્રેલિયાને લીડ્સમાં રમાયેલી ત્રીજી ટેસ્ટ મેચમાં 3 વિકેટે હરાવ્યું હતું. જોકે, સીરિઝમાં ઓસ્ટ્રેલિયા 2-1થી આગળ છે. ઈંગ્લેન્ડે આ જીત સાથે દમદાર કમબેક કર્યું છે. માર્ક વુડ આ મેચમાં ઈંગ્લેન્ડનો હીરો રહ્યો હતો. તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો. જોકે, આ મેચમાં કેપ્ટન તરીકે બેન સ્ટોક્સે ટીમ ઈન્ડિયાના સૌથી સફળ કેપ્ટન એમએસ ધોનીનો રેકોર્ડ તોડી નાખ્યો છે.

લીડ્સમાં ઈંગ્લેન્ડની આ જીત સાથે બેન સ્ટોક્સે મહેન્દ્રસિંહ ધોનીનો ટેસ્ટ ક્રિકેટમાં એક મોટો રેકોર્ડ તોડી નાખ્યો છે. સ્ટોક્સની કેપ્ટન્સીમાં ઈંગ્લેન્ડે 5 વખત 250થી વધારેનો ટાર્ગેટ ચેઝ કર્યો હતો. આટલી વખત કોઈ અન્ય ખેલાડીની કેપ્ટન્સીમાં કોઈ ટીમે ટાર્ગેટ ચેઝ કર્યો નથી. આ પહેલા આ રેકોર્ડ ભારતીય ક્રિકેટ ટીમના એમએસ ધોનીના નામે હતો. ધોનીની કેપ્ટન્સીમાં ભારતે ચાર વખત 250થી વધુનો ટાર્ગેટ ચેઝ કર્યો હતો.

# દેવધર ટ્રોફી : ગુજરાતી ક્રિકેટર પ્રિયાંક પંચાલની વેસ્ટ ઝોનની ટીમના કેપ્ટન તરીકે પસંદગી




ગુજરાત | વંદન

ગુજરાતના ઓપનિંગ બેટ્સમેન પ્રિયાંક પંચાલને દુલીપ ટ્રોફી બાદ દેવધર ટ્રોફી વન-ડે ટુર્નામેન્ટમાં પણ વેસ્ટ ઝોનના કેપ્ટન તરીકે પસંદ કરવામાં આવ્યો છે. ગુજરાત, સૌરાષ્ટ્ર અને બરોડાના કુલ મળીને ૮ ખેલાડીઓને દેવધર ટ્રોફીની વેસ્ટ ઝોનની ટીમમાં સમાવવામાં આવ્યા છે. તારીખ ૨૪મી જુલાઈથી દેવધર ટ્રોફી વન ડે ટુર્નામેન્ટનો પ્રારંભ થશે.

# પહેલા પિતા હવે પુત્રને કર્યો આઉટ, અશ્વિને બનાવ્યો અનોખો રેકોર્ડ

ગુજરાત | વંદન

ડોમિનિકાના વિન્ડસર પાર્કમાં ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે સિરીઝની પ્રથમ ટેસ્ટ મેચ ચાલી રહી છે. આ મેચમાં લંચ સમયે વેસ્ટ ઈન્ડિઝે પ્રથમ બેટિંગ કરતા 4 વિકેટે 68 રન બનાવ્યા છે. ટેસ્ટ મેચના પ્રથમ દિવસે ભારતના સ્ટાર સ્પિનર આર અશ્વિને એક ખાસ રેકોર્ડ બનાવી લીધો છે. બે મેચની સિરીઝની પ્રથમ ટેસ્ટમાં વેસ્ટ ઈન્ડિઝના કેપ્ટન ક્રેગ બ્રેથવેટે ટોસ જીત્યો અને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. બંને ટીમ માટે આ સિરીઝ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપની નવી સાઈકલની શરૂઆત છે. આ મેચમાં પ્રથમ સત્રમાં ભારતે ચાર બેટરોને આઉટ કર્યાં છે. જેમાં બે સફળતા આર અશ્વિનને મળી છે.



36 વર્ષીય અશ્વિને વેસ્ટ ઈન્ડિઝના ઓપનર તેગનારાયણ ચંદ્રપોલને પોતાનો શિકાર બનાવ્યો હતો. ચંદ્રપોલે 44 બોલની ઈનિંગમાં માત્ર 12 રન બનાવ્યા હતા. તે ટીમનો સ્કોર 31 રન હતો ત્યારે આઉટ થયો હતો. આર અશ્વિને ચંદ્રપોલને આઉટ કર્યો હતો. આ સાથે અશ્વિન પિતા-પુત્રની જોડીને આઉટ કરનાર ભારતનો પ્રથમ બોલર બની ગયો છે.

### 2011માં લીધી હતી પિતાની વિકેટ

અશ્વિને દિલ્હીમાં વર્ષ 2011માં વેસ્ટ ઈન્ડિઝ વિરુદ્ધ સિરીઝની પ્રથમ ટેસ્ટ મેચમાં શિવનારાયણ ચંદ્રપોલને lbw આઉટ કર્યો હતો. હવે અશ્વિને શિવનારાયણ ચંદ્રપોલના પુત્ર તેગનારાયણને બોલ્ડ કર્યો છે. આ પહેલા કોઈ ભારતીય બોલરે પિતા-પુત્રને આઉટ કરવાની સિદ્ધિ મેળવી નથી. ઓસ્ટ્રેલિયન ફાસ્ટ બોલર મિચેલ સ્ટાર્ક પણ શિવનારાયણ અને તેગનારાયણ ચંદ્રપોલને આઉટ કરી ચુક્યો છે.

## ઇનામી રકમ | મહિલા ક્રિકેટ માટે ICCનો ઐતિહાસિક નિર્ણય

# બધી ટૂર્નોમેન્ટમાં પુરુષ-મહિલા ક્રિકેટરોને સરખી મળશે પ્રાઈઝ મની

ગુજરાત | વંદન







આંતરરાષ્ટ્રીય ક્રિકેટ બોર્ડે ઐતિહાસિક નિર્ણય આપ્યો છે. બોર્ડે નવી નીતિ અમલમાં મૂકી છે અને આઈસીસી ઈવેન્ટ્સની ઈનામી રકમ અંગે પુરુષો અને મહિલાઓ વચ્ચેના ભેદભાવને નાબૂદ કરી દીધો છે. આઈસીસીએ કહ્યું કે, હવેથી વૈશ્વિક ઈવેન્ટમાં મહિલા અને પુરુષોને સમાન ઈનામી રકમ મળશે. આ જાણકારી ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડના સચિવ જય શાહે આપી છે.

બીસીસીઆઈના સચિવ જય શાહે ગુરુવારે જાહેરાત કરી હતી કે, હવેથી આઈસીસીની તમામ ઈવેન્ટ્સમાં પુરુષો અને મહિલાઓ માટે ઇનામની રકમ સમાન રહેશે. "મને એ જાહેર કરતા આનંદ થાય છે કે લિંગ સમાનતા અને સર્વસમાવેશકતાની દિશામાં એક મોટું પગલું લેવામાં આવ્યું છે. આઈસીસીની તમામ ઈવેન્ટ્સમાં ઈનામી રકમ પુરુષો અને મહિલાઓ માટે એકસરખી જ રહેશે. આપણે સાથે મળીને વિકાસ કરીએ છીએ.

આઈસીસી ટુર્નામેન્ટમાં સમાન ઈનામી રકમ અંગે ઘણા સમયથી વાતચીત ચાલી રહી છે. આવી સ્થિતિમાં, દક્ષિણ આફ્રિકાના ડરબનમાં યોજાયેલી આઈસીસીની વાર્ષિક પરિષદમાં તેને મંજૂરી આપવામાં આવી હતી. આઈસીસીના ચેરમેન ગ્રેગ બાર્કલેએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "અમારી રમતના ઈતિહાસમાં આ એક મહત્વપૂર્ણ ક્ષણ છે અને મને ખુશી છે કે આઈસીસી ટુર્નામેન્ટમાં ભાગ લેનારા પુરુષ અને મહિલા ક્રિકેટરોને હવે સમાન પુરસ્કાર આપવામાં આવશે. તેમણે કહ્યું કે 2017થી, અમે મહિલા ક્રિકેટને મજબૂત બનાવવાની દિશામાં કામ કરી રહ્યા છીએ. અમે આ જ ઈનામી રકમ માટે દર વર્ષે મહિલા સ્પર્ધાઓમાં રકમમાં વધારો કરતા હતા અને હવેથી આઈસીસી વિમેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ જીતવાની રકમ પણ આઈસીસી મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ જીતવા જેટલી જ ઈનામી રકમ મળશે અને તે જ રકમ ટી-20 વર્લ્ડ કપ અને અંડર-19 માટે લાગુ પડશે.

આ નિર્ણય અગાઉ આઈસીસીની ઈવેન્ટ્સમાં મહિલાઓ અને પુરુષોને મળતી ઈનામી રકમમાં ભારે તફાવત હતો. જો 50 ઓવરના વર્લ્ડ કપની વાત કરીએ તો 2019માં ઈંગ્લેન્ડને ચેમ્પિયન બનવા બદલ 28.4 કરોડની ઈનામી રકમ મળી હતી. તે જ સમયે, ન્યુઝીલેન્ડની ટીમ ઉપવિજેતા હતી, જેના કારણે તેને 14.2 કરોડ મળ્યા હતા. મહિલા વન-ડે વર્લ્ડકપની વાત કરીએ તો 2022માં ચેમ્પિયન બનેલી ટીમને માત્ર 9.98 કરોડ રૂપિયા મળ્યા હતા, જ્યારે રનર્સઅપને 4.53 કરોડ રૂપિયા મળ્યા હતા. આવી સ્થિતિમાં આઈસીસીએ જે નિર્ણય લીધો છે, તે મહિલા ક્રિકેટ માટે ખુબ જ ઐતિહાસિક છે.

# અશ્વિન-જાડેજાની જોડીનો જલવો..!પોતાના નામે કર્યો મોટો રેકોર્ડ, મેકગ્રા-ગિલેસ્પીને પણ પછાડ્યા

ગુજરાત | વંદન

ભારતીય ક્રિકેટ ટીમના સ્ટાર ખેલાડી અને સ્પિન બોલર રવિ અશ્વિન અને રવીન્દ્ર જાડેજાના નામે વધુ એક રેકોર્ડ સ્થાપિત થયો છે. રવિ અશ્વિન અને રવિન્દ્ર જાડેજાની જોડીએ કાબીલેદાદ પ્રદર્શન કરી ટેસ્ટ મેચમાં કમાલ કર્યો છે. બનેએ ભારત માટે 486 વિકેટ ઝડપી છે. જેને લઈને રવિ અશ્વિન અને રવિન્દ્ર જાડેજાની જોડી સૌથી વધુ વિકેટ લેનારી જોડીની યાદીમાં સર્વોચ્ચ સ્થાન હાંસલ કરી લીધું છે. તેઓએ ઓસ્ટ્રેલિયાના ગ્લેન મેકગ્રા જેસન ગિલસપીને પછાડી આ સિદ્ધિ હાંસલ કરી છે.

વેસ્ટ ઈન્ડિઝ સામેની ડોમેનિકા ટેસ્ટમાં રવિ અશ્વિને પાંચ વિકેટ ખેડવી હતી તો રવિન્દ્ર જાડેજા એ ત્રણ વિકેટ ઝડપી હતી. આ રીતે વેસ્ટ ઈન્ડીઝની પ્રથમ ઈનિંગમાં રવિ અશ્વિન અને રવિન્દ્ર જાડેજાની જોડીએ જલવો બતાવી આઠ વિકેટ પોતાને નામ કરી હતી. જેને લઈને રવિ અશ્વિને ટેસ્ટ ફોર્મેટમાં 33મી વખત પાંચ વિકેટ લેવાનું રેકોર્ડ સર્જ્યો છે. સાથે જ આ ઓફ સ્પિનરે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં 700 વિકેટનો આંકડો પાર કર્યો છે.



### 22 રાજ્ય સરકારોને રૂ. 7,532 કરોડ ફાળવ્યા

# કેન્દ્ર સરકારે 22 રાજ્યો માટે SDRF ફંડ જાહેર કર્યું ,ગોવાને સૌથી ઓછું ફંડ

ગુજરાત | વંદન

કેન્દ્ર સરકારે આજે 22 રાજ્યોને સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ માટે રૂપિયા 7 હજાર 532 કરોડ જાહેર કર્યા છે. જેમાં કેન્દ્ર સરકારે મહારાષ્ટ્રને સૌથી વધુ 1 હજાર 420.80 કરોડ રૂપિયા આપ્યા છે. જ્યારે ગોવાને સૌથી ઓછું માત્ર 4.80 કરોડ રૂપિયા ફંડ મળ્યું છે. કેન્દ્ર સરકારે મહારાષ્ટ્ર બાદ બીજા નંબરે ઉત્તર પ્રદેશને 812 કરોડ રૂપિયા અપ્યા છે. તો ઓડિશાને 707.60 કરોડનું ફંડ મળ્યું છે. જ્યારે બિહારને 624. 40 કરોડનું ફંડ આપવામાં આવ્યું છે. તો આ તરફ ગુજરાતને 584 કરોડ રૂપિયા ફંડ મળ્યું છે. જ્યારે આંધ્રપ્રદેશને 493.60 કરોડનું ફંડ મળ્યું છે.

નાણા મંત્રાલયના ખર્ચ વિભાગે આજે સંબંધિત રાજ્ય ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ્સ (SDRF) માટે 22 રાજ્ય સરકારોને રૂ. 7,532 કરોડ ફાળવ્યા છે. આ રકમ ગૃહ મંત્રાલયની ભલામણો અનુસાર જારી કરવામાં આવી છે. જાહેર કરાયેલી રકમની રાજ્યવાર વિગતો નીચે મુજબ છે.

## હિમાલયના રાજ્યોમાં 90% યોગદાન



દેશભરમાં ભારે વરસાદને પગલે માર્ગદર્શિકા હળવી કરવામાં આવી છે અને છેલ્લા નાણાકીય વર્ષમાં રાજ્યોને આપવામાં આવેલી રકમના ઉપયોગના પ્રમાણપત્રની રાહ જોયા વિના રાજ્યોને તાત્કાલિક સહાય તરીકે રકમ જાહેર કરવામાં આવી છે. ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ, 2005ની કલમ 48 (1) (a) હેઠળ દરેક રાજ્યમાં સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ (SDRF)ની રચના કરવામાં આવી છે. આ ફંડ રાજ્ય સરકારો પાસે સૂચિત આપત્તિઓના સામના માટે ઉપલબ્ધ પ્રાથમિક ભંડોળ છે. કેન્દ્ર સરકાર સામાન્ય રાજ્યોમાં SDRFમાં 75% અને ઉત્તર-પૂર્વ અને હિમાલયના રાજ્યોમાં 90% યોગદાન આપે છે.

# સેલ્ફી લીધી, બાળકોને ઝેર આપીને એક ફંદા પર લટક્યાં પતિ-પત્ની, સ્યુસાઈડ નોટે રડાવી દીધા




ગુજરાત | વંદન

મધ્યપ્રદેશના ભોપાલમા લોન એપમાં ફસાયેલા એક પરિવારે સામૂહિક આત્મહત્યા કરી લેતા ભારે ચકચાર મચી છે. મૃતકોમાં પતિ-પત્ની અને બે બાળકોનો સમાવેશ થાય છે. મોડી રાતે પતિ-પત્નીએ પહેલા કોલ્ડ ડ્રિંકમાં સલ્ફાસની ગોળીઓ ભેળવીને બન્ને બાળકોને પીવડાવ્યું હતું.

ત્યાર બાદ તેઓ જ્યાં સુધી મરી ન ગયા ત્યાં સુધી તેમની પાસે બેસી રહ્યાં અને બન્ને મરી ગયા બાદ એક જ ફાંસીનો ગાળિયો બનાવીને બન્ને સાથે લટકી ગયા હતા. 35 વર્ષીય ભૂપેન્દ્ર વિશ્વકર્મા તેની 29 વર્ષીય પત્ની રિતુ વિશ્વકર્મા, આઠ વર્ષનો રિતુરાજ અને 3 વર્ષનો ઋષિરાજ ભોપાલની શિવ વિહાર કોલોનીમાં રહેતા હતા. ભૂપેન્દ્ર એક ખાનગી વીમા કંપનીમાં કામ કરતો હતો, થોડા સમય પહેલા તેણે ઓનલાઈન નોકરીના કળણમાં ફસાઈને લોન લીધી હતી. આ પછી, તે ઓનલાઈન નોકરીના કળણમાંથી બહાર નીકળી શક્યો નહીં અને લોન લઈને કંપનીમાં પૈસા મૂકતો રહ્યો. લોનનું દેવું સતત વધતું રહ્યું. જેના કારણે આખો પરિવાર મુશ્કેલીમાં મુકાઈ ગયો હતો. આ પછી જ આ વ્યક્તિએ પરિવાર સાથે આત્મહત્યા કરવાનું વિચાર્યું હતું.

## ઓનલાઈન લોન એપમાં રૂપિયા લેતા પહેલા ચેતજો, એન્જિનિયરનો ગયો જીવ




બેંગલુરુમાં એન્જિનિયરિંગનાં વિદ્યાર્થીએ ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી છે. માહિતી અનુસાર 22 વર્ષીય આ વિદ્યાર્થી લોન આપતી ઓનલાઈન એપનાં એજન્ટ્સનાં ઉત્પીડનનો શિકાર હતો. તેના પર લોનની રકમ જમા કરવા માટે પ્રેશર બનાવવામાં આવી રહ્યું હતું જે બાદ કંટાળીને વિદ્યાર્થીએ આત્મહત્યા કરી લીધી. મૃતકનું નામ તેજસ નાયર છે. જાણકારી અનુસાર એન્જિનિયરિંગ વિદ્યાર્થી તેજસે ઓનલાઈન એપની મદદથી એક એજન્ટ પાસેથી પૈસા ઉધાર લીધઆ હતાં જેમાંથી કેટલીક રકમ તેના મિત્ર મહેશની પણ હતી. પરંતુ ગતવર્ષે તે પોતાની EMIની ચૂકવણીમાં નિષ્ફળ રહ્યો. પિતા અનુસાર તેના પુત્રે પહેલા પોતાના કાકાનાં ભાઈઓ પાસેથી પૈસા ઉધાર લઈને એજન્ટને ચૂકવવાનો પ્રયાસ કર્યો હતો.પિતાએ કહ્યું કે તેણે (પુત્રએ) લોન એપની મદદથી લીધી હતી અને રકમ પોતાના મિત્રને આપી હતી. પરંતુ તે આ રકમની ચૂકવણી કરવામાં નિષ્ફળ રહ્યો. તેથી તે લોન એપ દ્વારા દરરોજ તેની પજવણી કરવામાં આવતી હતી. માહિતી અનુસાર 46000 રૂપિયા જેટલી રકમ ચૂકવવાની બાકી હતી.

### રાજસ્થાનનો કિસ્સો

# 15-15 કલાક ફોનમાં ગેમ રમતા ધો.7ના વિદ્યાર્થીએ માનસિક સંતુલન ગુમાવ્યું!

ગુજરાત | વંદન



આજકાળ સોશ્યલ મિડિયાનો સમય છે. સ્માર્ટ ફોન આવ્યા બાદ લોકો મોટા પ્રમાણમાં પોતાનો સમય ફોનમાં વિતાવી રહ્યા છે. આ ઉપરાંત કોરોના કાળ બાદ બાળકોમાં પણ સ્માર્ટફોનના ઉપયોગનું પ્રમાણ વધી ગયુ છે. જેની વિપરીત અસર બાળકો પર પડી રહી છે. બાળકો માનસીક અને શારિરીક રીતે અશકતબની રહ્યા છે.

ત્યારે માતાપિતા માટે લાલબત્તી રૂપ એક કિસ્સો રાજસ્થાનમાં સામે આવ્યો છે.રાજસ્થાનના અલવરમાંથી એક ચોકાવનારો ઘટના સામે આવી છે જયા 7માં ધોરણમાં ભણતા વિદ્યાર્થીને મોબાઈલ પર અને ઓનલાઈન ગેમ રમવાની એપ્લીલત લાગી ગઈ કે તેની તબિયત લથડી અને તેણે પોતાનું માનસિક સંતુલન ગુમાવ્યું બાળકને સારવાર માટે દિવ્યાંગ સંસ્થાની હોસ્ટેલમાં દાખલ કરવામાં આવ્યો છે.મળતી માહિતી અનુસાર આ મામલો રાજસ્થાનના અલવરની મુંગારકા કોલોનીનો છે

જયાં એક 14 વર્ષનો બાળક છેલ્લા 7 મહિનાની મોબાઈલ પર ઓનલાઈન ગેમ અને ફાયર ફી 2મી રહ્યો હતો. બાળકને ગેમની એપ્લી હદે લત લાગી ગઈ કે તેને માનસિક સંતુલન ગુમાવી દીધું બાળક રોજ 15 થી 15 કલાક મોબાઈલમાં ગેમ રમતો હતો.એટલુ જ નહી રાત્રે ચાદર અને રજાઈમાં છુપાઈને ગેમ રમતો પરિવારે તેને અટકાવવાનો પ્રયાસ કર્યો તો બાળક બૂમો પાડવા લાગ્યો અને ઘરેથી ભાગી ગયો ભારે મુશ્કેલી બાદ તેને ઘરે પરતે લાવવામાં આવ્યો અને ડોકટર પાસે કાઉન્સેલીંગ માટે મોકલવામાં આવ્યો.

### ભારતે રક્ષા ક્ષેત્રે કર્યો મોટો કરાર

# ફ્રાન્સ પાસેથી 26 રાફેલ જેટ સહિત ત્રણ સ્કોર્પિયન સબમરીન ખરીદશે

- ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલે આ કરારની મંજૂરી આપી દીધી

ગુજરાત | વંદન



ભારતે એક મોટા સંરક્ષણ સોદામાં ફ્રાન્સ પાસેથી 26 રાફેલ ફાઈટર જેટ અને 3 સ્કોર્પિન ક્લાસની સબમરીન ખરીદી કરશે. ડિફેન્સ એક્વિઝિશન કાઉન્સિલે આ કરારની મંજૂરી આપી દીધી છે. આ બાબતની માહિતી આપતા અધિકારીએ જણાવ્યું હતું કે ભારતીય નૌકાદળ માટે ત્રણ વધારાની સ્કોર્પિન-ક્લાસ સબમરીન સહિત 22 રાફેલ એમ અને ચાર ટુ સીટર ટ્રેનર વર્ઝન સહિત 26 રાફેલ એરક્રાફ્ટ ખરીદવાની દરખાસ્તોને મંજૂરી આપી છે.

ભારતીય નૌકાદળને ચાર ટ્રેનર એરક્રાફ્ટ સાથે 22 સિંગલ-બેઠક રાફેલ સી પ્લેન મળશે. નૌકાદળ આ લડાયક જેટ અને સબમરીનને તાત્કાલિક હસ્તગત કરવા માટે દબાણ કરી રહ્યું હતું કારણ કે તેઓ સમગ્ર દેશમાં સુરક્ષા પડકારોને પગલે અછતનો સામનો કરી રહ્યા હતા. ભારતીય નૌકાદળ તેના એરક્રાફ્ટ કેરિયર INS વિક્રમાદિત્ય અને વિક્રાંત પર તૈનાત કરવા માટે જૂના મિગ-29 ને બદલવા માટે યોગ્ય એરક્રાફ્ટ શોધી રહી હતી.

એરક્રાફ્ટ કેરિયર્સ INS વિક્રમાદિત્ય અને વિક્રાંત મિગ-29 ઓપરેટ કરી રહ્યા છે અને બંને કેરિયર્સ પર ઓપરેશન માટે રાફેલ જરૂરી છે. આ સાથે ત્રણ સ્કોર્પિન-ક્લાસ સબમરીન નૌકાદળ દ્વારા પ્રોજેક્ટ-75ના ભાગ રૂપે પુનરાવર્તિત કલમ હેઠળ હસ્તગત કરવામાં આવશે ત્યારબાદ તે મુંબઈમાં મઝાગોન ડોકયાર્ડ્સ લિમિટેડ ખાતે બનાવવામાં આવશે. આ સોદાઓની કિંમત રુપિયા 90 હજાર કરોડથી વધુ હોવાનો અંદાજ છે જો કે આ સોદાની સાચી કિંમત કરારની વાટાઘાટો પૂર્ણ થયા બાદ જ સ્પષ્ટ થશે.

# ઓ તારી.... બિહારમાં ઢોસા સાથે સંભાર ન આપવો મોંઘો પડ્યો, કોર્ટે રેસ્ટોરન્ટને ફટકાર્યો 3,500નો દંડ

ગુજરાત | વંદન

બિહારના બક્સરમાંથી એક અનોખો કિસ્સો સામે આવ્યો છે. બિહારમાં ઢોંસા સાથે સંભાર ન પરોસવું એક રેસ્ટોરન્ટને મોંઘુ પડી ગયુ છે. ઢોંસા સાથે સંભાર ન આપવા પર કોર્ટે રેસ્ટોરન્ટ પર 3500 રૂપિયાનો દંડ ફટકાર્યો છે. તેમજ 45 દિવસમાં ચૂકવણી કરવા આદેશ કર્યો છે. નિર્ધારિત સમયની અંદર ચૂકવણી ન કરવા બદલ 8% વ્યાજ લગાવવા કહ્યું છે. આ મામલો 15 ઓગસ્ટ 2022નો છે. બક્સરના બંગલા ઘાટના રહેવાસી વકીલ મનીષ ગુપ્તાનો જન્મદિવસ હતો. તે દિવસે ગણેશ ચતુર્થી પણ હતી. તેમના માતાનું વ્રત હતું. જેથી તેમને કોઈ સમસ્યાનો સામનો ન કરવો પડે તેથી તેમણે બહારથી કંઈક લાવવાનું વિચાર્યું. તેઓ નમક રેસ્ટોરન્ટમાં પહોંચ્યો. તેમણે ખાસ મસાલા ઢોંસાનો ઓર્ડર આપ્યો. ત્યાંથી ઢોંસા લઈને ઘરે આવ્યા. પેકેટ ખોલતાની સાથે જ તેમણે જોયું કે તેમાં સંભાર નથી. જેના કારણે માતા-પિતા સહિત ઘરે આવેલા મહેમાનો હસવા લાગ્યા.

**11 મહિના બાદ આવ્યો નિર્ણય** | મનીષે બીજા દિવસે રેસ્ટોરન્ટના મેનેજરને આ અંગે ફરિયાદ કરી. જેના પર તેમણે મનીષને બેફામ જવાબ આપ્યો કે શું તમે આખી રેસ્ટોરન્ટ રૂ. 140માં ખરીદી લેશો. નારાજ મનીષે રેસ્ટોરન્ટને કાનૂની નોટિસ ફટકારી હતી. જોકે, રેસ્ટોરન્ટ તરફથી કોઈ જવાબ મળ્યો ન હતો. વકીલે જિલ્લા ગ્રાહક આયોગમાં ફરિયાદ પત્ર દાખલ કરીને ન્યાયની વિનંતી કરી હતી. 11 મહિનાની સુનાવણી બાદ કોર્ટે રેસ્ટોરન્ટને દોષિત ગણાવી અને સજા તરીકે ગ્રાહકને ચૂકવણી કરવાનો આદેશ આપ્યો હતી.

## નેપાળમાં હિન્દુઓની વસ્તી ઘટી: મુસ્લિમ-ખ્રિસ્તીઓની વધી

ગુજરાત | વંદન

નેપાળમાં છેલ્લાં એક દાયકામાં હિન્દુઓ અને બૌધ્ધોની વસ્તીમાં નજીવો ઘટાડો થયો છે, જ્યારે મુસ્લિમો અને ખ્રિસ્તીઓની વસ્તીમાં નજીવો વધારો થયો છે. શનિવારે પ્રકાશિત થયેલા વસ્તી ગણતરી અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે નેપાળનાં મુખ્ય ધર્મ હિન્દુ છે, જેનું કુલ વસ્તીમાં પ્રમાણ 81.19 ટકા છે.

અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે દેશમાં 2,36,77,744 લોકો હિન્દુ ધર્મનું પાલન કરે છે. બીજા ક્રમે બૌધ્ધ ધર્મનાં 23,94,549 અનુયાયી છે, જે કુલ વસ્તીનાં 8.2 ટકા છે. 14,83,060 લોકો ઈસ્લામ ધર્મ પાળે છે, જે કુલ વસ્તીના 5.09 ટકા છે. 5,12,313 લોકો ખ્રિસ્તી ધર્મ પાળે છે, જે કુલ વસ્તીના 1.76 ટકા છે. અહીંના સ્વદેશી ધર્મ કિરાતની વસ્તી 3.17 ટકા છે. છેલ્લાં 10 વર્ષમાં હિન્દુ અને બૌધ્ધ ધર્મનાં અનુયાયીઓમાં ક્રમશઃ 0.11 ટકા અને 0.79 ટકા ઘટાડો નોંધાયો છે, જ્યારે ઈસ્લામ, કિરાત અને ખ્રિસ્તીઓની સંખ્યામાં ક્રમશઃ 0.69 ટકા, 0.17 ટકા અને 0.36 ટકા વધારો થયો છે.

# ભારતે પહેલીવાર પાકિસ્તાનના પ્રસ્તાવનું કર્યું સમર્થન!

- સ્વિડનમાં કુરાન ફાડવાની નિંદનીય ઘટનાના વિરોધમાં ભારત, ચીન સહિતના દેશો પાકિસ્તાનની સાથે રહ્યાં

ગુજરાત | વંદન



સ્વિડનમાં પવિત્ર કુરાન સળગાવવાની હિચકારી ઘટનાના વિરોધમાં સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર પરિષદમાં પાકિસ્તાન એક પ્રસ્તાવ લાવ્યું હતું. ધાર્મિક ધ્રુણા સાથે જોડાયેલા આ પ્રસ્તાવને મંજૂરી આપી દેવામાં આવી છે જેનું ભારતે પણ સમર્થન કર્યું છે. પાછલા મહિને સ્વીડનની રાજધાની સ્ટૉકહોમમાં એક શખ્સે મસ્જિદ સામે પવિત્ર કુરાનનું અપમાન કર્યું હતું. તમામ ઈસ્લામિક દેશોની સાથે યુરોપીય સંઘ, પોપ ફ્રાન્સીસ અને ખુદ સ્વીડનની સરકારે આ હરકતની નિંદા કરી હતી.

સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકાર દ્વારા એક ટવીટમાં જણાવાયું કે ડ્રાફ્ટ પ્રસ્તાવ એલ.23ને ફરી એક વખત પ્રસ્તુત કરાયા બાદ મૌખિત રીતે સંશોધિત કરવામાં આવ્યો હતો. આ ડ્રાફ્ટનું શીર્ષક 'ભેદભાવ, શત્રુથા અથવા હિંસાને પ્રોત્સાહન આપનારી ધાર્મિક ધ્રુણાનો મુકાબલો કરવાનો છે' તેવું અપાયું છે. 57 દેશોના સંગઠન ઓઆઈસી તરફથી પાકિસ્તાને ડ્રાફ્ટ પ્રસ્તાવ પ્રસ્તુત કર્યો હતો જેમાં અમુક યુરોપીય તેમજ અન્ય દેશો દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે અને આ પ્રકારની ઘટનાઓની નિંદા કરવામાં આવી છે.

સંયુક્ત રાષ્ટ્ર માનવાધિકારમાં કુલ 47 દેશો સભ્ય છે જેમાં ઓઆઈસીના માત્ર 19 દેશો છે. રૉયટર્સના રિપોર્ટ પ્રમાણે પશ્ચીમી દેશોના અમુક રાજદૂતોએ આ પ્રસ્તાવનો વિરોધ પણ કર્યો છે. ચીને આ પ્રસ્તાવ પર પાકિસ્તાનનું સમર્થન આપ્યું તો અમેરિકા, યૂકે, ફ્રાન્સ, બેલ્જીયમ, જર્મની, રોમાનિયા, લિથુઆનિયા, કોસ્ટા રીકા અને ફિનલેન્ડ સહિત 12 દેશોએ પ્રસ્તાવનો વિરોધ કર્યો હતો. નેપાળ સહિત સાત દેશોએ આ પ્રસ્તાવ પર મત આપ્યો ન્હોતો.

# ખાનગી સ્કૂલના શિક્ષકો સરકારી શિક્ષકો જેટલાં પગાર-ભથ્થાં મેળવવા હકદાર

- દિલ્હી હાઈકોર્ટે ગ્રાન્ટ વગરની શાળાના શિક્ષકોના પગારને લઈને મહત્વનો ચુકાદો આપ્યો

ગુજરાત | વંદન

દિલ્હી હાઈકોર્ટે દિલ્હીમાં ગ્રાન્ટ વગરની શાળાના શિક્ષકોના પગારને લઈને મહત્વનો ચુકાદો આપ્યો છે. કોર્ટે કહ્યું કે ગ્રાન્ટ વગરની ખાનગી શાળાઓના શિક્ષકો પણ સરકારી શાળાના શિક્ષકો જેટલો જ પગાર અને અન્ય ભથ્થાં મેળવવા માટે હકદાર છે. કોર્ટનો આ નિર્ણય એક ખાનગી શાળાની અરજીના જવાબમાં આવ્યો છે. જેમાં તેણે તેના શિક્ષકોને સાતમા કેન્દ્રીય પગાર પંચ મુજબ પગાર ચૂકવવાના નિર્દેશને પડકાર્યો હતો.દિલ્હી હાઈકોર્ટે ચુકાદામાં દિલ્હી શાળા શિક્ષણ એક્ટની કલમ 10નો ઉલ્લેખ કરતાં કહ્યું કે માન્યતા પ્રાપ્ત ખાનગી શાળાના પગાર અને ભથ્થાં, તબીબી સુવિધાઓ, પેન્શન, ગ્રેચ્યુઈટી, ભવિષ્ય નિધિ અને અન્ય લાભોનો સ્કેલ સરકારી શાળાના કર્મચારીઓ કરતા ઓછો ન હોવો જોઈએ. કોર્ટે શિક્ષણ નિયામક દ્વારા જાહેર કરાયેલી એક નોટિફિકેશન પર પણ ખુલાસો કર્યો કે હતો કે જેમાં તમામ માન્યતા પ્રાપ્ત સ્કૂલોને 7મા કેન્દ્રીય પગાર પંચની ભલામણોને લાગુ કરવા નિર્દેશ અપાયો હતો. જસ્ટિસ મનમોહન અને જસ્ટિસ મિની પુષ્કર્ણાની બેન્ચે ભારપૂર્વક જણાવ્યું હતું કે ગ્રાન્ટ વગરની ખાનગી શાળાઓ તેમની કાયદાકીય જવાબદારીથી છટકી શકે નહીં./

# જૂનમાં મોંઘવારીનો દર ફરી ત્રણ મહિનાની ટોચે, રીટેલ ફુગાવો વધીને 4.81 ટકા

ગુજરાત | વંદન

પાંચ મહિનાના સતત ઘટાડા પછી છૂટક મોંઘવારીમાં મોટો ઉછાળો આવ્યો છે. જૂન 2023માં ખાદ્ય ચીજોના ભાવમાં તીવ્ર ઉછાળાને કારણે છૂટક ફુગાવાનો દર ફરીથી વધ્યો છે. જૂન મહિનામાં રીટેલ ફુગાવો વધીને ૪.૮૧ ટકા થયો છે. જે છેલ્લા ત્રણ મહિનાનો સૌથી વધારે છે. મે, ૨૦૨૩માં રીટેલ ફુગાવો ૪.૩૧ ટકા હતો. કન્ઝયુમર પ્રાઈસ ઈન્ડેક્સ (સીપીઆઇ) આધારિત ફુગાવો ફેબ્રુઆરીથી સતત ત્રણ મહિના સુધી ઘટયો હતો.

નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ (એનએસઓ) દ્વારા જારી કરવામાં આવેલા આંકડા અનુસાર જૂનમાં ખાદ્ય વસ્તુઓનો ફુગાવો ૪.૪૯ ટકા રહ્યો છે. જે મેની સરખામણીમાં ૨.૯૬ ટકા વધારે છે.

### 21મી સદીમાં ગોલ્ડ-ડાયમંડ કરતાં હવે ધીમે ધીમે પ્લેટિનમની જવેલરીનો ક્રેઝ વધી રહ્યો છે...

# સોના નહી-ચાંદી નહીં..હીરા નહી-મોતી નહી..પ્લેટીનમ કા હૈ જમાના...!

ગુજરાત | વંદન

છેલ્લા એક દાયકાથી, પ્લેટિનમ જ્વેલરીનો જાદુ સમગ્ર વિશ્વમાં સોના કરતાં વધુ ઝડપથી ફેલાઈ રહ્યો છે. પ્લેટિનમ જ્વેલરીનું સૌથી મોટું બજાર ચીનમાં છે. જાપાન, અમેરિકા, ઈંગ્લેન્ડ, ઈટાલી, જર્મની, સ્વિટ્ઝર્લેન્ડ વગેરેમાં પણ પ્લેટિનમની લોકપ્રિયતા વધી છે. પ્લેટિનમ જ્વેલરીનો ચાંદી જેવો દેખાવ અને કિંમત સોના કરતાં બે તૃતીયાંશ સસ્તો. છેલ્લી સદીના છેલ્લા વર્ષોમાં, પ્રખ્યાત પોપ ગાયક માઈકલ જેક્સન તેની પુત્રીના જન્મથી વધુ આનંદિત ન હતા. ઓસ્ટ્રેલિયાના પ્રવાસ દરમિયાન તેણે પત્ની માટે એક અનોખી ભેટ ખરીદી હતી. શું તમે જાણો છો? હીરાથી જડેલી એક સુંદર પ્લેટિનમ વીંટી! તો તેની કિંમત લગભગ 40 લાખ રૂપિયા હશે.

પચીસ વર્ષ પહેલાં જ્યારે પ્લેટિનમનો ક્રેઝ બાલ્યાવસ્થામાં હતો તેનું આ ઉદાહરણ છે. ત્યારથી, પ્લેટિનમ જ્વેલરીનો જાદુ સમગ્ર વિશ્વમાં ફેલાવા લાગ્યો. એલિઝાબેથ ટેલરથી લઈને લેડી ગાગા સુધીની ઈન્ટરનેશનલ સેલિબ્રિટીઓ પ્લેટિનમ જ્વેલરી ફ્લોન્ટ કરી રહી છે.

'પ્લેટિનમ ગિલ્ડ ઈન્ટરનેશનલ'ના ડેટા અનુસાર, પ્લેટિનમ વપરાશના મામલે ભારત હજુ આગળ નથી, પાછળ છે. હાલમાં ચીન સૌથી આગળ છે. બીજા નંબર પર અમેરિકા અને ત્રીજા નંબર પર જાપાન છે. માત્ર 2021માં જ ચીનમાં 67 ટનથી વધુ પ્લેટિનમનો વપરાશ થયો હતો. ત્યારબાદ ઉત્તર અમેરિકામાં લગભગ 38 ટન અને જાપાનમાં સાડા 22 ટન.

આ સમયગાળા દરમિયાન, યુરોપિયન દેશોનો સંયુક્ત પ્લેટિનમ વપરાશ 54 ટન જેટલો હતો. પ્લેટિનમ અને ગોલ્ડ બારનું







## એલિઝાબેથ ટેલર-લેડી ગાગા સહિતની સેલિબ્રિટીઓ પ્લેટિનમ જ્વેલરીને ચાહવા લાગી છે...

ઉત્પાદન કરતી કંપની જેન્સેન મેથેસના જણાવ્યા અનુસાર, વીસ વર્ષ પહેલાં સુધી જાપાન પ્લેટિનમના વપરાશમાં નંબર વન હતું. પરંતુ 'પ્લેટિનમ ગિલ્ડ ઈન્ટરનેશનલ'એ ત્યારબાદ ચીનમાં પ્લેટિનમનો વપરાશ વધારવાના ઉદ્દેશ્ય સાથે દેશવ્યાપી પ્લેટિનમ લવ બેન્ડ્સ અને રિંગ્સ યુવા પેઢી પાસે વધુ પૈસા છે, અને વિચાર નવો છે. તેથી જ તે કંઈક નવું, અધિકૃત, વૈભવી અને અલબત્ત મોંઘું પણ ઈચ્છે છે. તેમના માટે સોનુ જૂનું થઈ ગયુ છે. એટલા માટે સફેદ સોનું પણ ટ્રેન્ડમાં આવ્યું. વ્હાઈટ ગોલ્ડ જ્વેલરી આજે પણ ટ્રેન્ડમાં છે. આજકાલ 10 ગ્રામ પ્લેટિનમની કિંમત 40,000 રૂપિયાની આસપાસ છે. જ્યારે સોનું 60,000 રૂપિયા પ્રતિ 10 ગ્રામ છે.

જાપાનમાં પ્લેટિનમ માટે અપ્રતિમ ઉત્સાહ છે. 'પ્લેટિનમ ગિલ્ડ ઈન્ટરનેશનલ' અનુસાર, જાપાનમાં પ્લેટિનમનું ટર્નઓવર સોના કરતાં વધુ છે. આજે જાપાનીઝ બુલિયન માર્કેટમાં શુદ્ધ પ્લેટિનમ ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. કિશોરો અને યુવતીઓ સિલ્વરમાંથી પ્લેટિનમ બની ગયા છે. યુરોપિયન દેશોમાં પણ પ્લેટિનમમાં તેજી ચાલુ છે. સ્વિટ્ઝર્લેન્ડમાં ઘડિયાળો માટે વધી રહ્યો છે. સ્વિત્ઝર્લેન્ડ સતત ઘણા વર્ષોથી વાર્ષિક 10,000 કરતાં વધુ પ્લેટિનમ ઘડિયાળોનું ઉત્પાદન કરે છે.

પ્લેટિનમના કરિશ્માને વિશ્વના ખૂણે ખૂણે ફેલાવવા માટે, 'પ્લેટિનમ ગિલ્ડ ઈન્ટરનેશનલ' અને રશિયાના જાપાનીઝ જ્વેલર્સે એક અભિયાન શરૂ કર્યું - 'ધ પ્લેટિનમ પાર્ટનર્સ...'. આ અંતર્ગત, પ્લેટિનમ જ્વેલરીને પાંચ અલગ-અલગ થીમમાં વિભાજિત કરવામાં આવી હતી - પૌસી, માય ફર્સ્ટ પ્લેટિનમ, પ્લેટિનમ ફોર સેલિબ્રેશન એન્ડ ગ્રિટ્યુડ, ન્યૂ બેઝિક અને માય સેલ્ફ જ્વેલરી.

'પૌસી' પ્લેટિનમ જ્વેલરી તેના પર કોતરવામાં આવેલ સંદેશ સાથે આવે છે, તેથી તે ભેટ તરીકે આદર્શ અને યુવાનો માટે પ્રથમ પસંદગી છે. સૌથી નાની આંગળી માટે ખાસ રિંગ્સ, બ્રેસલેટ અને બ્રેસલેટ 'પૌસી' શ્રેણીમાં ઘરેણાંના લોકપ્રિય ટુકડા છે.આ રેન્જ હેઠળ બાળકોના ચશ્મા, દૂધની બોટલ, ચમચી વગેરે પણ બજારમાં ... અનુસંધાન પેજ નં. 6 પર

# માનુષી છિલ્લરે ડેબ્યૂ ફિલ્મ સમ્રાટ પૃથ્વીરાજના ફ્લોપ પર આપી પ્રતિક્રિયા....



અક્ષય કુમારની ફિલ્મ 'સમ્રાટ પૃથ્વીરાજ'થી મિસ વર્લ્ડ 2017 માનુષી છિલ્લરે ડેબ્યૂ કર્યું હતું. હવે તેણે ફિલ્મ ફ્લોપ થવા પર પ્રતિક્રિયા આપી છે. આ ફિલ્મ 175 કરોડના મોટા બજેટમાં બની હતી, જોકે આ ફિલ્મ ચાહકોનું મનોરંજન કરવામાં નિષ્ફળ રહી હતી. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ખરાબ રીતે ફ્લોપ રહી હતી.

માનુષી છિલ્લરે કહ્યું, 'મેં ખૂબ મહેનત કરી હતી, તેથી તે નિરાશાજનક છે. મેં શીખ્યું કે ઘણા લોકો એક સાથે આવે છે અને ફિલ્મ બનાવવા માટે ખૂબ મહેનત કરે છે. એક અભિનેતા તરીકે, તમે તમારું શ્રેષ્ઠ આપી શકો છો અને તેમ છતાં પરિણામ તમારા નિયંત્રણમાં નથી. તમે પ્રેક્ષકોને નિયંત્રિત કરી શકતા નથી. પણ મારી પહેલી ફિલ્મ હોવાથી હું થોડો નુકસાન મેહસુસ થાય છે.

જો કે, હવે જ્યારે હું પાછું વળીને જોઉં છું તો મને લાગે છે કે મને જે જોઈતું હતું તે મને આ ફિલ્મમાંથી મળ્યું છે. હું ઘણું શીખી છું. એક વર્ગ એવો પણ છે જેને ફિલ્મ પસંદ પડી છે. દરેક ફિલ્મ સારી નથી કરતી. જો તમે તાર્કિક રીતે જુઓ તો ઉદ્યોગમાં સફળતાનું પ્રમાણ ઘણું ઓછું છે. મોટાભાગની ફિલ્મો સારી ચાલતી નથી. પણ મને ખરાબ નથી લાગતું. સદભાગ્યે મેં કામ કરવાનું બંધ કર્યું નથી. હું સતત બીજા પ્રોજેક્ટમાં વ્યસ્ત રહું છું.


આ સિવાય અભિનેત્રીએ પ્રતિક્રિયા આપતા કહ્યું કે શરૂઆતમાં ઈન્ડસ્ટ્રીના લોકોએ કહ્યું હતું કે સૌંદર્ય સ્પર્ધાના વિજેતાઓ સારા અભિનેતા નથી બની શકતા. તેણે કહ્યું, 'જ્યારે હું અહીં આવી હતી, ત્યારે ઈન્ડસ્ટ્રીના લોકોએ કહ્યું હતું કે 'તમે જાણો છો કે લોકોને લાગે છે કે પેજન્ટ ગર્લ્સ એક્ટિંગ નથી કરી શકતી.'

# IMDBની લોકપ્રિય ભારતીયોની યાદીમાં શાહરૂખને પાછળ રાખીને તમન્ના ભાટિયા પહોંચી ટોચ પર...



અભિનેત્રી તમન્ના ભાટિયાની બેક ટુ બેક બે વેબ સિરીઝ જી કરદા અને લસ્ટ સ્ટોરીઝ 2 ખૂબ જ ચર્ચામાં છે. બીજી તરફ તમન્ના ભાટિયાને તેનો ફાયદો મળ્યો છે. તાજેતરમાં ઈન્ટરનેટ મૂવી ડેટાબેઝ(આઈએમડીબી)ની લોકપ્રિય ભારતીય સેલિબ્રિટી યાદીમાં તમન્ના ભાટિયા ટોપ પર પહોંચી ગઈ છે. તમન્નાની તમિલ ફિલ્મ જેલરનું સ્પેશિયલ ગીત 'કાવલા' પણ હાલમાં જ રિલીઝ થયું છે અને લોકોને ખૂબ પસંદ આવી રહ્યું છે. ઈન્સ્ટાગ્રામ પર રીલ બનાવવામાં આવી રહી છે. આ રીતે તેણે ખૂબ જ લોકપ્રિયતા મેળવી છે. આ ગીતમાં તમન્ના સાથે રજનીકાંત પણ જોવા મળે છે. ઈન્ટરનેટ મૂવી ડેટાબેઝ(આઈએમડીબી)ની લોકપ્રિય ભારતીય સેલિબ્રિટી યાદીમાં તમન્ના ભાટિયાએ 'બોલિવૂડના કિંગ' શાહરૂખ ખાનને પછાડીને ટોપનું સ્થાન હાંસિલ કર્યું છે. આ સિવાય તમન્નાએ મૃણાલ ઠાકુર, કિયારા અડવાણી, રામ ચરણ, રણવીર સિંહ અને થાલાપતિ વિજય સહિત અન્યને પણ પાછળ છોડી દીધા છે.

તમને જણાવી દઈએ કે, 33 વર્ષીય તમન્ના ભાટિયાએ 2005થી અભિનયની શરૂઆત કરી હતી. પરંતુ બોલિવૂડમાં સફળતા મળી નહોતી. જેના પગલે તમન્નાએ 2006માં સાઉથ ઈન્ડસ્ટ્રીઝમાં ઝપલાવ્યું હતું. તમન્નાએ તમિલ સિનેમામાં શ્રી ફિલ્મથી પગ મૂક્યો.



# પ્રિયંકા-કેટરિના બાદ હવે અનુષ્કા શર્માએ પણ 'જી લે જરા' ફિલ્મ કરવાનો કર્યો ઈનકાર



ફરહાન અખ્તરની 'જી લે જરા' ફિલ્મના પ્રોજેક્ટને ફરી એક આંચકો લાગ્યો છે. અનુષ્કા શર્માએ પણ આ ફિલ્મ કરવાની ના પાડી દીધી છે. અગાઉ, પ્રિયંકા ચોપરા અને કેટરિના કૈફ પણ આ ફિલ્મ માટે ઈન્કાર કરી ચૂક્યાં છે.

અનુષ્કાએ તારીખોની સમસ્યા હોવાનું બહાનું કાઢી ફરહાનની ઓફર નકારી છે. અનુષ્કાએ એમ કહ્યું હોવાનું મનાય છે કે પોતે આ ફિમેલ સેન્ટ્રિક ફિલ્મ કરવા બહુ ઉત્સુક છે પરંતુ ફરહાન જેટલા સળંગ દિવસો શૂટિંગ માટે માગે છે તેટલા દિવસો ફાળવવાનું પોતાના માટે શક્ય નથી. અનુષ્કાએ એવો દાવો પણ કર્યો હોવાનું કહેવાય છે કે પોતે પ્રોફેશનલ લાઈફમાં બહુ વ્યસ્ત છે અને સાથે સાથે તેણે પ્રોફેશનલ અને પર્સનલ લાઈફ વચ્ચે બેલેન્સ કરવાનું છે.

અનુષ્કાની આ પ્રોફેશનલ લાઈફમાં વ્યસ્ત હોવા વાળું બહાનું કોઈને ગળે ઉતર્યું નથી કારણ કે એક અભિનેત્રી તરીકે તેની કારકિર્દી અસ્તાચળે છે અને હાલ તેની પાસે એવા કોઈ મોટા પ્રોજેક્ટસ જ નથી કે જેને સતત વ્યસ્ત રાખે. આ પહેલાં એવી વાત હતી કે પ્રિયંકા ચોપરા અને કેટરિનાના ઈનકાર પછી અનુષ્કા શર્મા અને કિયાર અડવાણી આ ફિલ્મમાં જોડાઈ રહ્યાં છે.

પરંતુ, હવે હાલની ઘડીએ ફરહાનનું ઓરિજિનલ કાસ્ટિંગ રફેદફે થઈ ગયું હોય તેમ જણાય છે. એકમાત્ર આલિયા ભટ્ટ શરુઆતથી આ પ્રોજેક્ટ સાથે સતત જોડાયેલી રહી છે પરંતુ તેની સંજય લીલા ભણશાળી સાથેની 'બૈજુ બાવરા'નું શૂટિંગ આગામી મહિનાઓમાં શરુ થઈ જશે. તે પછી તે પણ ફરહાનને આ ફિલ્મ માટે સળંગ તારીખો નહીં ફાળવી શકે.

# અનુપમ ખેર હવે રવિન્દ્રનાથ ટાગોરની ભૂમિકા ભજવશે

પીઢ અભિનેતા અનુપમ ખેર હવે કવિવર રવિન્દ્રનાથ ટાગોરની ભૂમિકામાં જોવા મળશે. તેમણે પોતાનો રવિન્દ્રનાથ ટાગોર તરીકેનો ફર્સ્ટ લૂક સોશિયલ મીડિયા પર શેર કરતાં લોકોએ તેમની બહુ પ્રશંસા કરી હતી.

અનુપમ ખેરના જણાવ્યા અનુસાર આ તેની ૫૩૮મી ફિલ્મ હશે. જોકે, તેણે ફિલ્મનાં નામ, સર્જકો કે બીજી કોઈ વિગતો હજુ જાહેર કરી નથી. અનુપમ ખેરે ચાહકોને આશ્વાસન આપ્યું છે કે પોતે ટૂંક સમયમાં વધુ વિગતો પ્રગટ કરશે.

આ ફિલ્મ કોણ બનાવી રહ્યું છે અને તે કોઈ ઐતિહાસિક ઘટનાક્રમ આધારિત ફિલ્મ હશે અને તેમાં રવિન્દ્રનાથ ટાગોરનું પાત્ર હશે કે પછી આ રવિન્દ્રનાથ ટાગોરની બાયોપિક જ હશે તે વિશે અટકળો થઈ રહી છે. આ ફિલ્મ થિયેટરમાં રીલીઝ થશે કે પછી આ કોઈ ઓટીટી પ્રોજેક્ટ છે તે વિશે પણ અટકળો થઈ રહી છે. સંખ્યાબંધ ચાહકોએ અનુપમના રવિન્દ્ર નાથ ટાગોર તરીકેના લૂકને વધાવી લીધો છે. કેટલાય લોકોએ સ્વીકાર્યું છે કે અનુપમ આ ગેટઅપમાં હૂબહૂ રવિન્દ્રનાથ ટાગોર લાગે છે. કેટલાક ચાહકોએ લખ્યું છે કે અનુપમ ખેરને આ ભૂમિકા મળી એ બહુ સારું થયું છે. હાલના સમયમાં ગુરૂદેવને તેમનાથી બહેતર ન્યાય કોઈ આપી શકે તેમ નથી. અનુપમ ખેરની આગામી ફિલ્મોમાં 'વેક્સિન વોર , 'ઈમરજન્સી' તથા 'મેટ્રો ઈન દિનોં'નો સમાવેશ થાય છે.

# સામંથા રુથ પ્રભુએ છ મહિના બહુ કપરા પસાર કર્યાની પોસ્ટ મૂકતાં ચાહકો ચિંતામાં મૂકાયા



સાઉથની હોટ હિરોઈન સામંથા રુથ પ્રભુએ પોતે છેલ્લા છ મહિના બહુ કપરા પસાર કર્યા હોવાની પોસ્ટ મૂકતાં તેના ચાહકો વધુ ચિંતામાં મૂકાયા છે. હજુ તાજેતરમાં જ તેણે મુંબઈ એરપોર્ટ પર પોતાનો ચહેરો કેમેરાથી છૂપાવ્યો હતો. તે પછી આ પોસ્ટને લીધી તેના ચાહકોની ચિંતા વધી ગઈ છે.

સામંથાએ કશું સ્પષ્ટ કર્યા વિના માત્ર એમ લખ્યું છે કે પાછલા છ મહિના મારા માટે બહુ કપરા રહ્યા છે. પરંતુ, હવે તેનો છેડો આવી રહ્યો છે. સામંથાની આ પોસ્ટ વિશે અનેક અટકળો થઈ રહી છે. તે માયોસાઈટિસ બીમારીને કારણે એક વર્ષનો બ્રેક લઈ રહી હોવાની ચર્ચા છેસાઉથના વર્તુળોના જણાવ્યા અનુસાર સામંથા આવતા મહિને અમેરિકા જઈ રહી છે અને કેટલાક મહિનાઓ સુધી ત્યાં જ રહેશે. બાદમાં તે સાઉથ કોરિયા પણ જવાની છે. તબીબોએ તેને સંપૂર્ણ આરામ કરવાની સલાહ આપી છે. આથી તેણે કેટલાય પ્રોડયૂસરોને સાઈનિંગ એમાઉન્ટ પણ પાછી આપી દીધી છે. સામંથાની વિજય દેવરકોંડા સાથેની 'કુશી' ફિલ્મનું શૂટિંગ પૂરું થઈ ચૂક્યું છે.

# 11મી ઓગસ્ટ રિલીઝ થશે અક્ષય કુમારની 'OMG 2'




2012માં આવેલી અક્ષય કુમાર અને પરેશ રાવલેની 'OMG' બોક્સ ઓફિસ પર હિટ સાબિત થઈ હતી. હવે આની સિક્વલ 'OMG 2' આવી રહી છે જેને લઈનો અક્ષયના ફેન્સી ઉત્સુકતા વધી ગઈ છે. હાલમાં 'OMG 2' નું ટીઝર સામે આવ્યું હતું જેમા અક્ષય કુમાર ભગવાન શિવના અવતારમાં જોવા મળ્યા હતા. ફિલ્મનું ટીઝર શિવ અને તેના ભક્તની આસપાસ ફરતુ જોવા મળ્યું હતું. આ ફિલ્મમાં તે આસ્તિક કાંતિ શરણ (પંકજ ત્રિપાઠી) ની સાથે દેખાય છે. આ ફિલ્મ યામી ગૌતમ પણ મહત્વપૂર્ણ ભૂમિકામાં જોવા મળશે. જોકે સિકવલમાં પરેશ રાવલ દેખાશે નહીં. ફિલ્મ આગામી 11માં ઓગસ્ટે રિલીઝ થઈ રહી છે.

હાલમાં રિલીઝ થયેલા 1.26 મિનિટના ટીઝરની શરૂઆત પંકજ ત્રિપાઠીથી થાય છે. પૃષ્ઠભૂમિમાં કહેવાયું છે- 'ભગવાન હોય કે ન હોય, વ્યક્તિ આસ્તિક કે નાસ્તિક હોવાનો પુરાવો આપી શકે છે. પરંતુ ભગવાન પોતે બનાવેલા બંદોમાં વચ્ચે ક્યારેય ભેદ રાખતા નથી. નાસ્તિક કાંજીલાલ મહેતા (ઓએમજીમાં પરેશ રાવલ) હોય કે આસ્તિક કાંતિ શરણ (ઓએમજી 2માં પંકજ ત્રિપાઠી). તકલીફના સમયે તેમના દ્વારા લગાવેલી પુકાર હંમેશા તેને તેના પોતાના શ્રદ્ધાળુઓ તરફ ખેંચી લઈ આવે છે.'

ટીઝરમાં એવું પણ બતાવવામાં આવ્યું હતું કે પંકજ ત્રિપાઠીનો પરિવાર મુશ્કેલીમાં છે. 40 સેકન્ડ પછી, અક્ષય કુમાર ભગવાન શિવ તરીકે પ્રવેશ કરે છે અને પંકજ ત્રિપાઠી પર તેમના આશીર્વાદ વરસાવે છે. અક્ષય કહે છે, "વિશ્વાસ રાખો, તમે શિવના સેવક છો." ફિલ્મના ટીઝરે ખરેખર ચાહકોના દિલ જીતી લીધા છે. પરેશ રાવલ આ વખતે 'OMG 2'માં જોવા મળશે નહીં. પંકજ ત્રિપાઠીએ આસ્તિક બનીને પોતાનું સ્થાન લીધું છે. ફિલ્મમાં યામી ગૌતમનું પણ મહત્ત્વનું પાત્ર છે. તે એક વકીલ તરીકે જોવા મળશે. જોકે, તે ટીઝરમાં દેખાઈ ન હતી. ફિલ્મ 11મી ઓગસ્ટ 2023ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે.

# પરિણિતીએ લગ્ન પહેલા કોસ્મેટિક્સ અને વેલનેસ બ્રાન્ડમાં રોકાણ કર્યું



પરિણિતી ચોપરા આગામી ઓક્ટોબર માસમાં સંભવતઃ ઉદયપુર ખાતે આપના નેતા રાઘવ ચઢ્ઢા સાથે પ્રભૂતામાં પગલાં પાડશે. જોકે, તે પહેલાં પરિણિતીએ પોતાની વ્યવસાયિક જિંદગીમાં પણ એક મોટો નિર્ણય લઈ એક કોસ્મેટિક્સ અને વેલનેસ બ્રાન્ડમાં રોકાણ કર્યું છે. આ બ્રાન્ડમાં તેણે બહુ નોંધપાત્ર પ્રમાણમાં કહી શકાય તેવો લઘુમતી હિસ્સો લીધો છે. પરિણિતીના આ રોકાણને સ્ટ્રેટેજિક ઈન્વેસ્ટમેન્ટ ગણાવવામાં આવી રહ્યું છે. એવો દાવો થઈ રહ્યો છે કે પરિણિતીએ માત્ર પોતાની મૂડી પાર્ક કરવા માટે નહીં પરંતુ સક્રિય ભૂમિકા ભજવવા માટે આ રોકાણ કર્યું છે. પરિણિતીએ ખૂદ આ રોકાણની જાહેરાત કરતાં કહ્યું છે કે પોતાને પોતાની શૈક્ષણિક લાયકાતને અનુરુપ કોઈ બિઝનેસ સાથે સંકળાવાની લાંબા સમયથી ઈચ્છા હતી તે હવે પૂર્ણ થઈ રહી છે.

# ઉર્વશીએ 3 મિનિટનાં સોન્ગ પર્ફોર્મન્સ માટે 3 કરોડ માંગ્યા



બોલીવૂડ અભિનેત્રી ઉર્વશી રૌતેલા ફિલ્મોમાં ભલે ખાસ દેખાતી ન હોય પરંતુ તેણે ફેશન, મોડેલિંગ અને ડાંસની દુનિયામાં ખાસ નામના મેળવી છે. હાલમાં જ ઉર્વશીએ સાઉથ ઈન્ડિયન ફિલ્મનાં ત્રણ મિનિટનાં સોન્ગ પર્ફોર્મન્સ માટે 3 કરોડની ડિમાન્ડ કરી છે. એટલે કે, એક્ટ્રેસે 1 મિનિટનાં 1 કરોડ રૂપિયા માંગ્યા છે.ડાન્સ ફેસ્ટિવલ 2023માં પોતાનાં ફેશનથી લોકોનું દિલ જીતીને લાઈમલાઈટમાં રહેનારી ઉર્વશી હવે 1 મિનિટનાં 1 કરોડ રૂપિયા ચાર્જ કરવા લાગી છે. રિપોર્ટ્સ અનુસાર ઉર્વશી રૌતેલા બોયાપતિ શ્રીનુ-રામ પોથિનેનીની અપકમિંગ ફિલ્મમાં એક ડાન્સ કરવાની છે. કહેવામાં આવી રહ્યું છે કે આ સૉન્ગ 3 મિનિટનો રહેશે જેમાં પર્ફોર્મન્સ માટે ઉર્વશી 3 કરોડની માંગ કરી રહી છે. જો ઉર્વશીને આ પેમેન્ટ મળે છે તો એ બાદ તે દેશની સૌથી વધુ પેમેન્ટ લેનારી એક્ટ્રેસ બની જશે. માહિતી અનુસાર એક્ટ્રેસ ઉર્વશી રૌતેલા સાઉથ ઈન્ડિયાની મેગાસ્ટાર ચિરંજીવીની ફિલ્મ વાલ્ટેયર વીરય્યામાં ડાન્સ પર્ફોર્મન્સ આપવા માટે 2 કરોડ રૂપિયા ચાર્જ કરી રહી છે.

સાપ્તાહિક ગુજરાત વંદન gujaratvandan.com


### દૂધ સાગર ડેરીના પૂર્વ ચેરમેન સહિત 19 આરોપી દોષિત, વિપુલ ચૌધરીને 7 વર્ષની સજા

# દેશના ડેરી સેક્ટરના ઇતિહાસમાં પહેલીવાર કોઈ ચેરમેનને સજા ફટકારવામાં આવી

ગુજરાત | વંદન

ગુજરાતના અને કદાચ દેશના સહકારી ક્ષેત્રે એ પહેલી ઘટના હશે કે જેમાં કોઈ ડેરીના ચેરમેનને સજા ફટકારવામાં આવી હોય. એશિયાની બીજા નંબરની ગણાતી મહેસાણાની દૂધ સાગર ડેરીના ચેરમેન વિપુલ ચૌધરીને સાત વર્ષની સજા ફટકારવામાં આવતા સહકારી ડેરી સેક્ટરમાં અને રાજકીય ક્ષેત્રે પણ હલચલ મચી છે. કેમકે, ગુજરાત વિધાનસભાની ચૂંટણી વખતે વિપુલ ચૌધરીએ અર્બુદા સેના સંગઠન દ્વારા ચૂંટણી જંગના મેદાનમાં ઝપલાવ્યું હતું અને ભાજપની સામે મોર્ચો માંડ્યો હતો. શંકરસિંહ વાઘેલાની રાજપા સરકારમાં તેઓ ગૃહમંત્રી પણ હતા.મહેસાણાની દૂધસાગર ડેરીમાં સાગર દાણ કૌભાંડ મામલે દૂધ સાગર ડેરીના પૂર્વ ચેરમેન અને ગૃહમંત્રી વિપુલ ચૌધરીને મોટો ઝટકો લાગ્યો છે. મહેસાણા ચીફ કોર્ટે સાગરદાણ કૌભાંડ કેસમાં વિપુલ ચૌધરી સહિત 19 આરોપી દોષિત સાબિત થયા છે. જેમાંથી 15 આરોપીઓને 7 વર્ષની સજા ફટકારવામાં આવી છે. જ્યારે 4 આરોપીઓને શંકાનો લાભ મળતા તેમને અપીલ પિરિયડ સુધીમાં 50 હજારના જાત મુચરકાના જામીન પણ છોડવામાં આવ્યા છે. આ કેસમાં કુલ 22 લોકો આરોપી હતા જે પૈકી 3ના મૃત્યુ થયા છે. 2013ના વર્ષમાં રૂ.22.50 કરોડનું સાગરદાણ મહારાષ્ટ્રમાં મોકલાવ્યું હતું. 2014માં વિપુલ ચૌધરી સહિતના આરોપીઓ સામે ફરિયાદ નોંધાઈ હતી હતી. સાગરદાણ કૌભાંડમાં પૂર્વ ચેરમેન વિપુલ ચૌધરી સામે 21 હજાર પાનાની ...અનુસંધાન પેજ નં. 6 પર

## આરોપીઓના નામો....




વિપુલ માનસિંહભાઈ ચૌધરી (તત્કાલીન ચેરમેન), જલાબેન (પૂર્વ વાઈસ ચેરમેન), નિશિથ બક્ષી (પૂર્વ એમ.ડી.), પ્રથમેશ રમેશભાઈ પટેલ ( પૂર્વ એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર), રશ્મિકાંત મોદી (પૂર્વ એકાઉન્ટ હેડ), ચંદ્રિકાબેન, રબારી ઝેબરબેન, જોઈતા ચૌધરી, જયંતી ગિરધરભાઈ પટેલ, કરશન રબારી, જેઠાજી ઠાકોર, વીરેન્દ્રસિંહ ઠાકોર, ઈશ્વર પટેલ, ભગવાન ચૌધરી, દિનેશ દલજીભાઈ ચૌધરી.

## શંકરસિંહ અને મોઢવાડીયાએ કોર્ટમાં આપી હતી જુબાની

દૂધસાગર ડેરી સાગર દાણ કેસ મામલે વિપુલ ચૌધરી સામે મહારાષ્ટ્રમાં સાગરદાણ મોકલવા મામલે કેસ દાખલ કરવામાં આવ્યો હતો. આ કેસ હાલમાં મહેસાણા કોર્ટમાં ચાલી રહ્યો હતો. ગત વર્ષે આ કેસમાં શંકરસિંહ વાઘેલા અને અર્જુન મોઢવાડીયાને સાક્ષી તરીકે હાજર રહેવા સમન્સ ઈશ્યુ કરાયા હતા. શંકરસિંહ વાઘેલા અને અર્જુન મોઢવાડીયાએ વિપુલ ચૌધરીને એનડીડીબીના ચેરમેન બનાવવા ભલામણ પત્ર લખ્યા હતા. વિપુલ ચૌધરીએ મહારાષ્ટ્રને સાગર દાણ મોકલ્યું, એ જ અરસામાં શકરસિંહ વાઘેલા અને અર્જુન મોઢવાડીયાએ ભલામણ પત્ર લખ્યા હતા.

## શું છે સમગ્ર વિવાદાસ્પદ સાગર દાણ કેસ ?

સમગ્ર કેસની વાત કરીએ તો દૂધસાગર ડેરીમાંથી મહારાષ્ટ્રમાં સાગર દાણ મોકલવામાં આવ્યુ હતું. કોઈપણ મંજૂરી વિના આ સાગર દાણ મહારાષ્ટ્ર મોકલવામાં આવ્યુ હતું. મહારાષ્ટ્રની મહાનંદા ડેરીને સાગરદાણ મોકલવામાં આવ્યું હતું. જેના કારણે દૂધસાગર ડેરીને રૂપિયા 22 કરોડનું નુકસાન થયું હતું. મીડિયા રિપોર્ટ્સ અનુસાર વિપુલ ચૌધરીને એનડીડીબીના ચેરમેન બનવાની ઈચ્છા હતી. જેથી તત્કાલિન કૃષિમંત્રીને રિઝવવા સાગરદાણ મોકલાયાનો તેમના પર આરોપ હતો. તે સમયે તત્કાલિન કૃષિમંત્રી પદે શરદ પવાર સત્તામાં હતા. જીએમએમએફસીની મંજૂરી વિના જ સાગરદાણ મહારાષ્ટ્ર મોકલાયું હતું. દાણ મોકલવા મહારાષ્ટ્રમાં દુકાળનું કારણ આગળ ધરાયું હતું.ચૂંટણી લડી વિપુલ ચૌધરી દૂધસાગર ડેરીના ચેરમેન બન્યા હતા. જે પછી 17 ઓગસ્ટ 2018ના રોજ વિપુલ ચૌધરીને સમગ્ર સાગર દાણ કૌભાંડના જવાબદાર ઠેરવાયા હતા. જે પછી 30 દિવસમાં વિપુલ ચૌધરીને રકમ પરત કરવા આદેશ કરાયો હતો અને વિપુલ ચૌધરીને ડેરીની ચૂંટણી લડવા પર પ્રતિબંધ લગાવાયો હતો.જો કે પ્રતિબંધ હોવા છતાં વિપુલ ચૌધરી ડેરીની ચૂંટણી લડ્યા હતા. ચૂંટણી લડી વિપુલ ચૌધરી દૂધસાગર ડેરીના ચેરમેન બન્યા હતા. ભાજપમાં હતા ત્યારે વિપુલ ચૌધરી GMMFCના ચેરમેન પણ બન્યા હતા. જો કે ચેરમેન બન્યા બાદ તેમને હાઈકોર્ટના આદેશથી બરતરફ કરાયા હતા. વિપુલ ચૌધરી ભાજપની સરકારમાં ગૃહમંત્રી હતા. વિપુલ ચૌધરી ભાજપમાંથી વિધાનસભાની ચૂંટણી પણ લડ્યા હતા.

### ભાદરવી પુનમ મહામેળો -2023ની તડામાર તૈયારીઓ

# રાજ્યમાં 23 સપ્ટેમ્બરથી ગૂંજશે બોલમાડી અંબે જય-જય અંબે..






■ તા. 23 થી 29 સપ્ટેમ્બર, 2023 દરમિયાન અંબાજી ખાતે ભાદરવી પૂનમ મહામેળાનું આયોજન થશે

ગુજરાત | વંદન

બનાસકાંઠા જિલ્લામાં આવેલ વિશ્વપ્રસિદ્ધ માં અંબેના ધામ અંબાજી ખાતે દર વર્ષે આસ્થાના મહાકુંભ સમાન ભાદરવી પૂનમનો મહા મેળો યોજાય છે. જેમાં ગુજરાત અને દેશભરમાંથી શ્રદ્ધાળુઓ આ પવિત્ર દિવસોમાં અંબાના દર્શનાર્થે પધારે છે. આ દરમિયાન આવતા શ્રદ્ધાળુઓની યાત્રા સુખદ અને યાદગાર બની રહે એ માટે ગુજરાત સરકાર, બનાસકાંઠા જિલ્લા વહીવટીતંત્ર અને મંદિર ટ્રસ્ટ દ્વારા પ્રતિવર્ષ સુચારૂ આયોજન કરીને તમામ વ્યવસ્થાઓ કરવામાં આવે છે. આ વર્ષે આગામી તા. 23 થી 29 સપ્ટેમ્બર દરમિયાન અંબાજી ખાતે ભાદરવી પૂનમના મહામેળાનું આયોજન થનાર છે. જેમાં આગોતરા આયોજન માટે પ્રવાસન સચિવ હારિત શુક્લાની અધ્યક્ષતામાં વિવિધ વિભાગના અધિકારીઓની ઉપસ્થિતિમાં મીટીંગ મળી હતી.

હારિત શુક્લાએ જણાવ્યું હતું કે દર વર્ષે ભાદરવી પૂનમના મેળામાં આવતા ભાવિક ભક્તો માટે ખૂબ સારી વ્યવસ્થાઓ કરવામાં આવે છે. આ વર્ષે પણ આ સુવિધાઓમાં વધારો કરીને યાત્રાઓને મેળા દરમિયાન સુખદ અનુભવ થાય એવા પ્રયાસો કરવા તમામને જણાવ્યું હતું . તેઓએ કહ્યું હતું કે, દર વર્ષે મેળાનો વ્યાપ વધતો જાય છે અને એ જ રીતે વિશેષ વ્યવસ્થાઓ પણ કરવામાં આવે છે. તેઓએ દરેક વિભાગને કરવાની થતી વ્યવસ્થાઓ વિશે ચર્ચા કરી માર્ગદર્શન પુરું પાડ્યું હતું. જેમાં શ્રધ્ધાળુઓ માટે બસ વ્યવસ્થા, રોકાણ અને ભોજન વ્યવસ્થા, સ્વાસ્થ્ય સુવિધાઓ, સ્વચ્છતા, પાર્કિંગ, કાયદો-વ્યવસ્થા, ટ્રાફિક નિયમન, અંબાજી નગરમાં લાઈટિંગ, મંદિરમાં દર્શન વ્યવસ્થા, સુરક્ષા-સલામતી, પ્રચાર - પ્રસાર ...અનુસંધાન પેજ નં. 6 પર

# જય દ્વારકાધીશ, દ્વારકા મંદિરમાં પધારો પણ સંસ્કારી વસ્ત્ર ધારણ કરીને...!







■ શોપિંગ મોલમાં જતા હોય તેમ મંદિરમાં ટૂંકા અને ભડકાઉં વસ્ત્રો પહેરીને આવનાર પર પ્રતિબંધ

ગુજરાત | વંદન

સિનેમાહાઉસ- શોપિંગ મોલમાં ટૂંકા અને ભડકાઉં વસ્ત્રો પહેરીને મંદિરમાં જતા લોકો માટે હવે પ્રતિબંધ મૂકવામાં આવે છે. આગ્રા મથુરાની જેમ દ્વારકામાં જગતમંદિરમાં પણ ટૂંકા અને ભડકાઉ, ફાટેલી જીન્સ, બરમૂંડા-ચડ્ડાઓ પહેરીને પ્રવેશ પર પ્રતિબંધ મૂકાયો છે. માહિતી પ્રમાણે, જગત મંદિર દ્વારકામાં ભારતીય સંસ્કૃતિને અનુરૂપ મંદિરની ગરિમા જાળવવા માટે આ ખાસ નિર્ણય લેવામાં આવ્યો છે. ભાવિક ભક્તોની લાગણીઓને ઠેસ ના પહોંચે તે માટે આ મહત્વનો નિર્ણય લેવાયો હોવાનું સામે આવ્યુ છે. આ નિર્ણયના બૉર્ડ પણ લગાવવામા આવ્યા છે, જેમાં દર્શનાર્થીઓને સૂચન આપતાં ગુજરાતી-હિન્દી-અંગ્રેજીમાં બેનરો સામેલ છે.

તાજેતરમાં, આગ્રા-મથુરાના મંદિરોમાં આવતા ભક્તો માટે ડ્રેસ કોડ લાગુ કર્યા પછી, ઘણા જિલ્લાઓના મંદિરોમાં આવા નિયમો લાગુ કરવામાં આવી રહ્યા છે અને ભક્તોને મંદિરમાં હિન્દુ સંસ્કૃતિનું પાલન કરવા વિનંતી કરવામાં આવી રહી છે. તેમને યોગ્ય ડ્રેસ પહેરવા માટે કહેવામાં આવી રહ્યું છે. હવે હાપુડના પ્રસિદ્ધ મુક્તેશ્વર મહાદેવ મંદિરનું નામ પણ સામેલ છે, જ્યાં હવે ભક્તો માટે ડ્રેસ કોડ લાગુ કરવામાં આવ્યો છે. આ અંતર્ગત ફાટેલા જીન્સ, શોર્ટ્સ, ફ્રોક્સ અને નાઈટ સૂટ જેવા કપડા પહેરીને મંદિરમાં આવતા ભક્તોને પ્રવેશ આપવામાં આવશે નહીં.

ગઢ કે રાજા શ્રી મુક્તેશ્વર મહાદેવ મંદિર પ્રશાસન તરફથી મંદિરની બહાર અને અંદર પોસ્ટર લગાવવામાં આવ્યા છે, જેમાં ...અનુસંધાન પેજ નં. 6 પર

### દુબઈથી સોનાની દાણચોરી

## 80 લાખના મુદ્દામાલ સાથે નરોડા અને માણેકચોકના શખસની ધરપકડ

ગુજરાત | વંદન

ક્રાઈમબ્રાંચના સ્ટાફે રૂપિયા ૪૫ લાખની રોકડ અને ૫૪૮ ગ્રામ સોનાનો જથ્થો મળીને કુલ ૮૦ લાખની મત્તા સાથે બે વ્યક્તિને ઝડપીને દુબઈથી થતા દાણચોરીના મોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો હતો. પુછપરછમાં જાણવા મળ્યું હતું કે ઝડપાયેલી એક વ્યક્તિ તેની પત્ની સાથે દુબઈ ગયો હતો અને ત્યાંથી કરોડો રૂપિયાની કિંમતનું લિક્વીડ ગોલ્ડ લઈને મુંબઈ એરપોર્ટ આવ્યા હતા. પણ લાલચમાં આવીને સોનાની લૂંટ થવાની તરકટ રચીને સાથીદાર સાથે મળીને ૪૫ લાખમાં થોડું સોનું વેચી દીધું હતું અને બાકીનું વેચવાની ફિરાકમાં હતા. અમદાવાદ ક્રાઈમબ્રાંચે જીગ્નેશ રાઠોડ (રહે. સમોર હાઈટ્સ,નરોડા) અને કેતન સોની (માણેકચોક)ને પાંચ દિવસ પહેલા માણેક ચોક સાંકડી શેરીથી રૂપિયા ૪૫ લાખની રોકડ અને રૂપિયા ૩૨ લાખની કિંમતનું સોનું મળીને ૮૦ લાખની મત્તા સાથે ઝડપી લીધા હતા.

### ટ્રકમાં ચિક્કાર દારૂની પેટીઓ જ પેટીઓ, પોલીસના હોંશ ઉડ્યા, આટલો જથ્થો?

# પોલીસે દારૂની બોટલો ગણવાની શરૂઆત કરી ત્યારે આંકડો અધધ 27 હજારે પહોંચ્યો!

■ ટ્રક સહિત 56 લાખની કિંમતનો દારૂ અને મુદ્દામાલ જપ્ત

ગુજરાત | વંદન






ગુજરાતમાં નશાબંધી છતાં રોજે રોજ દેશી-વિદેશી દારૂ પકડાય છે. પરંતુ એક બાતમીના આધારે જ્યારે પોલીસે એક ટ્રકને આંતરી ત્યારે તેમના હોશ ઉડી ગયા હતા, તેઓ ચોંકી ઉઠ્યા હતા કેમ કે, આખી ટ્રકમાં દારૂ જ દારૂ હતી. અને જ્યારે એક પછી એક પેટીઓ ખોલીને ગણતરી શરૂ કરી તત્યારે આંકડો 27000 જઈને અટક્યો હતો. નજીકના ભૂતકાળમાં કદાજ ઈંગલિશ દારૂનો આટલો જથ્થો પહેલી વાર ઝડપાયો હશે.

વડોદરા જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાંચે બાતમીના આધારે વડોદરા-હાલોલ રોડ ઉપર આમલીયારા પાસે વોચ ગોઠવી રાજસ્થાનથી ટ્રકમાં લાવવામાં આવી રહેલો રૂપિયા 46.68 લાખની કિંમતનો ભારતીય બનાવટનો 870 પેટી દારૂ ઝડપી પાડ્યો હતો. પોલીસને દારૂની બોટલ ગણવામાં પરસેવો છૂટ્યો હતો. કારણ કે, 870 પેટીમાંથી 27 હજાર બોટલ નિકળી હતી અને તેને ગણવામાં જ એક કલાક લાગી હતી. પોલીસે ટ્રક ચાલકની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

વડોદરા જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાંચના પી.આઈ. કૃણાલ પટેલને માહિતી મળી હતી કે, રાજસ્થાનથી એક ટ્રક દારૂ ભરીને નીકળી છે અને આ ટ્રક હાલોલ થઈ વડોદરા તરફ જવાની છે. આ માહિતીના આધારે તેઓએ પીએસઆઈ પી.કે. ભુતને સુચના આપતા તેઓ તુરંત જ સ્ટાફની મદદ લઈ હાલોલ-વડોદરા હાઈવે ઉપર આમલીયારા ગામ પાસે વોચ ગોઠવી દીધી હતી.

દરમિયાન બાતમીવાળી ટ્રક આવતા જ રોકી હતી અને ટ્રકમાં તપાસ કરતા ટ્રકમાં ખીચોખીચ દારૂની પેટીઓ જોવા મળતા પોલીસ ચોંકી ઉઠી હતી. પોલીસે ટ્રક ચાલક પ્રકાશસિંહ પુનમસિંહ રાવત (રાજપુત) રહે. દોકુડી ભીમ થાણા, તા. ભીમ, જિલ્લો રાજસમદ, ...અનુસંધાન પેજ નં. 6 પર

# ઘોર કળજુગ : સગા પિતાએ સગી દિકરી પર નજર બગાડી, પોલીસે કરી ધરપકડ

■ વટવામાં પિતા અને પુત્રીના સંબંધને લાંછન લગાવતો કિસ્સો




ગુજરાત | વંદન

વટવામાં પિતા અને પુત્રીના સંબંધને લાંછન લગાવતો કિસ્સો સામે આવ્યો છે. જેમાં પિતાએ પોતાની 10 વર્ષીય પુત્રી પર નજર બગાડીને શારીરિક અડપલા કરીને છેડતી કરી હતી. જેમાં માતા બીજા બાળકને લઈને દવાખાને ગઈ હતી. ત્યારે પિતાએ એકલતાનો લાભ ઉઠાવ્યો હોવાનું સામે આવ્યું છે. પુત્રીએ માતાને જાણ કરતા માતાએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોધાવતા પોલીસે પિતાની ધરપકડ કરી હતી.

વટવામાં 10 વર્ષીય સગીરા પોતાના પરિવાર સાથે રહે છે. ગત 10 જુલાઈએ માતા સગીરાને પિતાની જોડે ઘરે મુકીને પોતાના બીજા બાળકને દવાખાને બતાડવા માટે ગઈ હતી. આ સમયે નરાધમ પિતાની નજર પોતાની પુત્રી પર બગડી હતી અને પુત્રીને શારીરિક અડપલા કરવાનું શરૂ કર્યુ હતુ. પુત્રીને સમજાયું નહોતું પરંતુ બાદમાં સમજાતા પુત્રીએ પ્રતિકાર કર્યો હતો. જેથી પિતાએ તેને ફટકારતા પુત્રી રડતી રડતી પાડોશીના ઘરે ભાગી ગઈ હતી.

જે બાદ પાડોશીએ સગીરાની માતાને ફોન કરીને તાત્કાલિક ઘરે ...અનુસંધાન પેજ નં. 6 પર

## શેઠ મંગળદાસ ટાઉન હોલ સાથે અ-મંગળ...?



અમદાવાદના નગરજનો એક સમયે શેઠ મંગળદાસ ટાઉનહોલમાં નાટક કે સાંસ્કૃતિક કાર્યક્રમો જોવા જવુ તેણે એક મોભાધાર રીત-રસમ માનવામાં આવતી હતી. વર્ષો બાદ નવા ઓડિટોરિયમ બન્યા અને ધીમે-ધીમે શેઠ મંગળદાસ ટાઉનહોલ વિસરાતુ ગયું... સમયના થપેડાની અસર આ ટાઉનહોલની દીવાલો પર પડી છે. ક્યાંક પેરાપીટ ટૂટી ગયી છે તો ક્યાંક જર્જરીત હોવાની ચાડી ખાતુ દર્ષ્ય જોવા મળે છે. આ ટાઉનહોલ એક ધરોહર સમાન છે. તેને સાચવી રાખવા માટે કોર્પોરેશન દ્વારા સમારકામ કે અન્ય બાબત હાથ ધરીને સાચવણી કરીશું તો આવનારી પેઢીઓ તેને જોવા માટે આવશે નહીંતર તસ્વીરમાં જોવા મળશે..! **તસ્વીર : મૌર્ય ભાગ્વાન**

## બહુચરાજીમાંથી નકલી માર્કશીટ બનાવતા 2ની ધરપકડ

ગુજરાત | વંદન

મહેસાણા જિલ્લાના બહુચરાજીમાંથી નકલી માર્કશીટ બનાવવાનું કૌભાંડ ઝડપાયુ છે. પોલીસ નકલી માર્કશીટ બનાવતા 2 આરોપીઓની ધરપકડ કરી છે. બહુચરાજીમાં ઝેરોક્ષની દુકાનમાં આ નકલી માર્કશીટ બનાવાતી હોવાનું સામે આવ્યુ છે. માત્ર રૂ.1500માં જ ડુપ્લીકેટ માર્કશીટ બનાવવાનું રેકેટ ઝડપાઈ ...અનુસંધાન પેજ નં. 6 પર




Venue
102, Arista Business Space 3, Sindhu Bhavan Marg, Opp. HOF Showroom, Ahmedabad, Gujarat 380054
Contact : +91 63573 63574
skincare for your hair
BOTANICAL | SULFATE & PARABEN FREE | CRUELTY FREE

### ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ દ્વારા ભાંડો ફોડવામાં આવ્યો

# અમદાવાદ એરપોર્ટ પર લોભિયા સ્ટાફની મદદથી સોનાની દાણચોરીનું ચાલી રહ્યું છે મસ્ત કૌભાંડ

■ એરપોર્ટ પર સ્મગલરો અમુક સ્ટાફને આપે દે છે સોનું, એક બનાવમાં મહિલાની હેન્ડબેગમાંથી થઈ સોનાની ચોરી

ગુજરાત | વંદન

ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI)ની ટીમે બેંગકોકથી અમદાવાદ જઈ રહેલા બે મુસાફરો પાસેથી 947 ગ્રામ સોનું જપ્ત કર્યું હતું. જેની માર્કેટમાં અંદાજિત કિંમત 58 લાખ રૂપિયા આસપાસ છે. અધિકારીઓએ આ અંગે વધુ તપાસ કરતા જાણવા મળ્યું કે એરપોર્ટ સ્ટાફની આ હેરાફેરીમાં સંડોવણી સામે આવી છે. અત્યારે આમાં સામેલ અધિકારીઓની ધરપકડ કરી દેવામાં આવી છે. તેમણે જણાવ્યું હતું કે બાતમીના આધારે કાર્યવાહી કરીને, DRI અધિકારીઓ બુધવારે બે મુસાફરોને ફોલો કરી રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે આ દરમિયાન અધિકારીઓને મોટી સફળતા મળી હતી. એટલું જ નહીં એરપોર્ટ સ્ટાફ કેવી રીતે ગોલ્ડ સ્મગલિંગમાં સંડોવાયેલો છે એ પણ સામે આવી ગયું હતું. જાણો કેવી રીતે DRIએ ભાંડો ફોડ્યો હતો.

અમદાવાદ એરપોર્ટ પર અત્યારે ગોલ્ડ સ્મગલિંગના કિસ્સાઓ સતત વધી રહ્યા છે. બુધવારે અમદાવાદ એરપોર્ટ પર ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (DRI)એ ત્યાં મોટુ ઓપરેશન પાર પાડ્યું હતું. બેંગકોકથી અમદાવાદ મુસાફરી કરી રહેલા 2 પેસેન્જર પાસે 58 લાખ રૂપિયાનું સોનું હોવાની બાતમી મળી હતી. DRIની ટીમ સતત એરપોર્ટ સ્ટાફ અને પેસેન્જરો પર નજર રાખીને બેઠી હતી. ત્યારે તેમની સામે એક ચોંકાવનારી ઘટના સામે આવી હતી. બેંગકોક ફ્લાઈટ પર નજર રાખીને બેઠેલી અધિકારીઓની ટીમને એ 2 શખસો મળી જ ગયા ...અનુસંધાન પેજ નં. 6 પર

## AMCમાં વિપક્ષના નેતાને બદલવા દિલ્હીમાં અસંતુષ્ટની રજુઆત

ગુજરાત | વંદન

અમદાવાદ મહાનગર પાલિકામાં વિપક્ષ નેતા બદલા માટે કોંગ્રેસના કેટલાક કોર્પોરેટરો આક્રમક મૂડમાં જોવા મળી રહ્યાં છે. AMC કોંગ્રેસ કોર્પોરેટરો વિપક્ષ નેતાની બદલી માટે દિલ્હીની મુલાકાતે પહોંચ્યા છે. 9 જેટલા કોર્પોરેટરે કેસી વેણુગોપાલ સાથે બેઠક કરી છે. વિપક્ષ નેતા શહેદાન ખાન પઠાણને બદલવાની કોંગ્રેસના 9 કોર્પોટરો માગ કરી રહ્યાં છે. જેમાં ઈકબાલ શેખ, રાજશ્રી કેસરી, નીરવ બક્ષી, હાજી મિર્ઝા સહિતના કોર્પોરેટરો દિલ્લી મુલાકાત પહોંચ્યા હતા.